# પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૭ ● અંક-૩ ● માર્ચ ૨૦૧૦ ● પાના ૩૬ ● કીમત રૂા.૧૦

## તીર્થંકર મહાવીર જન્મકલ્યાણક વિશેષ અંક

### જિન-વચન

### અહિંસા અને સમતા

एवं खु नाणिणो सारं जं न हिंसइ किंचण ।
अहिंसासमयं चेव एतावंत वियाणिया ।।

–सूत्र कृतांग – १-४- ७०

જ્ઞાની માણસોનું આ સારભૂત લક્ષણ છે કે તેઓ કોઈ પણ પ્રાણીની હિંસા ન કરે. એટલું જાણવું જોઈએ કે અહિંસા અને સમતા (સર્વ જીવો પ્રત્યે સમાનપણું) એ મુખ્ય ધર્મ છે.

ज्ञानी के लिए सारतत्त्व यही है कि वह किसी भी प्राणी की हिंसा न करे । अहिंसा और समता (सभी जीवों के प्रति समानता) इन्ही को मुख्य धर्म समझो ।

It is the essential characteristic of a wise man that he does not kill any living being. One should know that non-killing and equality of all living beings are the main principles of religion.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી)

## આચમન

### સંદર્ભસહિત અર્થને પામીએ

ચેલણા સૂતી હતી. કાતિલ ઠંડીની ઋતુ હતી. તેનો હાથ કામળાની બહાર રહી ગયો હતો. તે હાથ ઠંડો પડી ગયો. વચ્ચે આંખ ખૂલી. એકાએક એના મુખમાંથી ઉદ્‌ગાર નીકળી પડ્યો, 'તે શું કરતો હશે?' મગધ સમ્રાટ શ્રેણિકની ભ્રમર તંગ બની ગઈ. 'મહારાણી પોતાના કોઈ પ્રેમીને યાદ કરી રહી છે'-એમ સમજીને તેમનું મન શંકાઓથી ભરાઈ ગયું. તેમણે મહારાણીના મહેલને સળગાવી દેવાનો આદેશ આપી દીધો. અંતે રહસ્ય ખૂલ્યું. ચેલણાએ એ જ સાંજે એક મુનિને જંગલમાં ધ્યાન ધરતા જોયા હતા. પોતાના હાથને ઠંડો પડેલો અનુભવીને એકાએક તેના મુખમાંથી એવો ઉદ્‌ગાર સરી પડ્યો હતો કે, 'તે શું કરતો હશે?' આ સંદર્ભમાં એ વાક્ય બીજો અર્થ આપે છે. સંદર્ભ વગર કોઈ પણ વાક્યે જે અર્થ આપ્યો, તેણે શ્રેણિકને કોપાન્ધ બનાવી મૂક્યો. દેશ, કાળ અને સંદર્ભો વગર આગમોના અર્થને પકડવામાં કેવી મુશ્કેલી પેદા થાય છે એ વાત એ જ લોકો સમજી શકે છે જેણે તેના વિષે થોડું પણ ચિંતન કર્યું હોય. આપણા પ્રાચીન વ્યાખ્યાકારોએ આગમના એક પાઠના અનેક અર્થ રજૂ કર્યા છે. તેનો ચોક્કસ અર્થ આપવામાં તેઓ સ્વયં સ્પષ્ટ નહોતા. એવા અનેક આગમિક શબ્દો છે, જેમનો સ્પષ્ટ અર્થ આજે પણ પ્રાપ્ત નથી અને એવા પાઠ પણ છે જેમના માટે – 'તત્ત્વં પુનઃ કેવલિગમ્યમ્' કહીને જ છૂટી જવું પડે છે. આમ છતાં આગ્રહ એવો છે કે જાણે સઘળું સત્ય પ્રત્યક્ષ જ હોય. આવી પરિસ્થિતિમાં આપણે મહાવીર જયંતી ઉજવીને પણ તેમની વિજયપતાકા લહેરાવવાનો અધિકાર પામી શકતા નથી. તેમના વિભિન્ન રૂપોમાં એકતા પ્રગટાવી શકતા નથી. એ ત્યારે જ શક્ય છે કે જ્યારે આપણે મહાવીરને મહાવીરની દૃષ્ટિએ જ લોકોને જોવા દઈએ.

### પૂજાને બદલે

મારે કહેવું જોઈએ કે ન કહેવું જોઈએ-આપણે લોકો પૂજા કરવાનું સારી રીતે જાણીએ છીએ, પરંતુ જેની પ્રશંસા કરી રહ્યા છીએ, જેની સ્તુતિ કરી રહ્યા છીએ તેની વાત સ્વીકારવાનું બહુ ઓછું જાણીએ છીએ અથવા તો નથી જાણતા. જો મહાવીરની પૂજાને બદલે તેમની આજ્ઞાને માથે ચઢાવી હોત, તેમની વાત સ્વીકારીને ચાલ્યા હોત, તેમના પગલે પગલે ચાલ્યા હોત તો શું આજે જૈન સમાજમાં મંદિરોને કારણે જે સંઘર્ષ ચાલી રહ્યો છે તે ક્યારેય ચાલ્યો હોત ખરો? ધર્મના ક્ષેત્રમાં આટલો મોટો સંઘર્ષ! મહાવીરથી આ તદ્દન વિપરીત છે. હું જાણું છું કે મહાવીર મુક્ત છે, તેમનામાં રાગ-દ્વેષ નથી પરંતુ મહાવીર આજે વિદ્યમાન હોત તો તેઓ આ સંઘર્ષો જોઈને સઘળું છોડીને હિમાલયની કોઈ ગુફામાં જઈ બેઠા હોત, એકાન્તવાસ કરી દીધો હોત. પોતાને કારણે આવા સંઘર્ષો થાય એવું તેમણે ક્યારેય ઈચ્છ્યું ના હોત. આજે ઉપાશ્રયો, ધર્મસ્થાનોને કારણે વિવાદ છે, નાની-નાની માન્યતાઓને કારણે પણ વિવાદ છે. આ વિવાદોમાં મહાવીરને શોધવાનો પ્રયત્ન કેટલો સાર્થક થશે?

ચર્ચની સામે એક માણસ ઘણા સમયથી ઊભો હતો. તે માણસ કાળો હતો. ત્યાં કોઈક અજાણી વ્યક્તિ આવી. તેણે ફરિયાદ કરી કે કેટલા સમયથી હું અહીં ઊભો છું, મને કોઈ અંદર જવા નથી દેતું. આવનાર વ્યક્તિ બોલી, તમે ઓળખો છો કે હું કોણ છું? હું ઈસુ છું. મને પણ અંદર નથી જવા દેતા. તમને અંદર નથી જવા દેતા તો તેમાં આશ્ચર્યની વાત શી છે?

❑ **આચાર્ય મહાપ્રજ્ઞ**

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ |
|---|---|---|---|
| (૧) | મહાવીર માર્ગ : 'ઈણ અવસર મત ચૂક' | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | ભગવાન મહાવીરનું બુનિયાદી ચિંતન | ડૉ. જયકુમાર જલજ<br>અનુ. ડૉ. શેખરચંદ્રજી જૈન | ૫ |
| (૩) | મહાવીર કથા શા માટે? | — | ૧૨ |
| (૪) | ઉપાધ્યાય યશોવિજયજી રચિત શ્રી વર્ધમાન સ્વામી જિન-સ્તવન | સુમનભાઈ એમ. શાહ | ૧૩ |
| (૫) | તીર્થંકર ભગવાન મહાવીર વિશે પુસ્તકો | ડૉ. કુમારપાળ દેસાઈ | ૧૫ |
| (૬) | લોક વિદ્યાલય વાળુકડ (પાલીતાણા) ચેક અર્પણ કાર્યક્રમ | મથુરાદાસ ટાંક | ૨૨ |
| (૭) | આજીવન સભ્યોનો પૂરક રકમ માટેનો અદ્‌ભુત પ્રતિસાદ | — | ૨૪ |
| (૮) | જયભિખ્ખુ જીવનધારા-૧૬ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૬ |
| (૯) | શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૧૭ | પ. પૂ. આચાર્ય શ્રી વાત્સલ્યદીપ | ૨૯ |
| (૧૦) | એક જંગમ તીર્થનો યાત્રા અનુભવ | પારુલબેન ભરતકુમાર ગાંધી | ૩૨ |
| (૧૧) | અબુધ કોણ? | જિતેન્દ્ર એ. શાહ | ૩૩ |
| (૧૨) | જૈન પારિભાષિક શબ્દકોશ | ડૉ. જિતેન્દ્ર બી. શાહ | ૩૪ |
| (૧૩) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૨૫ |
| (૧૪) | પંથે પંથે પાથેય : હે રામ! | કન્ધી દવે | ૩૬ |



**'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી**

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરૂણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૦માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૭માં વર્ષમાં પ્રવેશ

**પ્રબુદ્ધ વાચકોને પ્રણામ**

**પૂર્વ તંત્રી મહાશયો**

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : ૫૭ ● અંક : ૩ ● માર્ચ ૨૦૧૦ ● વિક્રમ સંવત ૨૦૬૬ ● વીર સંવત ૨૫૩૬ ● ચૈત્ર સુદ –તિથિ-૧ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ●    ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## મહાવીર માર્ગ
## 'ઈણ અવસર મત ચૂક'

સિધ્ધ તીર્થ શત્રુંજયની તળેટીમાં આ જાન્યુઆરી માસમાં પૂ. જૈનાચાર્યો, મુનિ ભગવંતો અને બૌદ્ધ ધર્મગુરુ પૂ. દલાઈલામા સાથે ધર્મ ચર્ચા યોજાઈ ત્યારે 'વિશ્વશાંતિ' કઈ રીતે પ્રાપ્ત થઈ શકે એના ઉત્તરમાં દલાઈ લામાએ કંઈક એવું કહ્યું કે મનઃશાંતિથી જ વિશ્વશાંતિ પ્રાપ્ત થઈ શકશે. મનઃશાંતિ આ યાત્રાનું પ્રથમ ચરણ છે.

ભગવાન મહાવીરે આ મનઃશાંતિનો માર્ગ આપણને ૨૬૦૦ વર્ષ પહેલાં દર્શાવી દીધો છે.

મહાવીરને તીર્થંકર તરીકે પૂજતા પહેલાં એમને એક માનવ તરીકે પહેલાં ઓળખીએ.

બુદ્ધનો ગૃહત્યાગ એમણે જીવનમાં જોયેલ વિષાદોમાંથી જન્મ્યો હતો, અને આ વિષાદના કારણો શોધવા એ નીકળી પડ્યા.

બન્ને રાજાના પુત્રો હતા. એકે મહાભિનિષ્ક્રમણ કર્યું. બીજાએ સમજી વિચારીને તેમ જ પરિવારની સંમતિથી સંસાર ત્યાગ કર્યો અને બાર વર્ષથી વધુ ભ્રમણ કરીને જીવનના સત્યોની પ્રાપ્તિ કરી અને જગત શાંતિ માટે એ સત્યો એમણે વિશ્વને ચરણે ધરી દીધાં.

મહાવીર તપસ્વી અને જ્ઞાની હતા એ આ સત્યાનુભૂતિને કારણે, પરંતુ સર્વ પ્રથમ તો મહાવીર પરમ તેજસ્વી અને બુદ્ધિશાળી માનવી હતા. માનવ અને જગત સ્વસ્થતા તેમજ શાંતિથી રહે એ એમનો પ્રથમ ધ્યેય હતો. મહાવીર આપણા પહેલાં સમાજશાસ્ત્રી અને પહેલાં સામ્યવાદી પણ. સામ્યવાદ અને સમાજવાદનો સિદ્ધાંત સૌ પ્રથમ મહાવીરે જગત સમક્ષ મૂક્યો. વર્ણ વ્યવસ્થાનો છેદ કર્યો અને સર્વ ધર્મ સમભાવ અને સર્વમત આદર માટે સ્યાદ્‌વાદ અને અનેકાંતવાદનો ઉત્તમ અને અદ્વિતિય સિદ્ધાંત જગતને ચરણે ધર્યો.

સર્વ પ્રથમ એમણે 'અપરિગ્રહ'નો સિદ્ધાંત જગતને આપ્યો. બધી અશાંતિનું મૂળ કારણ પરિગ્રહ છે. એક વખત 'અપરિગ્રહ'નો આદર્શ જીવનમાં સ્થિર થાય પછી પાછળ અહિંસા, સત્ય, અને અચૌર્ય માત્ર ચાલ્યા આવે જ નહિ, વળગતા આવે. 'મારી જરૂરિયાત ઉપરાંત વિશેષ મારે જોઈતું જ નથી તો પછી શું મેળવવા માટે હું કોઈની હિંસા કરું ? શા કાજે અસત્ય વદુ કે કોઈનું કાંઈ પડાવી લઉં ?' આવા વિચારવાળી વ્યક્તિમાં શાંતિ આપોઆપ સમાધિસ્થ થઈ જાય; આ મનઃશાંતિ.

માત્ર અપરિગ્રહથી તો વ્યક્તિને પોતાની સ્વસ્થતાની પ્રાપ્તિ થઈ પણ સમાજ વ્યવસ્થાનું શું ? એટલે મહાવીરે કર્મ સિદ્ધાંત આપ્યો. પ્રત્યેક ચેતનાનો નિયામક કર્મવર્ગણા છે એમ કહી કર્મ નિર્જરા, કર્મ રજકણો, વગેરે કર્મ સિદ્ધાંતોનો વિશાળ પટ તે ૧૪ ગુણસ્થાનો સુધી વિસ્તારી આપણને આપી આ કર્મવાદને સૂક્ષ્મતાથી કાંત્યો અને કર્મશૂન્યતા સુધી યાત્રા કરાવી 'જીવન મુક્ત' કે 'મોક્ષ'ના દર્શનનો માર્ગ દર્શાવ્યો. જેવું કરશો એવું ભોગવશો – આ જન્મમાં

આ અંકના સૌજન્યદાતા :
**ડૉ. માણેકલાલ એમ. સંગોઈ**
સ્મૃતિ : પૂ. માતુશ્રી દેવકાબેન અને
પિતાશ્રી મગનલાલ હિરજી સંગોઈ

નહિ તો પુનઃ જન્મમાં તો અવશ્ય એ ભોગવવું પડશે જ. આ 'ભય'થી સામાન્ય માણસ અવ્યવસ્થિત થતા અને શોષણખોર થતા બચ્યો અને સમાજ જીવનમાં સરળતા, શાંતિ અને શિસ્તના નિયમોની સ્થાપના થતી રહી એટલે 'મોક્ષ'ના માર્ગદર્શનની પહેલાં મહાવીરે સમાજ, માનવીય સંબંધો અને સંવેદનાને પ્રથમ પ્રાધાન્ય આપ્યું. મહાવીર આ રીતે સમાજશાસ્ત્રી ઉપરાંત મનોવિશ્લેષક પણ હતા.

આ અપરિગ્રહ એટલે જ મૂડીવાદનો અંત. કાર્લ માર્ક્સે જે આક્રોશથી કહ્યું એ જ મહાવીરે વરસો પહેલાં માનવ સમાજને શાંતિથી આગમવાણી દ્વારા સમજાવ્યું. જે સમાજનો માનવી અપરિગ્રહી હશે એ સમાજમાં શાંતિ અને મન સમૃદ્ધિ હશે. એ સમાજને ક્યારેય મંદીની અગ્નિમાં તપવું કે તડફડવું નહિ પડે. કોઈ પણ વ્યક્તિ ભૂખ્યું નહિ સૂએ. અપરિગ્રહથી વ્યક્તિની મનઃશાંતિ અનેકોની મનઃશાંતિની દિશા બની જશે.

પરંતુ વર્તમાનમાં તો આ મનઃશાંતિ માટે લગભગ દિશા જ બદલાઈ ગઈ છે. મંદિરો અને ધર્મસ્થાનકોમાં જ મનઃશાંતિ પ્રાપ્ત થાય એવી માન્યતા દૃઢ થતી ગઈ. યેન કેન પ્રકારે ધન સંચય કરી એ ધન સંચયથી આવા સ્થાનકોનું જ નિર્માણ કરવું અને એ ધન સંચયમાં પોતાની સલામતી શોધી, એ ધન સંચયથી અન્યના પરિશ્રમથી ઉત્પન્ન થતા ધનને ભોગવવું–વ્યાજ પ્રવૃત્તિ–અને પોતે પુરુષાર્થ વિહિન બની કહેવાતો સાધના માર્ગ સ્વીકારી મનઃશાંતિ શોધવા નીકળી પડવું એવી વર્તમાનમાં તો જાણે એક 'ફેશન' બની ગઈ છે. આવા નિવૃત્ત સાધકોની સંખ્યામાં આજે દિનપ્રતિદિન વધારો થતો જાય છે એ સારું તો છે જ , પરંતુ આત્મદર્શનની ઝંખના સાથે આત્મમંથન પણ એટલું જ જરૂરી છે. મંથન હશે તો જ સત્યનું નવનીત પ્રાપ્ત થશે.

વારે વારે કહેવામાં આવે કે, 'તમે કુટુંબ, સમાજ માટે ઘણું કર્યું, હવે બધું છોડો અને પોતાના આત્માનું વિચારો.' શું આ સત્ય છે ? મહાવીરે કહ્યું છે કે 'પરસ્પરોપગ્રહો જીવાનામ્'–જીવન એકમેકના આધાર ઉપર નિર્ભર છે. મહાવીરે કર્મ-પુરુષાર્થ વિહિન જીવનના વિચારો ક્યારેય નથી આપ્યા. જન્મથી જીવન અને મૃત્યુ સુધી માનવ પરસ્પર ઉપકારોથી જીવન જીવે છે, પ્રત્યેક પળે એ કોઈ ને કોઈનો ઋણી બનતો જાય છે. એટલે પળે પળ એને આ ઋણમુક્ત થવાનું છે અને એટલે જ આ પળેપળની ઋણમુક્તિ માટેનો પુરુષાર્થ અને કર્મ એજ સાચી આત્મસાધના છે, આત્મકલ્યાણ છે. આ કર્મમાં રહીને જ અકર્મભાવ પ્રાપ્ત કરતા કરતા જ ૧૪ ગુણસ્થાનને પામવાના છે, નિવૃત્તિમાં પ્રવૃત્તિમય રહેવાનું છે.

**અહિંસા ગ્રામ**

ઉપર જણાવેલ એવા ઘણાં નિવૃત્તિધામ-સાધનાધામ-મંદિરો, અને ઉપાશ્રયોના શુભ્ર આંદોલનોના અનુભવ પ્રાપ્ત કરવાનું સદ્ભાગ્ય મળ્યું છે, પરંતુ હમણાં ૨૦મા જૈન સાહિત્ય સમારોહ પ્રસંગે રતલામ જવાનું થયું ત્યારે એક અદ્ભુત 'સ્થળ'ના દર્શન કરવાનો લહાવો મળ્યો. મહાવીરના માર્ગની ચેતનાની ત્યાં અનુભૂતિ થઈ. પરંતુ આ કોઈ સાધના મઠ કે મંદિર ઉપાશ્રય ન હતા.

અહીં મહાવીર અને ગાંધી વિચારનું આ ગ્રામમાં વિસ્તરણ હતું.

રતલામના એક જૈન ઉદ્યોગપતિ અને 'ચેતના' અખબારના માલિક ચૈતન્ય કાશ્યપજીએ અહીં મહાવીર-ગાંધીના સામાજિક ઉત્થાનની દૃષ્ટિ અંતરમાં ભરી, અને 'ગરીબી સે મુક્તિ, વિકાસ કી યુક્તિ'ના વિચારને કેન્દ્રમાં રાખી અઢી એકરની જગ્યામાં એક અનોખા ગ્રામનું નિર્માણ કર્યું. – 'ગરીબી હટાવો'ના નારા તો આપણે બહુ સાંભળ્યા, એમાં ગરીબો હટ્યા અને નવા રાજકરણી અને શ્રીમંત ઉદ્યોગપતિ પેદા થયા.

આ અઢી એકરની વિશાળ જગ્યામાં એકસો બે ઓરડાવાળા નાના ઘરો છે. અહીં ૪૦ વિવિધ ધર્મોના ૪૫૦ ગરીબીની રેખા નીચેના લોકો એક સાથે સંપથી રહે છે. ૩૫ થી ૪૦ની વયના બે બાળકો હોય એવા કુટુંબને જ ધર્મ-જાતના ભેદભાવ વગર અહીં પ્રવેશ અપાય છે. આ બધાને નિઃશુલ્ક આવાસ અપાયા છે, પરંતુ એ કુટુંબ માટે આ કાયમી આવાસ નથી, રોજગારીમાં સ્થિર થાય, પોતાના પુરતું કમાતા થાય એટલે આ સજ્જ કુટુંબો સમાજ પ્રવાહમાં ભળી જાય છે અને એ કુટુંબના સ્થાને નવા ગરીબ કુટુંબને પ્રવેશ અપાય છે. અહીં ગરીબને આવકાર છે, ગરીબીને જાકારો છે, પુરુષાર્થની પૂજા છે અને સ્વમાનને સન્માન અપાય છે તેમ જ પ્રમાણિકતાની આરતી ઉતારાય છે. આ ગ્રામના પુરુષો રોજી કમાવવા શહેરમાં જાય ત્યારે તેમના મહિલા સભ્યોને ગ્રામ ઉદ્યોગ, જેવા કે શિવણ, અગરબત્તી, સાબુ વગેરે ગૃહ ઉદ્યોગ શિખવાડાય છે અને એ ચીજોનું વેચાણ પણ અહીં થાય છે. સવા કરોડના ખર્ચે નિર્માણ થયેલા આ અહિંસા ગ્રામનું સર્જન ૨૦૦૫માં થયું.

અન્ય ધર્મ સ્થાનોની જેમ આજે સમાજને આવા 'અહિંસા ગ્રામ'ની વિશેષ જરૂર છે, એના સર્જકને આવા નિર્માણથી અવશ્ય મનઃશાંતિ પ્રાપ્ત થઈ હશેજ, કારણ કે અમને જોનારને તો પ્રસન્નતા અને મનઃશાંતિનો અનેરો અનુભવ થયો જ.

આ મહાવીર માર્ગ છે. અહીં મહાવીર છે, અહીં ગાંધી વિચારની સુવાસ છે.

મહાવીર જન્મ કલ્યાણક દિવસે આપણે અપરિગ્રહ અને આવા જગતકલ્યાણના મહાવીર માર્ગને યાદ કરીએ તો મનઃશાંતિથી જગત શાંતિની યાત્રાનો માર્ગ આપોઆપ પ્રાપ્ત થઈ જાય.

મા શારદા સર્વે શક્તિમાનોને આ શુભ વિચારને આચારમાં પરિણમાવવાની શુભ બુદ્ધિ આપો અને આવાં ઘણાં 'અહિંસા ગ્રામો'નુ સર્જન થાવ.

❑ **ધનવંત શાહ**

• ૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫/–(U.S. $ 15) • ૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦/–(U.S. $ 40) • ૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦/–(U.S. $ 65)
• ૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦/–(U.S. $120) • કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/–(U.S. $ 150)

# ભગવાન મહાવીરનું બુનિયાદી ચિંતન

**❑ લેખક: ડૉ. જયકુમાર જલજ, અનુ. : ડૉ. શેખરચંદ્રજી જૈન**

*(ભગવાન મહાવીરના ૨૬૦૦મા જન્મોત્સવ પ્રસંગે મધ્યપ્રદેશની રાજ્ય સમિતિએ 'ભગવાન મહાવીર કા બુનિયાદી ચિંતન' એ હિન્દી પુસ્તિકાનું પ્રકાશન કર્યું હતું. ભગવાન મહાવીરના ચિંતનના મર્મજ્ઞ અને વિખ્યાત સાહિત્યકાર, પ્રાધ્યાપક ડૉ. જયકુમાર જલજે આ પુસ્તિકાનું સર્જન કર્યું. આ પુસ્તિકાની અનેક આવૃત્તિઓ પ્રગટ થઈ તેમજ આ પુસ્તિકાનો અંગ્રેજી, ઉર્દુ, સિંધી, મરાઠી, કન્નડ અને ગુજરાતી ભાષામાં અનુવાદ થયો અને એ ભાષાની પણ ઘણી આવૃત્તિ થઈ. મૂળ પુસ્તિકા ૩૦ પાનાની છે, અહીં તો માત્ર થોડાં અંશો જ પ્રગટ કર્યા છે. ડૉ. જયકુમાર જલજ અને ડૉ. શેખરચંદ્રજીનો ઋણ સ્વીકાર કરીએ છીએ.* **—તંત્રી** )

મહાવીરનો જન્મ ઈ. પૂ. ૫૯૯ (599 BCE) શનિવાર ૧૯ માર્ચ વર્ષમાં ચૈત્ર માસ, શુકલ પક્ષ, ત્રયોદશી તિથિ, મધ્યરાત્રિએ બિહાર પ્રાન્તના વૈશાલી પાસેના કુંડગ્રામમાં થયો. કુંડગ્રામ જ્ઞાતૃ ક્ષત્રિયોનું ગણરાજ્ય હતું. મહાવીરના પિતા રાજા સિદ્ધાર્થ તેના ગણ પ્રમુખ હતા અને માતા ત્રિશલા જેઓનું એક નામ પ્રિયકારિણી હતું તેઓ વૈશાલી ગણરાજ્યના લિચ્છવી વંશના મહામાન્ય રાષ્ટ્રાધ્યક્ષ ચેટકના બહેન કે પુત્રી હતા. પુત્રના ગર્ભમાં આવતાની સાથે જ રાજ્યમાં ધન-ધાન્યની વૃદ્ધિ થવા લાગી. માટે તેમના પિતાએ તેમનું નામ વર્ધમાન રાખ્યું. વળી નાનપણથી જ બુદ્ધિની નિર્મળતા અને અનેક વીરતાપૂર્ણ કાર્યોને કારણે વર્ધમાનને 'સન્મતિ' અને 'મહાવીર'થી સંબોધવા માંડ્યા.

મહાવીરને લોકતંત્ર અને ગણતંત્રની વિચારસરણી સંસ્કાર તો તેમના માતા-પિતા દ્વારા વારસામાં મળ્યા જ હતા પણ પોતે પણ તે પ્રમાણેના ગણરાજ્યોના ખુલ્લા અને ખીલેલા વાતાવરણમાં મોટા થયા હતા.

મહાવીરના જીવનમાં કોઈ રઘવાયાપણું નથી. તેમના જીવન સાથે સંકળાયેલી ઘટનાઓ પ્રમાણિત કરે છે કે તેમનું જીવન દોડધામ વાળું નહિ પણ વિચારવંત, શાંત, તટસ્થ અને વસ્તુને કોઈ પણ પૂર્વાગ્રહ વગર સમજવા માટે પ્રસ્તુત રહ્યું છે. ગ્રહણ કરવાની ભાવુક ઉતાવળ પણ નહિ અને છૂટી જવાનો કોઈ પશ્ચાતાપ પણ નહિ. જીવનમાં કોઈ નાટકપણું નહિ, કોઈ તમાશો નહિ. તેઓનું જીવન એક મેદાની નદીની જેમ શાંત વહેણ જેવું હતું.

માટે ત્રીસ વર્ષની ઉંમરે મહાવીરનું સંન્યાસ ગ્રહણ કોઈ અશ્રુભરેલી કે તાત્કાલિક ઘટનાનું પરિણામ નથી. બલ્કે તે ચિંતન-મનનની લાંબી પ્રક્રિયાનું પરિણામ રહ્યું હશે.

શ્વેતાંબર માન્યતા છે કે તેઓ પરણેલા હતા. જ્યારે દિગમ્બર માન્યતા છે કે તેઓએ લગ્ન કર્યા ન હતા. શ્વેતાંબર મતાનુસાર જ્યારે તેઓ ૨૭ વર્ષના હતા ત્યારે તેમના મા-બાપનું દેહાવસાન થયેલું. તેઓ હવે અપેક્ષાકૃત સ્વતંત્ર થયા. ભાઈ પાસેથી આજ્ઞા માંગી. તેમનો સંકોચ જોઈ રોકાઈ રહ્યા. દિગંબર મતાનુસાર છેવટે માતા-પિતા સહિત સહુની આજ્ઞા લઈ ઘરેથી નીકળી પડ્યા. સાડાબાર વર્ષ સુધી મૌન તપસ્યા કરતા રહ્યા અને માત્ર ચિંતન તથા ધ્યાનથી તેઓએ સત્યની પ્રાપ્તિ કરી. ૫૫૭ ઈ. પૂ. ૧૩ ઑક્ટોબર, બુધવાર, વૈશાખ શુક્લ ૧૦મીના દિવસે બિહાર પ્રદેશના જૃંભક ગામની ઋજુકૂલા નદીના કિનારે શાલવૃક્ષની નીચે આ ઘટના ઘટિત થઈ. ત્યાર પછી સૌ તેઓને સર્વજ્ઞ કહેવા લાગ્યા. જ્ઞાન અને ચિંતનના પગે યાત્રા કરવાને કારણે તેમના વિચારો અને નિષ્કર્ષોના પાયા ખૂબ જ મજબૂત, ઊંડા અને સર્વકાલિક છે.

મહાવીરની તપસ્યાએ તેમની સમક્ષ આ પાયાનું સત્ય પ્રકટ કર્યું કે પદાર્થ/વસ્તુ/દ્રવ્ય કે સત્ મહાન છે. માટે પછી તે જીવન હોય કે અજીવ તેઓની સાથે સન્માનની દૃષ્ટિથી જોવું જોઈએ. આ અદ્ભુત અનુભવની અસાધારણતા માત્ર આટલી વાતથી સમજી શકાય છે કે આને સમજવા માટે વિજ્ઞાનને લગભગ ૨૫૦૦ વર્ષનો સમય લાગ્યો. ૨૦મી શતાબ્દીમાં આઈન્સ્ટાઈનના માધ્યમથી આને સમજી શકાયું. આને સમજવા માટે રાજનીતિ શાસ્ત્રને લગભગ સવા બે હજાર વર્ષ સુધી પ્રતીક્ષા કરવી પડી. ફ્રાન્સની ક્રાંતિ વખતે જ તે સમજી શકાયું. જોકે આઈન્સ્ટાઈન મૂળભૂત રીતે માત્ર જડ પદાર્થોના સંદર્ભે ફ્રાન્સની ક્રાંતિ તેને માત્ર માનવીય સંદર્ભોમાં જ સમજી શક્યા. જ્યારે મહાવીરે આનો સાક્ષાત્કાર સંપૂર્ણ જડ-ચેતનના સંદર્ભે કર્યો. તેઓએ માત્ર માનવાધિકાર અથવા પ્રાણીઓના અધિકારની જ નહિ પણ સંપૂર્ણ જડ-ચેતનના અધિકારોની ચિંતા કરી.

પોતાના પર્યાવરણ, જળ, જંગલ, જમીન વગેરેની રક્ષા માટે ચિંતિત વિશ્વને આ જાણીને સુખદ આશ્ચર્ય થશે કે મહાવીર આ બધાને નિર્જીવ નહિ-પણ સજીવ માને છે. મહાવીરની દૃષ્ટિમાં સંસારના પ્રાણીઓ બે પ્રકારના છે-ત્રસ

**શ્રમણ ભગવાન મહાવીરના પાંચ કલ્યાણકો**

| | | |
|---|---|---|
| (૧) ચ્યવન કલ્યાણક | અષાઢ શુદિ ૬ | બ્રાહ્મણકુંડગ્રામ નગર |
| (૨) જન્મ કલ્યાણક | ચૈત્ર શુદિ ૧૩ | ક્ષત્રિયકુંડગ્રામ નગર |
| (૩) દીક્ષા કલ્યાણક | કાર્તિક વદિ ૧૦ | ક્ષત્રિયકુંડગ્રામ નગર |
| (૪) કેવલજ્ઞાન કલ્યાણક | વૈશાખ શુદિ ૧૦ | ઋજુવાલિકા નદીના કિનારે શાલવૃક્ષ |
| (૫) નિર્વાણ કલ્યાણક | આસો વદિ ૦)) | પાવાપુરી |

અથવા જંગમ અને સ્થાવર. શંખ, કીડી, ભ્રમર અને પશુ / માણસ અનુક્રમે બે, ત્રણ, ચાર અને પંચેન્દ્રિય ત્રસ જીવ છે.

સ્થાવર જીવોને પણ કષ્ટ આપવો, તેનો અપવ્યય કરવો, તેનો જરૂરીયાત વગર ઉપભોગ કરવો-મહાવીરની દૃષ્ટિમાં હિંસા છે. ધીરે ધીરે હવે વૈજ્ઞાનિક પ્રયોગ પણ આનો સ્વીકાર કરવા લાગ્યા છે કે આ સર્વેમાં જીવોની સ્થિતિનો સ્વીકાર કરવા બાબતે મહાવીરની દૃષ્ટિ ખોટી નથી.

મહાવીરની સર્વજ્ઞતાનો અર્થ એ છે કે તેઓ વસ્તુઓના પારસ્પરિક વ્યવહારના એવા માપદંડો નક્કી કરી શક્યા જેનાથી માનવીના વ્યક્તિત્વના વિકાસના દ્વાર ખુલે છે. આ જ્ઞાનથી તે અનેકાંત, સ્યાદ્વાદ, અહિંસા, અપરિગ્રહ વગેરે સત્યોને જોઈ-સમજી શક્યા અને આનાથી જ માનવીના આચરણમાં સહિષ્ણુતા અને પર-સમ્માનની ભાવનાને રેખાંકિત કરી શક્યા.

તેઓ દૃષ્ટિ સમ્પન્ન બન્યા હતા. દૃષ્ટિ સમ્પન્ન વ્યક્તિ ચારે બાજુ (સર્વ દિશા) જોઈ શકે છે. મહાવીર માટે સર્વ દિશામાં જોવાનું સંભવ બન્યું. આધુનિક યુગમાં આવી સર્વજ્ઞતાની આછી ઝલક આપણને મહાત્મા ગાંધીમાં જોવા મળે છે.

વસ્તુના અનેક ગુણધર્મો છે. જેમકે ચેતન વસ્તુ (જીવ-આત્મા)માં જ્ઞાન, દર્શન, સુખ વગેરે અચેતન વસ્તુમાં રૂપ, રસ, ગંધ વગેરે.

સંસારમાં રહેલી અનંત વસ્તુઓની સાપેક્ષતાને કારણે વસ્તુના અનંત અંત અર્થાત્ ધર્મના પક્ષ છે, જેમ કે એક વ્યક્તિ પિતાની અપેક્ષાએ પુત્ર છે તો પુત્રની અપેક્ષાએ તે પિતા પણ છે. જેને અમે પિતા કહી રહ્યા છીએ તે પોતાની બહેનની દૃષ્ટિએ ભાઈ છે. શું આપણે કહીશું કે બહેન દ્વારા કરવામાં આવેલ સંબોધન ભાઈ બરાબર નથી? વિરોધી દૃષ્ટિકોણથી વસ્તુમાં જે ધર્મ દેખાઈ રહ્યો છે તે પણ વસ્તુમાં જ રહેલો છે. વિવાદ વસ્તુમાં નથી, જોનારાની દૃષ્ટિમાં છે. આપણે આગ્રહપૂર્વક કેમ કહી શકીએ કે આપણને જે દેખાય છે તે જ સાચું છે! બીજાની દૃષ્ટિનો તિરસ્કાર અને પોતાની દૃષ્ટિનો અહંકાર વસ્તુ સ્વરૂપની ગેરસમજને કારણે જ આપણામાં ઉત્પન્ન થાય છે. માટે જ મહાવીર વિરોધી વિચારો તેમજ દૃષ્ટિ વિષે એક સહિષ્ણુતાપૂર્ણ હાંસિયા (પૂર્વાગ્રહ)ને છોડવાની અને અનેકાંત દૃષ્ટિની હિમાયત કરતા હતા. આ શોધને એટલી તો આધારભૂત માનવામાં આવી કે પરવર્તી કાળમાં મહાવીરનું સંપૂર્ણ ચિંતન અને દર્શન અનેકાંતવાદ નામે પ્રસિદ્ધ થયું.

વસ્તુ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય યુક્ત છે. અર્થાત તેમાં પ્રત્યેક ક્ષણે કાંઈક વૃદ્ધિ કે પ્રત્યેક ક્ષણે કમી થયા કરે છે. છતાં કાંઈક છે જે સ્થિર રહે છે. નવું પાણી આવવાથી અને જૂના પાણીનો નિકાલ થવાથી નદી ક્ષણ–ક્ષણે બદલાતી રહે છે. પણ આ પરિવર્તનના પ્રત્યેક ક્ષણમાં તે તેની તે જ રહે છે. ગંગા આજે પણ ગંગા જ છે.

વસ્તુ સ્વતંત્ર છે. તે પોતાના પરિણામી સ્વભાવને કારણે સ્વયં જરૂર બદલાય છે પરંતુ તેના પોતાના ક્ષેત્રાધિકારમાં કોઈની ડખલગીરી થઈ શકે નહિ.

વસ્તુ નાની હોય કે મોટી, જડ હોય કે ચેતન તે એટલી વિરાટ છે કે આપણે તેની સંપૂર્ણતાને એક સાથે (યુગવત) જોઈ પણ નથી શકતા. આઈસબર્ગ જળની સપાટીએ જેટલું દેખાય છે તેના કરતા વધુ વિશાળ હોય છે. તેનો અધિકાંશ ભાગ સપાટીની નીચે હોય છે. ફક્ત દૃશ્ય ભાગને જોઈને તેને ટક્કર મારવાવાળું જહાજ તેની સાથે અથડાઈને ખંડ ખંડ થઈ શકે છે. એ જ સ્થિતિ દરેક વસ્તુની છે. તે આઈસબર્ગની જેમ છે.

મહાવીરના ચિંતનના સંદર્ભે સ્યાદ્વાદ શબ્દનો પણ ખૂબ જ પ્રયોગ થાય છે. પણ, સ્યાદ્વાદ વસ્તુનું સ્વરૂપ નથી. તે અનેકાંતનો ભાષિત પ્રતિનિધિ છે. વિચારના ક્ષેત્રમાં જે અનેકાંત છે અભિવ્યક્તિ અને વાણીના ક્ષેત્રમાં તે સ્યાદ્વાદ છે. હકીકતે વસ્તુને આપણે જેટલી પણ જોઈ અને જાણી શકીએ છીએ, તેનું વર્ણન તેનાથી ઘણું ઓછું કરી શકીએ છીએ. અમારી ભાષા, અમારી દૃષ્ટિની સરખામણીમાં વધુ અસમર્થ છે. તે વસ્તુના વ્યક્તિત્વ (સ્વરૂપ)ને તેની સંપૂર્ણતામાં વ્યક્ત કરી શકતી નથી. તેને અપૂર્ણ અને અયથાર્થ રૂપે જ વ્યક્ત કરે છે. સ્થૂણા (ખંભા) શબ્દની વ્યુત્પત્તિ સ્થા (ઊભા રહેવું) ધાતુથી છે. એટલે જે ઊભો છે તે સ્થૂણા છે. ઘણા વખત પહેલા નિરુક્તકાર

**શ્રમણ ભગવાન મહાવીરના ૨૭ ભવ**

૧. ભવ નવસાર ગ્રામમુખી
૨. ભવ સૌધર્મ દેવલોકમાં દેવ
૩. ભવ મરીચિ રાજકુમાર
૪. ભવ પાંચમા બ્રહ્મલોકમાં દેવ
૫. ભવ કૌશિક બ્રાહ્મણ
૬. ભવ પુષ્પમિત્ર બ્રાહ્મણ
૭. ભવ સૌધર્મ દેવલોકમાં દેવ
૮. ભવ અગ્નિદ્યોત બ્રાહ્મણ
૯. ભવ ઈશાન દેવલોકમાં દેવ
૧૦. ભવ અગ્નિભૂતિ બ્રાહ્મણ
૧૧. ભવ સનત્કુમાર દેવલોકમાં દેવ
૧૨. ભવ ભારદ્વાજ બ્રાહ્મણ
૧૩. ભવ માહેન્દ્ર દેવલોકમાં દેવ
૧૪. ભવ સ્થાવર બ્રાહ્મણ
૧૫. ભવ બ્રહ્મદેવલોકમાં દેવ
૧૬. ભવ વિશ્વભૂતિ રાજકુમાર અને સંયમની આરાધના તેમજ નિયાણું
૧૭. ભવ શુક્રદેવલોકમાં દેવ
૧૮. ભવ ત્રિપૃષ્ઠ વાસુદેવ
૧૯. ભવ સાતમી નરક
૨૦. ભવ સિંહ
૨૧. ભવ ચોથી નરક
૨૨. ભવ વિમલ રાજકુમાર અને સંયમ ગ્રહણ
૨૩. ભવ પ્રિયમિત્ર ચક્રવર્તી અને ચારિત્ર ગ્રહણ
૨૪. ભવ મહાશુક્ર નામના દેવલોકમાં દેવ
૨૫. ભવ નંદન રાજકુમાર, ચારિત્ર ગ્રહણ અને તીર્થંકરનામ-કર્મનો નિકાચિત બંધ
૨૬. ભવ પ્રાણત નામના દશમા દેવલોકમાં દેવ
૨૭. ભવ શ્રમણ ભગવાન મહાવીર

યાસ્કે તર્ક આપેલું કે જો થાંભલા ને ઊભા રહેવાને કારણે સ્થૂણા કહેવાય છે તો પછી તે ખાડામાં દાટેલો હોય તો દરશયા (ખાડામાં ખૂંપેલો) અને બળિયો ને સંભાળવાને કારણે સજ્જની (બળિયોને સંભાળનાર) પણ કહેવું જોઈએ.

મહાવીરની સ્યાદ્વાદ, અહિંસા, અપરિગ્રહ વગેરેની સમસ્ત અવધારણાઓ અનેકાંતના પાયા ઉપર ઊભી છે. વિચારોમાં જે અનેકાંત છે, વાણીમાં તે જ સ્યાદ્વાદ છે, આચારમાં અહિંસા છે અને સમાજ વ્યવસ્થામાં તે અપરિગ્રહ છે. મહાવીર અનેકાંત વડે જ વ્યક્તિ અને સમાજ માટે એક આકુળતારહિત, સમતાવાદી, શાંત અને નિષ્કપટ જીવન શોધવા માંગે છે. તેમની આ ચિંતા અને પીડા ફક્ત માણસો માટે જ નહિ પણ સમસ્ત જીવ-અજીવ માટે પણ છે. એક એવા યુગમાં જ્યારે માણસ-માણસ વચ્ચે સમાનતા વિષે વિચારવું પણ સંભવ ન હતું, ત્યારે મહાવીરે સમસ્ત પદાર્થોને સમાન રૂપે વિરાટ અને સ્વતંત્ર ઘોષિત કર્યા. તેઓએ પોતાની ઘોષણાને કાર્યરૂપે પ્રસ્તુત કરી પોતાના ચતુર્વિધ સંઘમાં તમામ વર્ગો અને વર્ણો–સ્ત્રી પુરુષ સહુનો સમભાવે સ્વીકાર કર્યો.

તેઓ કહે છે, વસ્તુ પોતે પોતાના વિકાસ અથવા હ્રાસનું મૂળ કારણ અથવા આધાર સામગ્રી અથવા ઉપાદાન છે. સહુને પોતાના પગે ચાલવાનું છે. કોઈ બીજા માટે ચાલી શકે નહિ. અર્થાત્ અમારો મદદકર્તા ગમે તેટલો મોટો કેમ ના હોય તે અમારા માટે ઉપાદાન બની શકતો નથી. સુત્રકૃતાંગમાં મહાવીરે કહ્યું છે-'सूरोदये पासति चक्खुणेव' સૂર્યના ઉદય થયા પછી પણ જોવું તો આંખને જ પડે છે.

ખલીલ જિબ્રાન પોતાની પ્રોફેટ કવિતામાં જાણે મહાવીરના વિચારોને જ વાચા આપતા કહે છે–'બાળકો અમારા થકી છે, અમારા માટે નથી' પણ આવું કેટલા મા-બાપ વિચારે છે! અધિકાંશ તો આમ જ ઈચ્છે અને પ્રયત્ન કરે છે કે તેઓના બાળકો તે પ્રમાણે જ કરે, તેવા જ બને જેની તેમને અપેક્ષા છે. તેઓ ફક્ત તેમના વડે બતાવેલા / બનાવેલા માર્ગ પર જ ચાલે.

આપણે બીજાની હિંસા નથી કરતા તો આ બીજા પર આપણી દયા નથી. દયા ભાવ કે કૃપા ભાવથી તો મહાવીરની યાત્રાનો પ્રારંભ થયો જ નથી. આ તો બીજાઓનો અધિકાર છે કે આપણે તેમના અધિકાર ક્ષેત્રમાં, પ્રવેશ ન કરીએ. આ અમારો અધિકાર છે કે તેઓ પણ અમારા અધિકાર ક્ષેત્રમાં પ્રવેશ ન કરે. આ પરસ્પરિક છે. તેમાં અહેસાન શાનો?

મહાવીરના વિચારોને પરવર્તી આચાર્યોએ સૂત્રબદ્ધ કર્યા છે- 'परस्परोपग्रहोजीवनाम्' (તત્ત્વાર્થસૂત્ર ૫/૨૧) આ જ વિચાર 'જીવો અને જીવવા દો.' જેવા સરળ શબ્દોમાં પરિવર્તિત થઈ શતાબ્દીઓથી અમારા લોક જીવનનું એક જરૂરી અંગ બની ગયો છે. પ્રત્યેક યુદ્ધ પછી થાકેલી-હારેલી મનુષ્ય જાતિ પોતાની હારમાં જ નહિ પોતાના વિજયમાં પણ ક્ષત-વિક્ષત દેહ અને હાથમાં તૂટેલું પૈડું લઈ એની જ શરણમાં પહોંચે છે. સારું થાત કે આપણે સ્થાઈરૂપે સમજી શક્યા હોત કે સત્ય આપણા પોત-પોતાના પક્ષ કરતા વધુ મોટું હોય છે. મહાવીર માત્ર મુક્તિના જ નહિ પણ જીવનના પણ હિમાયતી હતા. તેમનું ચિંતન પ્રાણીમાત્રના જીવનને બચાવવા ચાહે છે.

બીજા માટે ઉપાદાનની ભૂમિકા અમોને પ્રદાન ન કરીને મહાવીર અમોને અહંકારથી બચાવે છે. પરંતુ બીજા માટે નિમિત્તની ભૂમિકા સોંપીને તેઓ અમોને તુચ્છતાના બોધથી પણ બચાવી લે છે. એક દૃષ્ટિએ અમો કશું જ નથી, પણ બીજી દૃષ્ટિએ કાંઈક કરીએ છીએ પણ ખરા.

જૈન મહામંત્ર ણમોકારમાં પાંચ પરમેષ્ઠિઓ પૈકી અરિહંતોને સિદ્ધો પહેલા નમન કરવામાં આવેલ છે. એ હકીકત છે કે સિદ્ધ સર્વે આઠ પ્રકારના કર્મો (ચાર ઘાતિ અને ચાર અઘાતિ)નો ક્ષય કરી ભાવ અને દ્રવ્ય બન્ને મોક્ષ પ્રાપ્ત કરી ચુક્યા છે. તેઓ અદેહ રૂપે મોક્ષમાં છે અને સંસારને માટે માત્ર પરોક્ષ પ્રેરણા અને અપ્રત્યક્ષ આદર્શ રૂપે જ નિમિત્ત છે. આનાથી ઉલ્ટું અરિહંતોના ચાર ઘાતિકર્મોનો જ ક્ષય થયો છે. તેઓનો ભાવમોક્ષ થઈ ગયો છે પણ હજી તેઓ સંસારમાં છે. એ નક્કી છે કે તેઓના બાકી રહેલા ચાર કર્મોનો ક્ષય થવો અને તેમને દ્રવ્ય મોક્ષની પ્રાપ્તિ થવી નક્કી છે, પણ વર્તમાનમાં તેમનું સ્થાન સિદ્ધો કરતા ઓછું છે પરન્તુ પ્રાણીઓના ઉદ્ધાર માટે તે પ્રત્યક્ષ નિમિત્ત છે અને સંસારમાં સશરીર વિહાર કરતા તેઓ પોતાની નિમિત્તની ભૂમિકાનો સીધે-સીધો નિર્વાહ કરી રહ્યા છે. માટે સંસારના હિતની દૃષ્ટિએ અપેક્ષાકૃત વધુ સક્રિય, પ્રભાવી અને પ્રત્યક્ષ નિમિત્તની ભૂમિકા દ્વારા સંબદ્ધ અરિહંતોને તેમના નાના પદ છતાં સિદ્ધોથી પહેલાં નમનનું વિધાન કરીને ણમોકાર મંત્ર એ આપણા લોકજીવનને એક સાચો અને અર્થગર્ભિત સંકેત આપ્યો છે.

મહાવીર પુસ્તકીય વ્યક્તિ નથી. તેઓ માત્ર તત્ત્વજ્ઞાનને મુક્તિ માટે પર્યાપ્ત માનતા નથી. તેઓએ ચિંતન, ધ્યાન અને સાધના વડે જ સત્યની ઉપલબ્ધિ કરી હતી, પુસ્તકો દ્વારા નહિ. આને કારણે જ તેમનું જ્ઞાન અનિવાર્યપણે જીવન સાથે જોડાયેલું છે. તેઓ માને છે કે જો જ્ઞાન સમ્યક છે તો તે જીવનમાં ઉતરે જ. જેમ પાણી પોતાની મેળે ઢાળ તરફ પ્રવાહિત થઈ જાય છે. સમ્યક્ જ્ઞાનીને ક્યાંય કાંઈ પૂછવું પડતું

**પ્રભુ મહાવીરનો સાંસારિક પરિવાર**

માતા–દેવાનંદા તથા ત્રિશલા (વિદેહદિન્ના)
પિતા–ઋષભદત્ત તથા સિદ્ધાર્થ (શ્રેયાંસ)
વડીલબંધુ-નંદિવર્ધન
બહેન-સુદર્શના
પત્ની–યશોદા
પુત્રી–પ્રિયદર્શના
દોહિત્રી–શેષવતી
કાકા–સુપાર્શ્વ
જમાઈ–જમાલી

નથી. તે પોતે જ પ્રમાણ બની જાય છે. નિર્મળ આત્મા સ્વયં પ્રમાણ હોય છે. આને કારણે જ મહાવીરનો ધર્મ સાધકનો ધર્મ છે. તે કોઈનું અનુસરણ નથી. સમ્યક્જ્ઞાની સત્યને જાણે છે. તે તેનું નિર્માણ કરતો નથી. આપણે અજ્ઞાની જણ એને નિર્મિત કરીએ છીએ. કહેવું જોઈએ તેને નિર્મિત કરવાનો પ્રયત્ન કરીએ છીએ. (કારણ કે નિર્મિત તો આપણે તેનું શું કરીશું?) અને પછી તેના પક્ષે દલીલો કરીએ છીએ. માટે સહુ પોતપોતાના કથિત સત્યને લઈને ફરે છે. અને એક બીજાને વાદ-વિવાદ માટે લલકારીએ છીએ. સમ્યક્જ્ઞાનીઓમાં વાદવિવાદનો કોઈ મુદ્દો જ રહેતો નથી. કારણ કે ત્યાં સત્ય એક જ હોય છે. મહાવીરના સાચા અનુયાયી શ્રીમદ્ રાજચંદ્રે, કે જેમનો સાન્નિધ્ય અને સજીવ સંપર્ક મહાત્મા ગાંધીને થયો હતો, અને પોતાના વિચાર અને સંસ્કારો પર જેઓનું ઋણ તેઓ પોતાની આત્મકથા–'સત્યના પ્રયોગો'માં સ્વીકાર કરે છે–સાચું જ કહ્યું છે–'કરોડ જ્ઞાનીઓનો એક જ વિકલ્પ હોય છે જયારે કે એક અજ્ઞાનીના કરોડ વિકલ્પ હોય છે.'

એકલું જ્ઞાન એક મુખોટો છે તો માત્ર આચરણ પણ એક ધારણ કરેલ ચહેરો છે. અને આવો ચહેરો હંમેશાં દુઃખનું કારણ હોય છે. માણસનું સૌથી મોટું દુઃખ જ એ છે કે તે હંમેશાં એક બાહ્ય ઓઢેલા ચહેરામાં રહે છે. તે જે નથી તે દેખાવા માંગે છે. તેને હરહંમેશ આ તાણ રહે છે કે તે ક્યારેય પોતાના સાચા સ્વરૂપમાં ઓળખાઈ ન જાય. સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર વગર આ બાહ્ય ઓઢેલા દેખાવથી મુક્તિ સંભવ નથી. પ્રથમ શતાબ્દિ પૂર્વના આચાર્ય ઉમાસ્વાતિએ દર્શન–જ્ઞાન અને ચારિત્રને એક સાથે એક જ વિશેષણ સમ્યક્‌ની સાથે જોડીને અને માર્ગને એક વચનમાં મૂકીને તેઓને મોક્ષનો માર્ગ કહ્યો છે. તેમનું આ કથન કે 'सम्यक्‌दर्शन-ज्ञानचारित्राणिमोक्षमार्ग:' આપણી દૃષ્ટિને આ ત્રણેના અભેદત્વ પર રાખે છે. આને જ રત્નત્રય કહેવામાં આવ્યું છે. વિઘટિત-વિભાજીત વ્યક્તિત્વને સમગ્રતા અને એકાગ્રતાની દિશા એમ આ અભેદત્વથી પ્રાપ્ત થાય છે.

મહાવીર ભાગ્યવાદી નથી. તેઓ આત્માની બહાર કોઈ ઈશ્વરીય સત્તામાં વિશ્વાસ કરતા નથી. તેઓ એ તો માને છે કે વસ્તુ પોતાના પરિણામી સ્વભાવે પોતે જ પરિવર્તિત થાય છે, પણ આ પ્રક્રિયામાં તે બીજાના નિમિત્તની ભૂમિકાને અને વસ્તુના પોતાના પ્રયત્નોને નિષ્ક્રીય માનતા નથી. પોતાનું ઉપાદાન સ્વયં હોવાથી વસ્તુની લગામ તેના પોતાના હાથમાં છે. બંધન અને મોક્ષ સ્વયં તેમાં રહેલા છે. તે તેમાંથી ગમે તેને પસંદ કરી શકે છે. કર્મ ફળીભૂત થાય છે. પણ જો આત્મા જાગૃત છે તો તે ફળ આપ્યા વગર જ ખરી જશે.

તેઓ ઈચ્છે છે કે દયા પણ જ્ઞાનથી ઉત્પન્ન થાય. અજ્ઞાનથી જન્મેલી દયા બંધન મુક્તિમાં મદદરૂપ થતી નથી. દશવૈકાલિક સૂત્રમાં તેઓનું કથન છે – 'पढमं नाणं तओ दया' – પહેલા જ્ઞાન પછી દયા.

જ્ઞાન પ્રાપ્તિ પછી અને ૫૨૭ ઈ. પૂ. બુધવાર, ૧૩ ઓક્ટોબર કાર્તિક કૃષ્ણ, અમાવસના દિવસે પાવાપુરમાં પોતાના નિર્વાણ થતા સુધી જૈન ધર્મના ૨૪મા તીર્થંકર ભગવાન મહાવીર ૨૯ વર્ષ, ૩ માસ અને ૨૪ દિવસ સુધી નિરંતર ભ્રમણ કરતા રહ્યા અને જન-જનની મુક્તિના નિમિત્ત બનતા રહ્યા. પોતાની જાતને જીતી લેવી, પોતાના રાગદ્વેષ પર સંપૂર્ણ વિજય પ્રાપ્ત કર્યાને કારણે પૂર્વ તીર્થંકરોની માફક એમને જિન, એમના કહેલા શબ્દોને જિનવાણી અને જિનવાણીને પોતાની આસ્થા અને આચરણનો વિષય બનાવનારને, તે પછી ગમે તે વર્ગ / વર્ણ / જાતિના હોય, જૈન કહેવામાં આવ્યા.

તેઓની ધર્મસભા 'સમવસરણ' કહેવાતી. તેમાં સમસ્ત ધર્મ, વિચાર, ઉંમરના માણસોને જ નહિ પણ પશુ-પક્ષીઓને પણ આવવાની છૂટ હતી અને મુક્તિના સમ અવસર હતા. તે પોતે ક્ષત્રિય હતા. તેમના મુખ્ય ગણધર ઈન્દ્રભૂતિ ગૌતમ બ્રાહ્મણ હતા. તેઓએ પ્રતિષ્ઠિત પણ લોકવિમુખ થઈ રહેલ સંસ્કૃત

### ભગવાન મહાવીરની સાડાબાર વર્ષના છદ્મસ્થકાળની ઉગ્ર તપસ્યા

| તપનું નામ | કેટલી વાર | દિન સંખ્યા | પારણા |
|---|---|---|---|
| છમાસી | ૧ | ૧૮૦ | ૧ |
| પાંચ મહિના ઉપર પચ્ચીસ દિવસ | ૧ | ૧૭૫ | ૧ |
| ચોમાસી | ૯ | ૧૦૮૦ | ૯ |
| ત્રણ માસી | ૨ | ૧૮૦ | ૨ |
| અઢી માસી | ૨ | ૧૫૦ | ૨ |
| બે માસી | ૬ | ૩૬૦ | ૬ |
| માસ ક્ષમણ-(એક મહિનો) | ૧૨ | ૩૬૦ | ૧૨ |
| પાસ ક્ષમણ-(૧૫ દિવસના) | ૭૨ | ૧૦૮૦ | ૭૨ |
| પ્રતિમા-અઠ્ઠમ તપ | ૧૨ | ૩૬ | ૧૨ |
| છઠ્ઠ તપ | ૨૨૯ | ૪૫૮ | ૨૨૮[૨] |
| ભદ્ર પ્રતિમા | ૧ | ૨ | ૧ |
| મહાભદ્ર પ્રતિમા | ૧ | ૪ | ૧ |
| સર્વતો ભદ્ર પ્રતિમા | ૧ | ૧૦ | ૧ |
| | | ૪૧૬૫ | ૩૫૦ |

૧. આ યંત્રમાં દિવસની સંખ્યા ૧ માસના ૩૦ દિવસના હિસાબથી લખવામાં આવી છે.

૨. છઠ્ઠ ૨૨૯ અને પારણા દિન ૨૨૮. આ રીતે એક દિવસ પારણામાં ઓછો થવાનું કારણ એ છે કે કેવલ-જ્ઞાનકલ્યાણક અવસરનો છઠ્ઠ છદ્મસ્થકાળમાં જાય છે. જ્યારે તેના પારણાનો દિવસ કેવલિપર્યાયમાં જાય છે. તેથી એક દિવસ ઓછો થાય છે.

ભાષાના સ્થાને જનભાષા પ્રાકૃતનો સ્વીકાર કર્યો. પ્રાકૃત નવા યુગની ભાષા જરૂર હતી પણ તે સંસ્કૃત, પાલિ જેવી પૂર્વવર્તી ભાષાઓમાંથી વિકસિત થઈ હતી. તે કારણે તેને બોલનારા પણ તેને સારી રીતે સમજી શકતા હતા. મહાવીરની માતૃભાષા માગધી પ્રાકૃત હતી છતાં પોતાના ઉપદેશો માટે તેમણે અર્ધમાગધી પ્રાકૃતને પસંદ કરી.

આ રીતે ભાષાના સંદર્ભે પણ મહાવીર પોતાના જનવાદી વિચારને કારણે એક વિશાળ ભૌગોલિક ભૂખંડના માણસો સાથે સંબોધન અને સંવાદ સ્થાપિત કરી શક્યા.

વસ્તુ સ્વરૂપની સાચી સમજણને કારણે મહાવીરની દૃષ્ટિ અને ચિંતનમાં 'હી' (આ જ) નહિ પણ 'ભી' (આ પણ)નો સમાવેશ થયો છે. તેઓ માનતા કે બીજાને માટે પણ હાસિયો (સ્થાન) / છોડવો જોઈએ. બીજા માટે સ્થાન છોડવું તે કાયરતા નથી પણ ઉચ્ચ પ્રકારની વીરતા છે. દેશની રક્ષા માટે સમ્યક્ રીતે જ્ઞાનપૂર્વક શત્રુનો વધ પણ હિંસા નથી. હિંસા તો ત્યારે થાય જ્યારે ઉન્માદ અને અહંકારને વશીભૂત થઈ કોઈના સુખ કે પ્રાણોનું હરણ કરવામાં આવે. ઉમાસ્વાતિએ મહાવીરના મંતવ્યને સ્પષ્ટ કર્યું છે-'प्रमत्तयोगात प्राणव्यपरोपणं हिंसा' (તત્ત્વાર્થસૂત્ર ૭/૧૩) વર્તમાન યુગમાં મહાત્મા ગાંધીને મહાવીરની દૃષ્ટિની બરાબર પકડ હતી.

ભૌતિક સ્વરૂપમાં હિંસા ભલે ન થાય, પણ જો મનમાં તેનો ભાવ આવ્યો હોય તો તેનો પણ કર્મબંધ થાય છે–પાપ લાગે છે. આ ભાવહિંસા છે. ભૌતિક રૂપે ઘટિત થતી હિંસા તે દ્રવ્ય હિંસા છે. જ્યાં ભાવ અને દ્રવ્ય બન્ને પ્રકારની હિંસા થતી હોય ત્યાં વધુ મોટા પાપનું બંધ થવું સ્વાભાવિક છે.

સંસારમાં વ્યાપ્ત સમસ્ત અસ્તિત્વને મહાવીરે છ દ્રવ્યોમાં વર્ગીકૃત કર્યું છે–જીવ (આત્મા), પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. જીવ દ્રવ્ય અનંત છે. પુદ્ગલ એના કરતાં વધુ અનંત છે. ધર્મ–અધર્મ અને આકાશ દ્રવ્ય એક–એક છે. કાળ દ્રવ્ય અસંખ્ય છે. આત્મા ચેતન છે. માટે જ મહાવીર તેને જીવ કહે છે. અન્ય સર્વે દ્રવ્ય અચેતન છે. પુદ્ગલ મૂર્ત છે. અન્ય બધા દ્રવ્યો અમૂર્ત છે. જીવ અને પુદ્ગલ ક્રિયાશીલ છે. બાકીના ચાર દ્રવ્યો નિષ્ક્રિય છે. ધર્મ–અધર્મ આકાશ અને કાલ અનુક્રમે ગતિ, સ્થિતિ, અવગાહન અને પરિણમન અર્થાત્ રૂપાંતર સાથે જોડાયેલા છે. જૈન ગ્રંથોમાં (આગમમાં) તે વર્તમાનના પ્રચલિત અર્થમાં પ્રયુક્ત નથી. રૂપ / વર્ણ, રસ, ગંધ શબ્દ અને સ્પર્શથી યુક્ત જે કાંઈ પણ આપણને દેખાય છે તે સઘળું પુદ્ગલ છે. ચેતન આત્માથી તેનો સંબંધ વિચ્છેદ થતા જ તેનું અચેતનત્વ અને પુદ્ગલત્વ તરત જ સ્પષ્ટ થઈ જાય છે. માટે જ મહાવીરે જીવ (આત્મા)ને દેહથી ભિન્ન અને પૃથક માનવાના દૃઢ વિશ્વાસને સમ્યક દર્શનની એક વિશિષ્ટ અનિવાર્યતા માની છે.

આત્મા કર્મને કારણે જ પુનર્જનમ, સ્વર્ગ, નર્ક, મનુષ્ય પર્યાય, પશુ પર્યાયો વગેરે પ્રાપ્ત કરે છે. છતાં કર્મજાળમાં ફસાવવું કે ન ફસાવવું, ફસાઈ ગયા પછી તેને કાપીને તેમાંથી બહાર નીકળવું તે આત્માના હાથની વાત છે. એટલે જ કહેવાય છે કે કર્મોની ગતિ ગમે તેટલી ન્યારી હોય પણ પુરુષાર્થ સામે તેનું કશું જ ઉપજતું નથી. આત્મા પોતપોતાનો આત્મનિયંતા છે. એનાથી ઈતર, તેનાથી બહાર કોઈ તેનો નિયંતા નથી. સૃષ્ટિના કોઈ તથાકથિત નિયંતા અને તેની કૃપા-અકૃપા, જન્મ અને જાતિના નફા-નુકશાન પર મહાવીર વિશ્વાસ કરતા નથી. છતાં આટલું તો છે જ કે જ્યાં સુધી આત્મા કર્મની જાળમાં છે ત્યાં સુધી આ જાળ તેની નિયામક છે. કર્મબંધનની આ રમતને સમજાવવા માટે મહાવીરે આત્માને બે શરીરોથી ઘેરાએલો માન્યો છે.

(૧) સ્થૂલ શરીર, જે માતાના ઉદરથી પ્રાપ્ત થાય છે. આ જીવન કાળનો સાથી છે. જેનું મૃત્યુ થતાં જ જલાવીને કે દફનાવીને નાશ કરવામાં આવે છે. મનુષ્ય તથા પશુ પર્યાયમાં આની સંજ્ઞા ઔદારિક તથા દેવ અને નારકીય પર્યાયોમાં એક જીવનમાં પણ વિક્રિયા એટલે કે પરિવર્તનશીલતાથી ક્ષમતાને લીધે વૈક્રિયિક છે.

(૨) અદૃષ્ય સૂક્ષ્મ શરીર જન્મ જન્માંતરના કર્મોના જમા-ઉધારનું પરિણામ છે. ચારગતિ, ચૌરાસી લાખ યોનિમાં આ આત્મા તેનો ભાર ઉપાડતો રહ્યો છે. આ જ તેનું મૂળ કારાગાર (જેલ) છે. આ

## શ્રમણ ભગવાન મહાવીર પ્રભુનો પરિવાર

(૧) ઈન્દ્રભૂતિ વગેરે ૧૧ ગણધરો
(૨) ઈન્દ્રભૂતિ વગેરે ચૌદ હજાર સાધુઓ
(૩) ચંદનબાળા વગેરે છત્રીશ હજાર સાધ્વીઓ
(૪) શંખ-શતક વગેરે એક લાખ ઓગણસાઠ હજાર શ્રાવકો
(૫) સુલસા રેવતી વગેરે ત્રણ લાખ અઢાર હજાર શ્રાવિકાઓ
(૬) સાડાત્રણસો ચૌદપૂર્વધર સાધુઓ
(૭) તેરસો અવધિજ્ઞાની સાધુઓ
(૮) સાતસો કેવલજ્ઞાની સાધુઓ
(૯) ચૌદસો કેવલજ્ઞાની સાધ્વીઓ
(૧૦) સાતસો વૈક્રિયલબ્ધિધારી સાધુઓ
(૧૧) પાંચસો વિપુલમતિ મનઃપર્યવજ્ઞાની સાધુઓ
(૧૨) ચારસો વાદલબ્ધિમાં નિપુણ-વાદી સાધુઓ
(૧૩) સાતસો તેજ ભવમાં મુક્તિગામી સાધુઓ
(૧૪) ચૌદસો તેજ ભવમાં મુક્તિગામી સાધ્વીઓ
(૧૫) આઠસો અનુત્તર વિમાનમાં એકાવતારી તરીકે ઉત્પન્ન થનારા સાધુઓ

કાર્માણ શરીર છે. આપણા મન, વચન કાયાના આચરણથી પુદ્‌ગલની વિભિન્ન વર્ગણાઓ (સંસારમાં વ્યાપ્ત અનંત પરમાણુ સમૂહ) દરરોજ સતત આત્મા તરફ ખેંચાતી આવે છે. તે આપણા કષાયોના નિમિત્ત / સંયોગ પામીને આત્માને ઢાંકી દે છે–જેમ ક્રીમ લગાવેલ ચહેરા ઉપર ધૂળ કે ધૂમાડાનું પડ જામી જાય છે અથવા ભીના દડા પર ધૂળ ચોંટી જાય છે. 'सकषाय त्वाज्जीवः कर्मणो योग्यान् पुद्‌गलानादत्ते सः बन्धः' (તત્ત્વાર્થસૂત્ર ૮/૨) વર્ગણાઓ/કર્માણુઓનું આત્મા તરફ આકર્ષાઈને આવવું તે કર્મનો આસ્રવ અને આત્મા સાથે તેનું દૂધ-પાણીની જેમ એકાકાર થઈ જવું તે તેનો બંધ છે. આ બંધનું પુંજીભૂત રૂપ તે જ કાર્માણ શરીર છે.

ઉપર વર્ણવેલ બન્ને શરીર જડ છે, જ્યારે આત્મા ચેતન છે. પોતાની મુક્તિ અને નિર્મળતા હેતુ આત્માને કાર્માણ શરીરથી મુક્તિ પામવી જરૂરી છે. સમય સાથે કર્મ પરિપક્વ બને છે. તે તેમનો પરિપક્વ કે ઉદય કે ફળ છે, તે ફળીને નષ્ટ થઈ જાય છે. પણ તેના ફળને આપણે જે રીતે ભોગવીએ છીએ, જે માનસિકતાથી તેનું ગ્રહણ કરીએ છીએ તેનાથી નવા કર્મોનું અર્જન થાય છે અને તે આપણા સંચિત કર્મ સાથે ઉમેરાઈ જાય છે. કર્મનો ભોગ અને ભોગનો કર્મ આ વિષચક્ર ત્યાં સુધી ચાલ્યા જ કરે છે જ્યાં સુધી આપણે તેના સંતુલન બિન્દુને પ્રાપ્ત કરી લેતા નથી. જ્યાં નવીન કર્મ બંધન રોકાઈ જાય અને પૂર્વ સંચિત કર્મ અથવા જૂના કર્મો તપ અર્થાત્ ઈચ્છા નિરોધ દ્વારા નાશ પામે. આ ક્રમશઃ કર્મની સંવર અને કર્મની નિર્જરા છે. ક્રોધ-માન-માયા-લોભ વગેરેની પકડથી બચવાનો સહજ સ્વભાવ આત્મા ઉપરની કર્મબંધની પકડને શિથિલ કરે છે. પણ જો આની જ કોઈ ગ્રંથિ, તેનો જ કોઈ સચેત ભાવ આપણા અંતરમાં વિકસિત થવા લાગે છે તો તેના કારણે નવીન કર્મને આસ્રવ / આગમન થાય છે. અહંકાર ન હોવો તે સારી વાત છે. પણ આવા લોકોની કમી નથી જેઓને આ વાતનો જ અહંકાર છે કે તેઓને કોઈ પણ વાતનો અહંકાર નથી. એટલા માટે જ પુણ્યની ઈચ્છાને અપનાવવાનું સમર્થન મહાવીર કરતા નથી. પુણ્યની ઈચ્છા કરવી તે સંસારની ઈચ્છા કરવી છે. પુણ્ય સુગતિનું કારણ છે, મોક્ષનું નહિ. મોક્ષ માટે તો પુણ્યથીયે ઉપર ઉઠવું પડે છે.

પુણ્ય ભલે સોનાની સાંકળ હોય પણ છે તે બંધન જ (સાંકળ). તેને ગળે લગાવશો તો તે બાંધશે જ. વીતરાગતા અને રાગ-દ્વેષ બન્ને આત્મામાં ઉછરે છે. પણ રાગ-દ્વેષ પર નિર્ભર છે. તેને આત્માથી ઈતર બાહ્યની અપેક્ષા હોય છે. પરપદાર્થ જ તેને ઉકસાવે છે. તેનું નિયમન રિમોટથી થાય છે. માટે મુક્તિગામીએ વીતદ્વેષી અને વીતરાગી પણ થવું પડે છે. આથી વિરૂદ્ધ વીતરાગતા આત્મનિર્ભર છે. તેને આત્માથી ઈતર અન્ય કોઈ બાહ્યની અપેક્ષા નથી હોતી. તેના મૂળ ક્યાંય બહાર હોતા નથી. જ્ઞાન, દર્શન, ચારિત્ર, શ્રદ્ધા, સુખ વગરે ગુણોનો ભંડાર, આત્મા, વીતરાગતાને લીધે જ મૂળ ચળકાટ પ્રાપ્ત કરે છે, જેમ દર્પણ ઉપર જામેલી ધૂળને સાફ કરવામાં આવે. આ આત્માને, વસ્તુને પોતાના મૂળ સ્વભાવમાં પરત થવું છે અને વસ્તુનો સ્વભાવ તે જ તેનો ધર્મ છે. આ જ પોતાના ઘેર પાછું ફરવું છે.

કાર્માણ શરીરથી મુક્ત બની આત્મ સ્વભાવમાં પોતાની નિર્મળતાથી પાછી ફરેલ આત્મની શક્તિ પર મહાવીરનો અતૂટ વિશ્વાસ છે.

આત્માની શક્તિનો

## શ્રમણ ભગવાન મહાવીરના ઉપાસક રાજા–મહારાજાઓ

(૧) રાજગૃહીના રાજા શ્રેણિક (અપરનામ ભંભસાર અથવા બિંબિસાર)
(૨) ચંપાનગરીના રાજા અશોકચંદ્ર (અથવા કોણિક)
(૩) વૈશાલીના રાજા ચેટક
(૪) કાશી દેશના રાજા નવ મલ્લકી જાતિના ગણતંત્ર રાજવીઓ
(૫) કૌશલ દેશના નવ લચ્છવી જાતિના ગણતંત્ર રાજવીઓ
(૬) અમલકલ્પા નગરીના શ્વેત રાજા
(૭) વીતભય પત્તનના ઉદાયન રાજા
(૮) કૌશાંબીના શતાનીક રાજા તથા ઉદાયનવત્સ
(૯) ક્ષત્રિયકુંડના નંદિવર્ધન રાજા
(૧૦) ઉજ્જયિનીના ચંડપ્રદ્યોત રાજા
(૧૧) હિમાલય પર્તવની ઉત્તર તરફ પૃષ્ઠ ચંપાના શાલ અને મહાશાલ
(૧૨) પોલાસપુરના વિજય રાજા
(૧૩) પોતનપુરના પ્રસન્નચંદ્ર રાજા
(૧૪) હસ્તિશીર્ષ નગરના અદીનશત્રુ રાજા
(૧૫) ઋષભપુરના ધનાવહ રાજા
(૧૬) વીરપુર નગરના વીરકૃષ્ણમિત્ર રાજા
(૧૭) વિજયપુરના વાસવદત્ત રાજા
(૧૮) સૌગંધિક નગરના અપ્રતિહત રાજા
(૧૯) કનકપુરના પ્રિયચંદ્ર રાજા
(૨૦) મહાપુરના બલરાજા
(૨૧) ચંપાનગરીના દત્તરાજા
(૨૨) સાકેતપુરના મિત્રંદી રાજા

આ પ્રમાણે બીજા પણ અનેક રાજા, મહારાજાઓ, મંત્રીશ્વરો, ક્રોડાધિપતિ-લક્ષાધિપતિ સંખ્યાબંધ શ્રીમંતો ભગવાન મહાવીરના પરમ ઉપાસક હતા.

અહેસાસ અને દેહ સાથેની તેની પૃથકતાનો ગહન બોધ રળતા / સહજતાથી થતો નથી. તેના માટે જીવ (આત્મા), અજીવ (પુદ્ગલ), આસ્રવ, બંધ, પાપ-પુણ્ય, સંવર, નિર્જરા, મોક્ષ જેવા તત્ત્વોને હદયંગમ કરવા અને દેવ (અરિહંત સિદ્ધ), શાસ્ત્ર (આગમ), ગુરુ (આચાર્ય, ઉપાધ્યાય, સાધુ)નું નિમિત્ત, પ્રાપ્ત કરવું પડે છે. દેહ કેન્દ્રિત દૃષ્ટિ આગળની યાત્રા કેમ કરશે? દેહ તો એક ભવ માટે મળે છે. જ્યારે આત્માને તો સાધારણ રીતે અસંખ્ય ભવોની ચડતી-પડતીમાંથી પસાર થવું પડે છે. સ્વયં મહાવીરનો આત્મા પણ અનેક જન્મોમાંથી પસાર થઈ મહાવીર બન્યો હતો.

મહાવીરનો વિશ્વાસ અનેકાત્મવાદમાં છે. આત્માઓ અનંત અને સ્વતન્ત્ર છે. તે કોઈ અંશીનો અંશ પણ નથી. આત્મા કીડીની હોય કે હાથીની–સમાન હોય છે. જે રીતે પ્રકાશ પોતાના આચ્છાદનની અનુરૂપતામાં સંકુચિત અને વિસ્તૃત થાય છે તે જ રીતે આત્મા શરીરના પરિમાણમાં સમાએલી હોય છે. એટલે કે આત્માઓમાં પરિમાણનું અંતર હોઈ શકે છે–પ્રમાણ (તત્ત્વ)નું નહિ. આત્માનો પુદ્ગલ (શરીર)થી સંયોગ થવો જીવન છે. પણ આ જ સંયોગ આત્માનું કર્મબન્ધ સાથે જોડાવાનું પ્રમાણ પણ છે. કર્મબન્ધથી મુક્ત થએલ આત્મા જન્મ-મરણથી મુક્ત થઈ જાય છે. તે આ અમૂર્ત રૂપમાં હોય છે. તે કશામાં વિલીન થતો નથી. આ એનો મોક્ષ છે. આ જ નિર્વાણ છે.

વિષય-કષાય જન્ય કાર્માણ શરીરથી મુક્તિના લક્ષ્ય તરફ આત્માની પ્રગતિને જૈન શાસ્ત્રોએ ૧૪ ગુણ સ્થાનો (જો કે અંતિમ ૧૧ ગુણ સ્થાન જ તેના વિકાસકાળના પગથિયાં છે. પહેલા ત્રણ અવિકાસ કાળના છે.) બે પરોક્ષ જ્ઞાન (ઈન્દ્રિય અને મનની સહાયતાથી ઉત્પન્ન મતિ અને શ્રુત) અને ત્રણ પ્રત્યક્ષ જ્ઞાન (જ્ઞાન સ્વભાવી આત્મામાં સીધેસીધા ઉત્પન્ન અવધિ, મનઃપર્યાય અને કેવળ)ની પ્રાપ્તિ અને શ્રાવકના સંદર્ભે ૧૧ પ્રતિમાઓના માધ્યમથી સમજાવવામાં આવ્યા છે. કોટિ ક્રમતાને છેવટે તો ભેદ-પ્રભેદ અને ગણતરી વડે જ સમજાવી શકાશે! પણ લક્ષ્ય તરફ પ્રગતિ કરતો આત્મા માઈલના આ પત્થરોની ગણતરી કરતો નથી. આ એક એવી યાત્રા છે જેમાં લક્ષ્યની પ્રાપ્તિ પૂર્વે પાછા વળવાનો ખતરો હંમેશાં રહે છે. આપણે તે મુકામથી પણ પાછા ફરી શકીએ છીએ જેના કારણે કોઈ જન્મમાં તે યાત્રાએ નીકળ્યા હતા.

મહાવીરના પૂર્વજન્મોના વર્ણન એ સંકેત કરે છે કે સાધના અને વીતરાગતા કોઈ પણ આત્માને મહાવીર બનાવી શકે છે. કોઈ પૂર્વ ભવમાં સિંહ પર્યાયમાં જન્મ લેનાર આત્મા પણ મહાવીરતાને પ્રાપ્ત કરી શકે છે અને પ્રાણિમાત્રના ઉદ્ધાર માટે નિમિત્ત બનીને જન્મ-મરણના ચક્રમાંથી મુક્ત બની શકે છે.

કર્મબંધની જકડમાંથી મુક્ત થવા માટે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રપૂર્વક ઉપાદાન અને નિમિત્તની ભૂમિકાના નિર્વાહ માટે મહાવીરની વીરતાનો માર્ગ અઘરો જરૂર છે પણ જો એક વખત તે પગોની પકડમાં આવી જાય તો તેની સરળતાનો જવાબ નથી.

ભગવાન મહાવીર આપણને પૂર્વગ્રહ, જડતા અને રૂઢિથી બચાવવા માંગે છે.

મહાવીર દરેક પ્રકારના ભેદભાવ, આડંબર અને કર્મકાંડનો વિરોધ કરે છે. તેમનો પ્રયત્ન રહ્યો છે કે માણસ જરૂરી ને બિનજરૂરીમાં ભેદ કરવાનું શીખે.

ભાગ્યવાદ, હારફૂલ, સ્વાગત દ્વાર, ચરણસ્પર્શ, ભવિષ્યકથન, આશીર્વાદ ગુલામી અને બાહ્ય દેખાવના એક નવા કર્મકાંડે વિશ્વ પર પોતાની પકડ મજબુત બનાવી છે.

દરેક પદાર્થ પોતપોતાનો ભાગ્યવિધાતા છે. બીજી બાજુ નિમિત્ત પ્રત્યેની કૃતજ્ઞતાને એક નકામી વસ્તુ માનવામાં આવી રહી છે. જ્યાં સંસારનાં સમસ્ત અરિહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓ પ્રત્યે પ્રણામ પ્રસ્તુત કરનારી, કૃતજ્ઞ અભિવ્યક્તિ એક શિરોધાર્ય મંત્ર બની ગઈ છે. અને ક્રોધ, ઈર્ષ્યા, મિથ્યા આગ્રહને જ નહીં અકૃતજ્ઞતા ને પણ માનવીય ગુણોનું નાશક માન્યું છે. (સ્થાનાંગ સૂત્ર ૪-૪) ત્યાં જ આજે તો એમાં હોંશિયારી માનવામાં આવે છે કે જે પગથિયાનું નિમિત્ત પામીને ઉપર ચઢ્યા છીએ સૌથી પહેલા એને જ તોડવાનો પ્રયત્ન કરો. નિમિત્તનું નામ પણ ન લો અન્યથા તમારી સફળતાનો થોડોક શ્રેય તેને પણ મળી જશે.

✷ ✷ ✷

૩૦ ઈન્દિરા નગર, રતલામ,
પીન–૪૫૭૦૦૧.
ફોનઃ (07412) 504208.
Email:jaykumarjalaj@yahoo.com

### શ્રમણ ભગવાન મહાવીરના ચાતુર્માસ

| | | |
|---|---|---|
| ૧ | ચોમાસું | અસ્થિક ગ્રામમાં |
| ૩ | ચોમાસા | ચંપા અને પૃષ્ઠચંપામાં |
| ૧૨ | ચોમાસા | વૈશાલી અને વાણિજ્ય ગ્રામમાં |
| ૧૪ | ચોમાસા | રાજગૃહ નગરના નાલંદા પાડામાં |
| ૬ | ચોમાસા | મિથિલામાં |
| ૨ | ચોમાસા | ભદ્રિકામાં |
| ૧ | ચોમાસું | આલંભિકામાં |
| ૧ | ચોમાસું | શ્રાવસ્તીમાં |
| ૧ | ચોમાસું | અનાર્ય ભૂમિમાં |
| ૧ | ચોમાસું | પાવાપુરીમાં |
| ૪૨ | | |

# મહાવીર કથા શા માટે ?

ભગવાન મહાવીરના જીવનની મહત્ત્વની ઘટનાઓ અંગે આપણે પરિચિત છીએ, પરંતુ મુખ્યત્વે એમના જીવનની જાણીતી ઘટનાઓ દ્વારા જ એમને જોવાનો–પામવાનો પ્રયત્ન કર્યો છે. ચંદનબાળાની ઘટના સહુ કોઈ જાણે છે, પરંતુ કટપૂતનાની ઘટનાથી ઘણા અજાણ છે. સંગમદેવે ભગવાન મહાવીરને કરેલાં ઉપસર્ગો વિશે જાણકારી ધરાવનાર મળે, પરંતુ અચ્છંદક કે આજિવક સંપ્રદાય વિશે બહુ ઓછી જાણકારી જોવા મળે છે.

હંમેશાં એવું બનતું આવ્યું છે કે કેટલાક પ્રચલિત પ્રસંગો સમાજમાં ગીત-સંગીત, સ્તવન કે કથારૂપે ખૂબ જાણીતા બનતા હોય છે અને કેટલાક પ્રસંગો એ સમગ્ર જીવનની અગત્યની કડી હોવા છતાં અજ્ઞાત રહેતા હોય છે. કોઈપણ ચરિત્રને જોઈએ તો એને સંપૂર્ણતયા જોવા માટે જાણીતા અને ઓછા જાણીતા એવા તમામ પ્રસંગોને અખિલાઈપૂર્વક જોવા જોઈએ અને તેના પ્રયાસરૂપે આ **મહાવીર કથા**નું આયોજન કર્યું છે.

ભગવાન મહાવીર મહાન ક્રાંતિકારી હતા, એ વિગત પર પૂરતો પ્રકાશ પડ્યો નથી. એમણે ક્રૂરતા, ધર્માંધતા અને ઈજારાશાહીના આધિપત્યને દૂર કર્યું. નારીસન્માન અને માનવગૌરવની વિચારધારા વહેવડાવી. જાતિ, કુળ કે વર્ણને બદલે વ્યક્તિની એના ગુણ, કાર્ય અને પરિશ્રમથી પહેચાન આપી. પુરુષાર્થનો પ્રભાવ પ્રગટ કર્યો. અશ્વમેઘ અને નરમેઘ સામે ઝુંબેશ ઊઠાવી અને તેને સર્વથા નષ્ટ કર્યા હતા. કોઈપણ રૂપમાં હિંસાને ત્યજવાનો ઉપદેશ આપ્યો.

આ રીતે બદ્ધમાન બની ગયેલા વિશ્વમાં વર્ધમાને ક્રાંતિકારી પરિવર્તનો કર્યા. ભગવાન મહાવીરના ચરિત્રને સમજવા માટે આ ક્રાંતિકારી પરિવર્તનોની છબી નીરખવી અનિવાર્ય છે. માત્ર ત્યાગ અને વૈરાગ્ય જ નહીં, પરંતુ એમણે કરેલો સમગ્ર સૃષ્ટિનો વિચાર આમાં ધબકે છે અને તેથી આ **મહાવીર કથા**નો એક ઉદ્દેશ ભગવાન મહાવીરે કરેલી સામાજિક, આર્થિક અને રાજકીય ક્રાંતિના પ્રભાવને દર્શાવવાનો છે.

ધર્મની દૃષ્ટિએ જોઈએ તો ભગવાન મહાવીરે આત્મા એજ પરમાત્માના સિદ્ધાંતની ઘોષણા કરીને ઈશ્વરની અધીનતા ઘટાડી, જગતના સર્વ મતોને સાપેક્ષ સત્યવાળા ઠરાવ્યા. અનેકાંતદૃષ્ટિથી જગતને જોવાનું કહ્યું. આચારમાં અહિંસા, વિચારમાં અનેકાંત, વાણીમાં સ્યાદ્વાદ અને સમાજમાં અપરિગ્રહનો ઉપદેશ આપ્યો. એ ધાર્મિક ક્રાંતિને આવરી લેવાનો આ **મહાવીર કથા**નો ઉદ્દેશ છે.

ભાવના અને ક્રિયાને જોડવાનો ભગવાન મહાવીરે ઉત્કૃષ્ટ પ્રયાસ કર્યો, જેમાં મનની શક્તિને માટે પચ્ચખ્ખાણ, ધ્યાનની ઉચ્ચ ભૂમિકા માટે કાઉસગ્ગ, આંતરદોષોની ઓળખ માટે પ્રતિક્રમણ, આંતરશુદ્ધિ માટે પર્યુષણ અને વીરતાના સર્વોચ્ચ આદર્શ સમી ક્ષમાપના જેવી ભાવનાઓને પ્રબોધી. જીવનની પ્રયોગભૂમિ પર આ ઉન્નત ભાવનાઓને ક્રિયાશીલ બનાવવાનો પ્રયત્નો કર્યો. આ ભાવ અને ક્રિયાનો સેતુ દર્શાવવાનો આ મહાવીર કથાનો આશય છે.

ભગવાન મહાવીરનું જીવન એક સત્યશોધકની અધ્યાત્મ-યાત્રા છે, તો એમાં બનતી ઘટનાઓ આધ્યાત્મિક રહસ્ય ધરાવે છે. એમની સાધનાની ભૂમિકાને જોવાનું સહુને મન થાય. પ્રસંગની સપાટી ભેદીને એની ભીતરમાં જોવાનો પ્રયાસ કરનાર જ એ સાધનામૃત પામી શકે છે. તેથી આ **મહાવીર કથા**માં એમના સાધનાના પંથની યાત્રા બતાવવાનો હેતુ રાખ્યો છે. આવા જીવનને કથા, ગીત, સ્તવનરૂપે આલેખવાનો આ પ્રયાસ એ માટે છે કે જેમાંથી શ્રોતાઓને ભગવાન મહાવીરના વિરાટ જીવનનો સ્પર્શ થાય.

ગીતો, દુહા, ચોપાઈઓ કે સ્તવનનોનો ધોધ વહેવડાવીને શ્રોતાના મનોરંજનને બદલે એની ભગવાન મહાવીરના જીવનને સમગ્રતયા જાણવાની અધ્યાત્મતૃષા તૃપ્ત થાય એવા આશયથી આ **મહાવીર કથા**નું આયોજન કર્યું છે.

સ્તવન અને સંગીતના સથવારે આ કથા પ્રસ્તુત કરશે જૈન દર્શનના આંતરરાષ્ટ્રીય ચિંતક અને પ્રચારક તેમજ તીર્થંકર મહાવીર વિશેના ગ્રંથોના પ્રસિદ્ધ લેખક **પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ.**

મહાવીરના ચિંતન-દર્શનનો અભિનવ પરિમાણથી પ્રસ્તુત કરતી આ પ્રકારની **'મહાવીર કથા'**, એ પણ એક જ ચિંતક દ્વારા વહેતી કરવી એ એક વિરલ પ્રયોગ છે.

મહાવીર જન્મ કલ્યાણકની પૂર્વ સંધ્યાએ અને જન્મ કલ્યાણકના દિવસની સવારે, ચિત્ત વિકાસનો આ ઉત્સવ પ્રસંગ-**'મહાવીર કથા'** શ્રી મુંબઈ જૈન યુવક સંઘ એના સભ્યો અને પ્રશંસકોને આદર સહ અર્પણ કરે છે.

આપ સર્વને ભાવભર્યું આમંત્રણ છે.

**–શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**
**કારોબારી સમિતિ અને સંઘ પરિવાર**

---

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સર્વે સભ્યો અને**
**'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને સમર્પિત**

## નિમંત્રણ

**ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસ નિમિત્તે**
'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ' દ્વારા આયોજિત દ્વિ દિવસીય

## ।। મહાવીર કથા ।।

## ।। મહાવીર કથા ।।

કથા તત્ત્વ, સંગીત અને અભિનવ દર્શનનો ત્રિવેણી સંગમ
પોતાની આગવી શૈલીથી સ્વમુખે જ પ્રસ્તુત કરશે
જૈનદર્શનના આંતરરાષ્ટ્રીય ચિંતક અને તીર્થંકર મહાવીર વિશેનાં ગ્રંથોના પ્રસિદ્ધ લેખક

**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

**સંગીત સાથ : મહાવીર શાહ અને ગાયક વૃંદ**

(૧) તા. ૨૭–૩–૨૦૧૦, શનિવાર, સાંજે ચાર કલાકે
સ્થળ : કે. સી. કૉલેજ હૉલ, ચર્ચગેટ, મુંબઈ.

(૨) તા. ૨૮–૩–૨૦૧૦ રવિવાર, સવારે દસ કલાકે
સ્થળ : ભારતીય વિદ્યા ભવન, હૉલ, ચોપાટી, મુંબઈ.

આ પ્રસંગે તા. ૨૮ માર્ચના શ્રી કુલીન વોરા સર્જીત ૩૬૫ દિવસની ૩૬૫ બાળકો માટેની જૈન વાર્તાઓના કેલેન્ડર 'જૈન બાળ પતંગિયા' ડૉ. કુમારપાળ દેસાઈના શુભ હસ્તે લોકાર્પણ

**પ્રવેશપત્ર માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો સંપર્ક કરવા વિનંતી.**

# ઉપાધ્યાય શ્રી યશોવિજયજી રચિત-શ્રી વર્ધમાનસ્વામી જિન-સ્તવન

❑ સુમનભાઈ શાહ

શ્રી વર્ધમાનસ્વામીને અનંત જ્ઞાન, દર્શન, સુખ, વીર્યાદિ શુદ્ધ આત્મિકગુણો પ્રગટપણે વર્તે છે. આવા અગણિત વિશુદ્ધ ગુણોનું શ્રવણ જ્યારે ભક્તજનને પ્રત્યક્ષ સદ્ગુરુ મારફત થાય છે ત્યારે તેને પ્રભુ પ્રત્યે ગાઢ પ્રીતિ, ભક્તિ, અહોભાવ ઇત્યાદિ થાય છે. ભક્તજન પ્રભુગુણોમાં લીન થઈ ગુણગ્રામ કરે છે. ભક્તજનને નિર્ણય અને નિશ્ચય થાય છે કે પ્રભુના શુદ્ધ-આલંબનમાં જ તેઓ જેવી પરમાત્મ-દશાની પ્રાપ્તિ શક્ય છે. સાધકના હૃદયમાં આવો અપૂર્વ ભાવ પ્રગટ થવાથી તે પ્રાર્થના કરે છે કે પ્રભુનું આલંબન મુક્તિ ન મળે ત્યાં સુધી તેને રહે. હવે સ્તવનનો ગાથાવાર ભાવાર્થ જોઈએ.

**ગિરુઆરે ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જિનરાયા રે;**
**સુણતાં શ્રવણે અમી ઝરે, મારી નિર્મળ થાયે કાયા રે.**
**ગિરુઆરે ગુણ તુમ તણા...૧.**

હે મહાવીરસ્વામી ! આપને અનંતા જ્ઞાન, દર્શન, ચારિત્ર્યાદિ આત્મિકગુણો પ્રગટપણે વર્તે છે. હે પ્રભુ ! આપશ્રી સમસ્ત બ્રહ્માંડના સઘળા પદાર્થોના ત્રિકાલિક ભાવો વર્તમાનમાં જોઈ-જાણી શકવાનું સામર્થ્ય ધરાવો છો. આવા વિશુદ્ધ ગુણો અને ઐશ્વર્યનો મહિમા મને ગુરુગમે જાણવા મળ્યો છે. હે પ્રભુ ! આપને સદૈવ શુદ્ધ જ્ઞાન-દર્શનાદિ ગુણોના પરિણમનમાં અવ્યાબાધ સુખ અને સહજાનંદ વર્તે છે. આવી અપ્રતિમ પરમાત્મ-દશાનું વર્ણન ગુરુગમે મને અસ્ખલિતપણે શ્રવણ થયા કરે તેવી ભાવના હું ભાવું છું. આવું ગુણાખ્યાન સાંભળવાથી જાણે મારા કાનમાં અમૃતધારા વહે છે તેવો અનુભવ થાય છે. હે પ્રભુ ! મને એવું લાગે છે કે મારા શરીરમાં વ્યાપ્ત આત્મપ્રદેશો ઉપરથી કર્મરૂપ આવરણો સતત દૂર થયા કરે છે, જેની હળવાશ હું અનુભવું છું. આનાથી ક્રોધ, માન, માયા, લોભાદિ કષાયો મંદ પડેલા મને જણાય છે.

**મારી નિર્મળ થાયે કાયા રે:**

ઉપરના જ્ઞાનવાક્યને વિસ્તારથી સમજીએ.

શરીર કે કાયાના ત્રણ મુખ્ય વિભાગો છે. સ્થૂળ (ઔદારિક) દેહ, સૂક્ષ્મ તેજસ દેહ અને સૂક્ષ્મતમ કાર્મણદેહ. બાહ્ય ઈન્દ્રિયો સહિતનો હાડ-માંસવાળો સ્થૂળ દેહ જે જીવને ક્રિયા કરવાનું પ્રધાન સાધન છે, અને જેને પારિભાષિક શબ્દમાં 'ઔદારિક' કહેવામાં આવે છે. બીજો વિભાગ તૈજસ દેહ છે, જે ગરમી આપે છે અને ખોરાકનું પાચન કરવાની શક્તિ ધરાવે છે. ત્રીજો વિભાગ એ કાર્મણ દેહ છે, જે અત્યંત સૂક્ષ્મ છે. કાર્મણ દેહ પૌદ્ગલિક કાર્મણ-વર્ગણાઓનો બનેલો છે. આ કાર્મણ-વર્ગણાઓ આત્મપ્રદેશો સાથે મજબુતપણે મિશ્રભાવે જોડાયેલી હોય છે. આત્મ-પ્રદેશ એ આત્મ-તત્ત્વનું અવિભાજ્ય અંગ છે અને અસંખ્ય આત્મ પ્રદેશો સ્થૂળ દેહમાં વ્યાપ્ત છે. જીવ જ્યારે રાગદ્વેષ અને અજ્ઞાનવશ વિભાવિક વૃત્તિ અને પ્રવૃત્તિ કરે છે ત્યારે મન-વચન-કાયાદિ યોગ કંપાયમાન થાય છે અને તે શરીરમાં રહેલી અનેક પ્રકારની કાર્મણ-વર્ગણાઓને આકર્ષણ કરે છે. આ વર્ગણાઓ આત્મ-પ્રદેશો સાથે સંલગ્ન થાય છે, જેને કર્મબંધ કહેવામાં આવે છે. જીવે જે પ્રકારના વિભાવો કર્યા હશે અને જેટલી તીવ્રતાથી તે કર્યા હશે તે મુજબની વર્ગણાઓ ગ્રહણ થાય છે. કર્મ અનેક પ્રકારનાં છે, પરંતુ તેને સહેલાઈથી સમજી શકાય તે માટે તેનું આઠ-વિભાગમાં વર્ગીકરણ કરવામાં (અષ્ટ-કર્મ) આવ્યું છે. દરેક વિભાગ કોઈ ચોક્કસ આત્મિકગુણને આવરણ કરે છે. દા. ત. જ્ઞાન આવરણીય, દર્શન આવરણીય, મોહનીય, અંતરાય, આયુષ્ય, નામ, ગોત્ર અને વેદનીય. આમાંના પ્રથમ ચાર ઘાતી કર્મો છે, જેના સંપૂર્ણ ક્ષય કે ટળવાથી કેવળજ્ઞાન પ્રગટે છે. બાકીના ચાર અઘાતી કર્મો કેવળીના તે જ ભવમાં પૂર્ણ ક્ષય થતાં સિદ્ધગતિ થાય છે.

શ્રી વર્ધમાનસ્વામીને પ્રગટપણે વર્તતા શુદ્ધ-ગુણોનું ગુણકરણ, તેઓ પ્રત્યે પ્રીતિ, ભક્તિ, ઉપાસના ઇત્યાદિ સાધકથી થાય છે. આવી ધ્યેયલક્ષી પ્રવૃત્તિથી સાધકનું કારક-ચક્ર બાધકભાવમાંથી સાધક થાય છે.

## ભાર સંયમ અને વ્રત પર

ભગવાન મહાવીરે મારી સમજણ છે ત્યાં સુધી અને મને વાંચવા મળ્યું છે ત્યાં સુધી ક્યાંય એમ નથી કહ્યું કે માત્ર મારું નામ જપો, માત્ર પૂજા કરો, આમ કરો – તેમ કરો. ભગવાન પાસે કોઈ પણ વ્યક્તિ ગઈ તેને તેમણે એમ જ કહ્યું કે વ્રતોનો સ્વીકાર કરો. હિન્દુસ્તાનમાં એક મહાવીર જ એવા થયા છે કે જેમણે વ્રતો ઉપર આટલો ભાર મૂક્યો છે, સંયમ અને ચારિત્ર્ય ઉપર આટલો ભાર મૂક્યો છે.

આજે અત્યારે આપણે આત્મલોચન કરવું જોઈએ કે મહાવીરની જયંતી ઉજવી રહ્યા છીએ અને દર વર્ષે ઉજવતા રહીએ છીએ. હું માનું છું કે તે શુભ છે, ખરાબ નથી પરંતુ તેની સાથે વધારામાં એ પણ સાંકળી લેવું જોઈએ કે મહાવીરની જયંતી ઉજવતી વખતે આપણે એ વાત ન ભૂલીએ કે એકલા ભગવાન મહાવીરે પોતાના જમાનામાં ત્રણ લાખથી વધુ બાર વ્રતી શ્રાવકો તૈયાર કર્યા હતા. આજે આપણા જેટલા જૈનો છે, તેમાં જૈન અનુયાયી તો છે પરંતુ શ્રાવકો કેટલા છે તેનો આપણે વિચાર કરવો જોઈએ. આજે ચારે સમાજમાં હજારો સાધુ-સાધ્વીઓ છે. શું આજે ત્રણ લાખ જૈનોને બારવ્રતી શ્રાવક ન બનાવી શકાય ? જો આજે ત્રણ લાખ શ્રાવકો જૈનોમાં બારવ્રતી બની જાય તો હિન્દુસ્તાનમાં કદાચ એક નવી ક્રાંતિનો સૂત્રપાત થઈ શકે. હું આશા રાખું છું કે હિન્દુસ્તાનમાં આધ્યાત્મિક ક્રાંતિનો સૂત્રપાત કરવા માટે જૈન સમાજ આગળ આવશે.

❑ આચાર્ય મહાપ્રજ્ઞ

એટલે આવા સાધકને ક્ષયોપશમ વર્તે છે એવું અપેક્ષાએ કહી શકાય. આનાથી સાધકના આત્મપ્રદેશો ઉપર લાગેલ કર્મરૂપ પૌદ્ગલિક રજકણો ફળ આપી નીર્જરે છે. નવાં કર્મબંધ અટકી જવાથી સાધકના આત્મપ્રદેશો નિર્મળ થતાં જાય છે. આવી અપેક્ષાએ સ્તવનકારે કહ્યું છે કે–'મારી નિર્મળ થાયે કાયા રે.'

**તુમ ગુણ ગંગાજળે, હું ઝીલીને નિર્મળ થાઉં રે;**
**અવર ન ધંધો આદરું, નિશદિન તોરા ગુણ ગાઉં રે.**
**ગિરુઆરે ગુણ તુમ તણા...૨.**

ઘણાં ભક્તજનોમાં એવી માન્યતા પ્રવર્તે છે કે માત્ર ગંગા નદીમાં સ્નાન કરવાથી પાપો નષ્ટ થાય છે અને નિર્મળતા થાય છે, જે દેખીતી રીતે સંદેહજનક જણાય છે પરંતુ જિનદર્શનનો સાધક પ્રભુના અનંતા જ્ઞાન-દર્શનાદિ ગુણોરૂપ ગંગાજળમાં જ નિમગ્ન થવાની રુચિ ધરાવે છે. આવા સાધકને ગુરુગમે સમજણ પ્રગટેલી હોય છે કે પ્રભુને જે આત્મિકગુણો પ્રગટપણે વર્તે છે, તેવા જ ગુણો પોતાની સત્તામાં ભર્યા પડ્યા છે, પરંતુ તે આવરણ યુક્ત છે. એટલે પ્રભુના ગુણોનું ગુણગ્રામ, ચિંતન, મનન, ધ્યાનાદિથી સાધક પણ પોતાના ગુણો ભક્તિમાર્ગથી નિરાવરણ કરી શકે છે. સાધક એવી ભાવના ભાવે છે કે, 'હું નિરંતર પ્રભુગુણ ગાવામાં જ નિમગ્ન અને લીન રહું તથા અન્ય કોઈ પ્રવૃત્તિ ન કરું.' બીજી રીતે જોઈએ તો જ્ઞાન-સભર ભક્તિથી કરેલું ગુણગ્રામ પરમ-ઈષ્ટ એવી મુક્તિ પામવાનું પ્રધાન સત્-સાધન છે.

**ઝીલ્યા જે ગંગાજળે, તે છીલ્લર જળ કિમ પેસે રે ?**
**જે માલતી ફૂલે મોહિયા, તે બાવળ જઈ નવિ બેસે રે.**
**ગિરુઆરે ગુણ તુમ તણા...૩**

માત્ર ગંગા નદીના પાણીમાં સ્નાન કરવાથી શરીર અને અંતઃકરણ શુદ્ધ થઈ પાપો કે કર્મો નષ્ટ થતાં નથી. પરંતુ જે ભવ્યજીવ પ્રભુના ગુણોરૂપ જ્ઞાનગંગામાં ભાવપૂર્વક નિમગ્ન થાય છે તેની આંતરિક શુદ્ધિ અવશ્ય થાય છે. જે સાધકને સર્વજ્ઞ અને સર્વદર્શી એવા મહાવીર પ્રભુના ગુણો ઉપર રાગ અને રુચિ થાય છે તે ખાબોચિયા જેવા આસક્ત દેવ-દેવીઓની ભક્તિમાં અરુચિ ધરાવે છે. ગંગા નદીનું વહેતું પાણી શુદ્ધતા ધરાવે છે, જ્યારે ખાબોચિયાના છીછરા પાણીમાં મલિનતા હોય છે, જેમાં બાહ્ય શરીરનો મેલ પણ દૂર થવો શક્ય નથી.

સ્તવનકાર બીજો દાખલો આપતાં જણાવે છે કે જે ભમરો માલતીના સુગંધી ફૂલોથી મોહિત થાય છે તે બાવળના સુગંધ રહિત પુષ્પ ઉપર બેસે જ નહીં. આવી રીતે મુમુક્ષુ સાધક પરમ-વિશુદ્ધિ ગુણો ધરાવનાર શ્રી મહાવીર પ્રભુ ઉપર જ રાગ અને રુચિ ધરાવે છે. આવો ભક્તજન આસક્તિયુક્ત અન્ય દેવ-દેવીઓ પ્રત્યે ઉદાસીનતા સેવે છે, કારણ કે તેને મહાવીર પ્રભુ જેવા વીતરાગ પ્રત્યે અનન્યતા વર્તે છે.

**એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે;**
**તે કેમ પરસુર આદરે ? જે પરનારી વશ રાચ્યા રે,**
**ગુરુઆરે ગુણ તુમ તણા...૪**

જે ભવ્યજીવને પોતાનું સત્તાગત આત્મસ્વરૂપ શું છે અને શું નથી તેની યથાર્થ સમજણ ભેદજ્ઞાન મારફત એવા દેહધારી સદ્ગુરુ પાસેથી થાય છે, જેઓ આત્માનુભવી છે, તેવા સાધકને અંતિમ ધ્યેય કે લક્ષ્ય થાય છે. આવા સાધકનો સઘળો પુરુષાર્થ ધ્યેયલક્ષી થાય છે. આવા લક્ષ્યની પ્રાપ્તિનું એક સત્-સાધન શ્રી જિનેશ્વરનું પુષ્ટ-નિમિત્તાવલંબન છે. આ હેતુથી સાધક એકબાજુ શ્રી તીર્થંકર પરમાત્માનું ગુણગ્રામ કરે છે અને બીજી બાજુ પોતાના દોષો નિષ્પક્ષપાતપણે ઓળખી તેનું હૃદયપૂર્વક પ્રાયશ્ચિત કરે છે. આવો સાધક નિરંતર પ્રભુના ગુણોમાં જ રાચ્યો-માચ્યો રહે છે. આવા સાધકને આસક્તિ ધરાવનાર અન્ય દેવ-દેવીઓમાં જરાય રુચિ થતી નથી. સાધકની આવી આંતરિક વર્તનાની અપેક્ષાએ સમ્યક્ત્વની નિશાની કહી શકાય.

| ૧૪૧ | શ્રી જગશી એમ. શાહ | ૫૦૦૦ |
| ૧૪૨ | શ્રી રસિકલાલ ડી. જુઠાણી | ૨૫૦૦ |
| ૧૪૩ | શ્રી ટોકરશી એમ. ગડા | ૪૬૫૦ |
| ૧૪૪ | શ્રી કનકમલ મુનોત | ૧૦૦૦ |
| ૧૪૫ | શ્રી અમિતા ડી. પારેખ | ૪૭૫૦ |
| ૧૪૬ | શ્રી જયંતીલાલ જે. ગાંધી | ૧૦૦૦ |
| ૧૪૭ | શ્રી દિપક એમ. મોદી | ૫૦૦૦ |
| ૧૪૮ | શ્રી હિરેન શાહ | ૨૧૪૯ |
| ૧૪૯ | શ્રી મણિલાલ એસ. દોશી | ૫૦૦૦ |
| ૧૫૦ | શ્રી કાકુલાલ સી. મહેતા | ૪૫૦૦ |
| ૧૫૧ | શ્રી મહેન્દ્ર એચ. શાહ | ૪૭૫૦ |
| ૧૫૨ | શ્રી સોનલ રાજેનકુમાર શાહ (નવા) | ૫૦૦૦ |
| ૧૫૩ | શ્રી લક્ષ્મીચંદ કે. શાહ | ૪૫૦૦ |
| ૧૫૪ | શ્રી વિનિત અરવિંદ શાહ (નવા) | ૫૦૦૦ |
| ૧૫૫ | શ્રી પ્રકાશ નાગરદાસ શાહ | ૫૦૦૦ |
| ૧૫૬ | શ્રી વી. એન. સવાણી (માટુંગા ગુજરાતી ક્લબ લિ.) | ૪૭૫૦ |
| ૧૫૭ | લીના વી. શાહ | ૪૫૦૦ |
| ૧૫૮ | શ્રી રસિકલાલ એન. વોરા | ૪૭૫૦ |
| ૧૫૯ | શ્રીમતી મીરા આર. મહેતા | ૫૦૦૦ |
| ૧૬૦ | શ્રી શાંતિલાલ રામજી ગડા | ૪૫૦૦ |
| ૧૬૧ | શ્રી દિનેશ વરજીવનદાસ શાહ | ૨૫૦૦ |
| ૧૬૨ | શ્રી શિરીષ કે. ભણશાલી | ૪૬૫૦ |
| ૧૬૩ | ડૉ. ધીરેન્દ્રકુમાર વી. શાહ | ૫૦૦૦ |
| ૧૬૪ | શ્રી પ્રમોદચંદ વીરચંદ શાહ | ૨૫૦૦ |
| ૧૬૫ | ડૉ. ભરત જે. ભીમાણી | ૪૫૩૦ |
| ૧૬૬ | શ્રી કિરણ એચ. શાહ | ૪૫૦૦ |
| ૧૬૭ | શ્રી અશોક એસ. મહેતા | ૫૦૦૦ |
| ૧૬૮ | શ્રી લક્ષ્મીચંદ યુ. મારૂ | ૪૫૦૦ |
| ૧૬૯ | શ્રી અનંતરાય એફ. શાહ | ૨૫૦૦ |
| ૧૭૦ | શ્રી હસમુખભાઈ તલસાણીયા | ૧૦૦૦ |
| ૧૭૧ | શ્રી શાંતિલાલ સી. શાહ | ૫૦૦૦ |
| ૧૭૨ | શ્રી જયંતીલાલ એમ. દોશી | ૫૦૦૦ |
| ૧૭૩ | શ્રીમતી દર્શનાબેન નરેશ પરીખ | ૫૦૦૦ |
| ૧૭૪ | શ્રી હરીશ એલ. સંઘવી | ૧૫૦૦ |

| | નામ | રકમ |
|---|---|---|
| ૧૭૫ | શ્રી દિનકરભાઈ એ. કોઠારી | ૫૦૦૦ |
| ૧૭૬ | શ્રી શાંતિલાલ સંઘવી | ૧૦૦૦ |
| ૧૭૭ | શ્રી હર્ષદભાઈ બી. દોશી | ૪૫૦૦ |
| ૧૭૮ | શ્રી હરખચંદભાઈ બી. શાહ | ૨૫૦૦ |
| ૧૫૮ | શ્રી રસિકલાલ એન. વોરા | ૪૭૫૦ |
| ૧૫૯ | શ્રીમતી મીરા આર. મહેતા | ૫૦૦૦ |
| ૧૬૦ | શ્રી શાંતિલાલ રામજી ગડા | ૪૫૦૦ |
| ૧૬૧ | શ્રી દિનેશ વરજીવનદાસ શાહ | ૨૫૦૦ |
| ૧૬૨ | શ્રી શિરીષ કે. ભણશાલી | ૪૬૫૦ |
| ૧૬૩ | ડૉ. ધીરેન્દ્રકુમાર વી. શાહ | ૫૦૦૦ |
| ૧૬૪ | શ્રી પ્રમોદચંદ વીરચંદ શાહ | ૨૫૦૦ |
| ૧૬૫ | ડૉ. ભરત જે. ભીમાણી | ૪૫૩૦ |
| ૧૬૬ | શ્રી કિરણ એચ. શાહ | ૪૫૦૦ |
| ૧૬૭ | શ્રી અશોક એસ. મહેતા | ૫૦૦૦ |
| ૧૬૮ | શ્રી લક્ષ્મીચંદ યુ. મારૂ | ૪૫૦૦ |
| ૧૬૯ | શ્રી અનંતરાય એફ. શાહ | ૨૫૦૦ |
| ૧૭૦ | શ્રી હસમુખભાઈ તલસાણીયા | ૧૦૦૦ |
| ૧૭૧ | શ્રી શાંતિલાલ સી. શાહ | ૫૦૦૦ |
| ૧૭૨ | શ્રી જયંતીલાલ એમ. દોશી | ૫૦૦૦ |
| ૧૭૩ | શ્રીમતી દર્શનાબેન નરેશ પરીખ | ૫૦૦૦ |
| ૧૭૪ | શ્રી હરીશ એલ. સંઘવી | ૧૫૦૦ |
| ૧૭૫ | શ્રી દિનકરભાઈ એ. કોઠારી | ૫૦૦૦ |
| ૧૭૬ | શ્રી શાંતિલાલ સંઘવી | ૧૦૦૦ |
| ૧૭૭ | શ્રી હર્ષદભાઈ બી. દોશી | ૪૫૦૦ |
| ૧૭૮ | શ્રી હરખચંદભાઈ બી. શાહ | ૨૫૦૦ |
| ૧૭૯ | શ્રી મનહર સી. પારેખ | ૫૦૦૦ |
| ૧૮૦ | શ્રી નરેન્દ્ર એમ. શાહ | ૪૫૦૦ |
| ૧૮૧ | શ્રીમતી ઝવેરબેન પી. સોની | ૧૦૦૦ |
| ૧૮૨ | શ્રી મનહરલાલ જે. શેઠ | ૧૦૦૦ |
| ૧૮૩ | શ્રી રસિકચંદ ડી. તુરખીયા | ૧૦૦૦ |
| ૧૮૪ | શ્રી રમણલાલ એન. શાહ | ૨૫૦૦ |
| ૧૮૫ | શ્રી હંશા નિરંજન વોરા | ૪૦૦૦ |
| ૧૮૬ | શ્રી પ્રકાશ કે. શાહ | ૧૦૦૦ |
| ૧૮૭ | શ્રી મહેન્દ્ર એમ. શાહ | ૪૦૦૦ |
| ૧૮૮ | શ્રી કિશનભાઈ કે. કાપડિયા | ૨૫૦૦ |
| ૧૮૯ | શ્રી શરદ એમ. ગાંધી (નવા) | ૫૦૦૦ |
| ૧૯૦ | શ્રીમતી ભારતીબેન બી. શાહ (નવા) | ૫૦૦૦ |
| ૧૯૧ | શ્રી પી. એમ. શાહ | ૫૦૦૦ |
| ૧૯૨ | શ્રી બી. એસ. વસા | ૫૦૦૦ |
| ૧૯૩ | શ્રી અનંત જે. ધામી | ૫૦૦૦ |
| ૧૯૩ | શ્રી રસિકલાલ એસ. તુરખિયા | ૫૦૦ |
| | ટોટલ | ૧૦,૬૨,૦૫૭ |

# જયભિખ્ખુ જીવનધારા : ૧૬

☐ ડૉ. કુમારપાળ દેસાઈ

*[ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ સર્જક 'જયભિખ્ખુ'ની જીવનકથામાં હવે રંગ પુરાય છે જવાંમર્દીના. વળી ચરિત્રકારના ચરિત્રની સાથે એની આસપાસનો પરિવેશ એટલો જ રસપ્રદ બનતો હોય છે. આજથી એકસો વર્ષ પૂર્વેના સમાજની માન્યતાઓ, વહેમો અને જીવનદશાનું આમાં ચિત્રણ મળે છે. એમના શાળાજીવનના પ્રસંગોમાંથી એમના સર્જનની પીઠિકા સાંપડે છે. અહીં એમના શાળાજીવનના સર્જનલક્ષી ઘટનાપ્રસંગોની ઝલક જોઈએ એમની જીવનકથાના હવેના પ્રવાહમાં.]*

## જીવની જેમ જાળવજે!

પ્રત્યેક માનવીને અતીતનું એક તીવ્ર ખેંચાણ હોય છે. એ અતીત એના ચિત્તને ભૂતકાળની સ્મૃતિઓના રંગે રંગી નાખે છે. એ સ્મૃતિઓ એના વર્તમાન જીવનમાં આનંદ-કરુણાના વિવિધ ભાવો જગાડતી હોય છે. એમાં પણ 'તને સાંભરે રે?' અને 'મને કેમ વીસરે રે?'- એવા કેટલાય પ્રસંગો ચિત્તમાં ઊપસી આવતા હોય છે. મન પુનઃ પુનઃ બાળપણની દુનિયામાં સરી જતું હોય છે.

ઉત્તર ગુજરાતના વરસોડા ગામની નિશાળમાં ભીખાલાલે (જયભિખ્ખુનું હુલામણું નામ) અભ્યાસ કર્યો. સાબરમતી નદી આ ગામથી માત્ર એક ગાઉ (દોઢેક માઈલ)ના અંતરે હતી, પરંતુ નદી અને ગામની વચ્ચે પુષ્કળ વાઘાં-કોતર આવેલાં હતાં. નિર્જન અને ભેંકાર કોતરમાં બાવળ અને આવળના ઝાડ સ્થળના એકાંત અને ભયની તીવ્રતા વધારતાં હતાં. વળી ઠેર ઠેર હાથિયા થોરની મોટી-મોટી વાડ જોવા મળતી હતી. ઊંડાં કોતરોમાં થઈને પસાર થતી કેડી પર ચાલતી વખતે ભલભલાની હિંમત ભાંગી જતી. આખો માણસ જાણે જમીનમાં ખોવાઈ ગયો હોય, એ રીતે આ ઊંચાં કોતરોમાં એ ક્યાંક અદૃશ્ય થઈ જતો.

વાતાવરણમાં એવો સન્નાટો રહેતો કે વટેમાર્ગુની આંખની કીકી સતત ચોતરફ ભમતી રહેતી. કોઈ ધાડપાડુ, બહારવટિયો કે લેભાગુ માણસ કોતરની કઈ બખોલમાંથી ધસી આવશે એનો કશો અંદાજ નહોતો. આવે સમયે મદદે આવે એવુંય કોઈ દેખાતું નહોતું. કોતરોની આ ભયાનકતામાં કૂવાઓ ઉમેરણ કરતા હતા. સુકાઈ ગયેલા આ કૂવાઓ વિશે કેટલીયે લીલીછમ કથાઓ ગામલોકોની જીભે ચર્ચાતી હતી. ગામની વસ્તી કરતાં ગામના વિસ્તારમાં ભૂતપ્રેતની વસ્તી વધુ હતી! કોઈનું અકાળે મૃત્યુ થાય કે કોઈ ધીંગાણામાં ખપી જાય, તો એ બધાનો જીવ અવગતિ પામીને ભૂતપ્રેત થતો! આપઘાત કરનારી પ્રત્યેક નારી ડાકણનું રૂપ ધારણ કરતી અને એથી જ સાબરમતી નદીના કિનારે આવેલા બે કૂવાઓ વિશે ગામમાં જાતજાતની વાતો ચાલતી હતી.

એમ કહેવાતું કે આમાંના એક કૂવામાં એક બ્રાહ્મણી અને બીજા કૂવામાં મોચણ ડૂબી ગઈ હતી. એ ડૂબી ગયેલી બંને સ્ત્રીઓનો જીવ અવગતે જતાં એ બંને કુવાના થાળા પર બેસીને અનેક કૌતુક કરે છે એમ કહેવાતું. ક્યારેક એમનું રુદન સંભળાતું તો ક્યારેક અટ્ટહાસ્ય. અરે, રસ્તે જતા વટેમાર્ગુને અટકાવીને એ ચિત્રવિચિત્ર પ્રશ્નો કરે છે અને પસાર થતી કોઈ સ્ત્રીની પાસે સાડી માગે છે.

આવી તો કેટલીય કથાઓ વરસોડા ગામમાં ઘેર-ઘેર પ્રચલિત હતી. કેટલાક તો મૂછે તાવ દઈને કહેતા કે આ બધું અમે નજરોનજર જોયું છે તો કોઈ નવી વાર્તા કરતું કે ગામની એક સ્ત્રી આ રસ્તેથી પસાર થતી હતી અને એને આ અવગતિએ ગયેલી સ્ત્રીઓ વળગી પડી તે કારણે એ સ્ત્રીને ભૂત વળગ્યું હતું. કોઈ કહેતું કે અમે એને મોટે સાદે ગાતી સાંભળી છે તો કોઈ કહેતું કે અમે કૂવાની અંદર ભૂસકા મારવાનો અવાજ સાંભળ્યો છે! ભૂતપ્રેતના ભેદને પારખનારા અનુભવી લોકો એવી સલાહ આપતા કે આ રસ્તેથી નદીએ જવું નહીં અને જવું પડે તો એના મુખ સામે જોવું, પણ પીઠ સામે ન જોવું. કારણ કે એ તો ચુડેલ કહેવાય. તરત વળગી પડે!

ભીખાલાલ આવી ઘણી વાતો ગામડાગામમાં સાંભળતા, પણ મનમાં એક પાકી ગાંઠ વળી ગયેલી કે જીવતા માણસને મરેલો માણસ શું કરી શકવાનો?

વળી, આ બે કૂવાઓથી અર્ધા ગાઉ દૂર નદીના કિનારે સ્મશાન આવેલું હતું. આ સ્મશાનમાં કૂતરાં અને શિયાળ સદાય રડ્યાં કરતાં અને ત્યાંથી ઓતરાદી (ઉત્તર) દિશામાં નાહવાનો ધરો આવ્યો હતો. એક વાર ભીખાલાલ અને એના ગોઠિયાઓ આ ધરામાં સ્નાન કરવા ગયા. એ સમયે શિયાળાની બપોરની છુટ્ટી મિત્રો સાથે મળીને આ રીતે ઊજવતા હતા. ભીખાલાલના એક વડીલ એક નાનું સુંદર ઘડિયાળ વિદેશથી લાવ્યા હતા. એ જમાનામાં ઘડિયાળની કલ્પના કરવીયે મુશ્કેલ.

> सो जयइं जस्स केवलणाणुज्जलदप्पणम्मि लोयालोयं ।
> पुढ यदिबिंब दीसइ, वियसियसयवत्तगब्भगउरो वीरो ।।
>
> **-જય ધવલા ૩ : મંગલાચરણ**
>
> જેના કેવળજ્ઞાન રૂપી ઉજ્જવળ દર્પણમાં લોક અને અલોક પ્રતિબિંબની જેમ દેખાય છે, જે વિકસિત કમળગર્ભની સમાન ઉજ્જ્વળ અને તપ્તસુવર્ણ જેવા પીળા વર્ણના છે તેવા ભગવાન મહાવીરનો જય થાવ.

એવે સમયે આ એવું ઘડિયાળ હતું કે જેના કાંટા રાત્રે અંધારામાં ઝગમગ થતાં. વળી એમાં એક નાનકડો કાંટો હતો, એ તો આખો દિવસ દોડ્યા જ કરતો! અટકવાનું નામ લે નહીં, ઘાંચીના બળદની જેમ ગોળગોળ ફર્યા કરે અને એક વાર ફરવાનું શરૂ કર્યું તો થોડી જ વારમાં પાછો એ ત્યાં આવીને ઊભો રહેતો હતો.

ભીખાએ પોતાના એ વડીલ પાસેથી અપાર આશ્ચર્યો ધરાવતી ઘડિયાળ પહેરવા માગી. પહેલાં તો વડીલે આનાકાની કરી. આ છોકરો એને તોડી નાખશે તો એ ઘડિયાળને 'રિપેર' કરનાર ક્યાંથી મળશે? ભીખાએ તો હઠ પકડી અને કહ્યું કે 'આ ઘડિયાળને હું જીવની જેમ જાળવીશ. સતત મારી સાથે રાખીશ. એને એક પળ પણ રેઢી મૂકીશ નહીં.' આથી નદીએ ધરામાં સ્નાન કરવા ગયેલા ભીખાલાલ આ ઘડિયાળ સાથે લઈને ગયા હતા. ઘરમાં મૂકે અને કોઈના હાથમાં ચડે તો! એ દિવસે નદીએ નાહી, ધોઈને સાંજે પાછા ફર્યા. આરતીના સમયે બધા ગોઠિયાઓ ભેગા થયા. આનંદભેર આરતી કરી અને પછી અંધારું થતાં સહુ ઘર તરફ પાછા ફર્યા.

આવે સમયે ભીખાલાલના મનમાં વિચાર જાગ્યો કે કેટલા વાગ્યા હશે! અને તરત જ અંધારામાં ઝગમગતી ઘડિયાળના કાંટા યાદ આવ્યા. એણે પહેરણના ખિસ્સામાં હાથ નાંખ્યો, તો ખ્યાલ આવ્યો કે ઘડિયાળ તો નદીકિનારે આવેલા પીપળાના થડની બખોલમાં પડી હશે. ધરામાં સ્નાન કરવા જતી વખતે બખોલમાં એ સાચવીને મૂકી હતી. નાહ્યા પછી ઝટપટ કપડાં પહેરીને રોજની માફક ઘેર આવ્યો અને ઉતાવળમાં ઘડિયાળ લેવાનું વીસરી ગયો.

ભીખાને માથે તો આફતનો પહાડ તૂટી પડ્યો. એક તો વડીલ ઘડિયાળ આપવાની આનાકાની કરતા હતા અને પોતે હઠ કરીને મેળવી હતી. માંડ માંડ એમણે ઘડિયાળ આપવાની તૈયારી બતાવી અને શરત કરી હતી કે આને જીવની પેઠે જાળવજે. હવે શું થશે? વડીલના મારની બીક નહોતી, પરંતુ વડીલના મનમાં પોતાને વિશે કેવો ખોટો અભિપ્રાય બંધાશે એ વિચારથી ભીખો શરમમાં ડૂબી ગયો. પોતે વડીલને કઈ રીતે મોં બતાવશે? હવે કરવું શું?

મનમાં એમ પણ થયું કે વડીલને આડુંઅવળું સમજાવી દઉં, પણ તેથી શું? વડીલે મારા ઉપર વિશ્વાસ મૂક્યો એટલે હવે હું એમને છેતરું? મિત્રોને વાત કરી એટલે સહુએ હમદર્દી બતાવવા માંડી. પરંતુ ઘડિયાળ પાછી મેળવવાનો કોઈની પાસે ઉપાય નહોતો. મિત્રોએ ગમગીન ચહેરે વિદાય લીધી. ભીખો વિચારમાં પડ્યો કે ક્યાંથી આ ઉપાધિ વહોરી લીધી! ઘડિયાળ બતાવીને મિત્રો પર વટ પાડવાનો વિચાર કેમ આવ્યો?

કોઈ લક્ષાધિપતિની સઘળી દોલત લૂંટાઈ જાય અને જેટલું દુઃખ થાય એના કરતાંય વિશેષ દુઃખ ભીખાને થવા માંડ્યું. લક્ષાધિપતિને એનું સઘળું ધન ગુમાવવા છતાં મનથી એટલો સંતુષ્ટ હોય છે. 'હશે, મારું હતું ને મેં જ ખોયું.' જ્યારે ભીખાને તો એમ લાગતું હતું કે એનું નહોતું અને એણે ખોયું. વિચારમગ્ન ભીખો મંદિરના ઓટલા પર બેસી રહ્યો. મનોમન વિચારતો હતો કે હવે બસ, અહીં જ મંદિરના ઓટલા પર બેસી રહેવું છે. મારે કોઈની પાસે જવું નથી અને કશું કરવું નથી. આ મિત્રોય કેવા છે કે મારી મદદે આવતા નથી. આમ ને આમ રાતના દસ વાગ્યા. મંદિરના દરવાજા પણ બંધ થઈ ગયા. ચોરા ઉપરના હનુમાનજીનો દીવો પણ ઓલવાઈ ગયો. ચારે બાજુ અંધકાર પ્રસરી ગયો અને અચાનક આ અંધારામાં કોઈ ભીખાના ખમીસની ચાળ (અંગરખાનો છાતી નીચેનો ઘેર) ખેંચતું લાગ્યું.

ભીખો ચોંકી ગયો. ભયભીત બન્યો અને ગભરાઈને પાછળ જોયું તો એનો મિત્ર જગત ઊભો ઊભો હસતો હતો. પોતાના માથે મુસીબતનો પહાડ તૂટી પડ્યો હોય અને કોઈ મિત્ર આટલી બધી બેફિકરાઈથી હસે, એ ભીખાને માટે અસહ્ય બની રહ્યું. એણે કહ્યું, 'જગત, તુંય નઠારો નીકળ્યો. ભીડમાં મદદ કરે તે ભેરુ કહેવાય. પણ તને ક્યાં કઈ મારી ચિંતા-ફિકર છે.'

ભીખાએ પોતાના મનની અકળામણ વ્યક્ત કરી. મુશ્કેલીનો મુંઝારો ઘણી વાર આવી અકળામણથી વ્યક્ત થતો હોય છે. જગતે કહ્યું, 'અરે! એમાં આવો ઢીલો શું થઈ ગયો છે? ચાલ, થા તૈયાર! જઈને ઘડિયાળ લઈ આવીએ. કોઈનેય ખબર નહીં પડે અને જલદી પાછા આવી જઈશું.'

ગભરાયેલા ભીખાલાલના મનમાં બાળપણથી જ ભયનું નિરંકુશ રાજ્ય હતું. એના ચિત્તમાં ભયના સંસ્કારો લદાયા હતા અને આથી એણે જગતને કહ્યું, 'ગાંડો થયો છે? અત્યારે જવાય? જવાના રસ્તામાં બે ગોઝારા કૂવા આવે છે, ત્યાં ચુડેલ વસે છે તે તું જાણે છે ને! અને એથીય વધારે આ અંધારી રાતે ઊંડાં કોતરમાં કોઈ જંગલી જાનવર સામું મળે તો? ના, ભાઈ ના, ઘડિયાળ મેળવવા માટે જીવ ગુમાવવો નથી.'

ભીખાએ ધ્રૂજતા અવાજે કહ્યું, ત્યારે એના જવાબમાં જગત બોલ્યો, 'સાવ નમાલો છે. ઓટલે બેઠો બેઠો રોયા કર. તારાથી બીજું કંઈ નહીં થાય. જીવતા માનવીને મરેલાં મડદાં ડરાવવા લાગે ત્યારે થઈ રહ્યું. મર્દ છે કે કોણ? વળી તારી સાથે હુંય આવું છું. આપણે બે છીએ. પછી શું? જાણતો નથી કે એક જણ એટલે કંઈ નહીં અને બે જણ એટલે બે એકડે અગિયાર.'

જગત આત્મવિશ્વાસથી બોલતો હતો. વળી ભીખો ડરપોક નહોતો. દિવસે કહો એ કામ કરી આપે, પણ બાળપણમાં સાંભળેલી ભૂતપ્રેતની વાતો એના મનમાં એવી જડ ઘાલી ગઈ હતી કે અંધારું એને ભયજનક લાગતું હતું. રાત્રિ એને કાળરાત્રિ જેવી ભાસતી હતી. નિશાળમાં ખેલકૂદમાં ભીખો સૌથી મોખરે રહેતો હતો. ઊંચા કૂદકા અને લાંબા કૂદકાની હરીફાઈમાં તો કોઈ એવો માડીજાયો નહોતો કે એ ભીખાને ટપી જાય.

ભીખો માનતો કે ચોર સામે લડી શકાય, ગમે તેવા જાનવર સામે ઝઝૂમી શકાય, પણ આ માયાવી જીવોને તો કેમેય કરીને વશ કરી શકાય નહીં. ભીખાના આ ભયને જગતના મહેણાં-ટોણાંએ દૂર હઠાવ્યો અને એ એકદમ ઊભો થઈને જગતનો હાથ પકડીને બોલ્યો. 'ચાલો, કરીએ કૂચ-કદમ.'

અંધારામાં કૂચ-કદમનો વિચાર કર્યો, પરંતુ એના આચરણમાં અનેક મુશ્કેલીઓ હતી. એક તો એ કે ગામના નાકેથી નદી તરફ જવાય નહીં, કારણ કે કોઈ ઓળખીતું મળે તો આટલી મોડી રાત્રે નદી ભણી જવા માટે ઠપકો આપે. મોડી રાતે આમ કરવાની વાત જો ઘેર પહોંચે તો રાત્રે બહાર નીકળવા પર પ્રતિબંધ મુકાઈ જાય અને વધારામાં મેથીપાક મળે.

ભીખો અને જગત સાવ જુદો જ માર્ગ લઈને વાંઘાંમાં ઊતર્યા. જગત બે લાકડી લાવ્યો હતો. એક એની કડિયાળી લાકડી અને બીજી ભીખાને માટે હતી. વળી સાથે કમરમાં એક છરો ખોસ્યો હતો. એ જમાનામાં આ રીતે કમરમાં છરો ખોસવાની ગામડામાં ફૅશન ચાલતી. રાતના અંધકારમાં ઊંડાં ઊંડાં કોતરો અને વાંઘાંની વચ્ચેથી માત્ર ટમટમતા તારાઓના તેજથી ભીખો અને જગત માર્ગ કાપી રહ્યા હતા. મધરાતનો ઠંડો પવન શરૂ થયો. વનવગડાનાં ફૂલોની સુગંધ નાકને મઘમઘાવી રહી હતી. આ બે મિત્રોના પગરવથી શિયાળવાં અને ઘોરખોદિયાં રસ્તાની બાજુમાં લપાઈ-છુપાઈ જતાં હતાં.

બંને મિત્રોની આંખમાં રાતની દુનિયા જોવાનું કુતૂહલ રમતું હતું. દિવસની દુનિયા કરતાં રાતની દુનિયા કોઈ ઓર રંગ ધરાવતી હોય છે. આવી શાંતિ અને આવી ગંભીર ઘડીઓ ભીખાએ જિંદગીમાં ક્યારેય પસાર કરી નહોતી. જ્યારે જગતના પિતા ખેડૂત હોવાથી ક્યારેક એના પિતાની સાથે ખેતરમાંથી મોડો ઘેર આવતો હતો.

બંને મિત્રો સાબરમતીના રેતાળ પટ પર આવી પહોંચ્યા. અચાનક એક છીંકોટો (વારેઘડીએ છીંક ખાનારું) સંભળાયો. જગત ઊભો રહી ગયો. એણે ભીખાનો હાથ પકડ્યો. આકાશના તારાના ઝાંખા પ્રકાશમાં જોયું તો સામેથી કાળી મેંશના જેવું ઢીંચકા અને જાડા માણસના આકારનું કંઈક વેગથી ચાલ્યું આવતું હતું.

ભીખાએ જગતનો હાથ દાબીને કહ્યું, 'અરે જગત, આ સામે જો, કાળું શું આવે છે? ભૂત લાગે છે. માર્યા.'

જગતે ભીખાને જરા તીખા અવાજે કહ્યું. 'હે ભગવાન, તને તો જ્યાં અને ત્યાં ભૂત ને ભૂત જ દેખાય છે. જો એ ભૂત હોત તો તો હું દોડીને સાત વાર એને ગળે બાઝી જાઉં, પણ એ ભૂત નથી. કોઈ જંગલી જાનવર લાગે છે.'

સાબરમતી નદીનો રેતાળ પટ જ્યાંથી શરૂ થતો હતો, એવા ખેતરના છેલ્લા ખૂણે બંને ઊભા રહ્યા. પેલો કાળો આકાર દૂર દૂર જતો હતો અને બંનેએ છૂટકારાનો શ્વાસ લીધો. પરંતુ આ દિવસ ભીખાને માટે આપત્તિનો દિવસ હતો. હોય નહીં ત્યાંથી મુસીબત આવતી હતી. મુસીબત થોડી દૂર ટળે તો પાછી ફરીને સામે આવીને ઊભી રહેતી હતી.

કમનસીબે થોડી વારમાં એ કાળો પડછાયો પાછો ફરતો દેખાયો અને જગતે કહ્યું, 'આ ભૂત નથી. પણ રીંછ છે. મહુડાની આ ઋતુમાં મહુડાને આરોગીને ઝૂમતું લાગે છે. રીંછ પોતાને ભાવતા મહુડા અકરાંતિયા માફક ખાય છે અને પછી એને એનું ઘેન ચડે છે. આવે વખતે એને છંછેડવું સારું નહીં.'

ભીખાએ જગતની રીંછ વિશેની જાણકારી પર ઝાઝું લક્ષ આપ્યું નહીં. એણે તો એમ માન્યું કે નક્કી ભૂત રીંછ બનીને જ આવ્યું છે. એણે પોતાની આ શંકા જગત સમક્ષ પ્રગટ કરી ત્યારે જગતનો ગુસ્સો ઊછળી ઊઠ્યો.

'અલ્યા, સાવ ઘરકૂકડી જેવો છે તું. બસ, બધી વાતમાં તું ભૂતને જ ભાળે છે. સાંભળ! હું તો કેટલાંય જંગલો ખૂંદી વળ્યો છું. દિવસ હોય કે રાત-એની કદી પરવા કરી નથી. શિયાળાની ઠંડીમાં કે ચોમાસાના વરસાદમાં, ઘોર મધરાતે વગડામાં ઘૂમ્યો છું. પણ કોઈ દિવસ એવું ભૂત મેં ભાળ્યું નથી. પણ હવે સાવધાન થઈ જા. જો રીંછ આપણી તરફ આવી રહ્યું છે. **(ક્રમશઃ)**

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭. મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫

## ડૉ. કુમારપાળ દેસાઈના પુસ્તકને પ્રદીપકુમાર રામપુરિયા સાહિત્યપુરસ્કાર

આજના વિશ્વની સમસ્યાઓના સંદર્ભમાં શિકાગો અને કૅપટાઉનની વિશ્વધર્મ પરિષદ અને અન્ય આંતરરાષ્ટ્રીય પરિષદોમાં અપાયેલાં ડૉ. કુમારપાળ દેસાઈનાં વ્યાખ્યાનોનો સંગ્રહ `Jainism : The Cosmic Vision' ને ઉત્તમ પુસ્તક તરીકે 'શ્રી પ્રદીપકુમાર રામપુરિયા સ્મૃતિ સાહિત્ય પુરસ્કાર' અર્પણ કરવામાં આવ્યો. જૈન ધર્મ અને દર્શનને માટે અપાતો આ પુરસ્કાર આપતાં શ્રી સુખરાજજી જૈને જણાવ્યું હતું કે આ ગ્રંથમાં જૈન ધર્મની તાત્ત્વિક વિચારણાની સાથોસાથ માનવ અધિકાર અને જૈન ધર્મમાં સ્ત્રીનું સ્થાન વિશે આગવા વિચારો મળે છે અને જૈન ધર્મના શાકાહાર, ક્ષમાપના જેવા વિષયોની સાથોસાથ વિશ્વભરની જૈન સંસ્થાઓને એકસૂત્રે જોડવાના 'જૈન ડાયસ્પોરા' વિશે નવું ચિંતન પ્રસ્તુત કર્યું છે. આચાર્યશ્રી નાનેશ ધ્યાન કેન્દ્રના ડૉ. સુરેશ સિસોદિયાએ કહ્યું કે આ ગ્રંથ વર્તમાન યુગમાં જૈનદર્શનની ભાવનાઓની પ્રયોગશીલતા દર્શાવે છે.

ઉદેપુરની નજીક આવેલા મંગલવાડમાં શ્રી અખિલ ભારતીય સાધુમાર્ગી જૈન સંઘના અધ્યક્ષ શ્રી સુંદરલાલજી દુગડ દ્વારા ડૉ. કુમારપાળ દેસાઈને ચંદ્રક, સન્માનપત્ર તથા સાહિત્યથી સન્માનિત કરવામાં આવ્યા.

# શ્રી જૈન મહાવીર ગીતા–એક દર્શન : ૧૭

❑ પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજી

**સપ્તદશ અધ્યાય : મંત્રયોગ**

'શ્રી જૈન મહાવીર ગીતા'માં સોળ અધ્યાય પૂર્ણ થયા પછી છ સ્વતંત્ર પ્રકરણ છે. સત્તરમા પ્રકરણ રૂપે 'મંત્રયોગ' છે. 'શ્રી જૈન મહાવીર ગીતા'ની રચના સંવાદ શૈલીમાં થઈ છે. પ્રથમ ગણધર શ્રી ગૌતમ સ્વામી પૂછે છે અને ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીર ઉત્તર વાળે છે. સમગ્ર 'શ્રી જૈન મહાવીર ગીતા'માં વિશિષ્ટતા એ છે, ક્યાંય પ્રસંગ નથી પણ વિભિન્ન અધ્યાયોમાં ભક્તિ, શક્તિ, ધર્મ, જ્ઞાન ઈત્યાદિ અનેક વિષયો પર ભગવાન મહાવીર સીધો ઉપદેશ આપે છે. ભગવદ્ ગીતાની જેમ વિભિન્ન વિષયો પર નિરૂપણ થયું હોવાથી પાઠકને પોતાને મનભાવન કશુંક મળી રહે તેવી સંભાવના ઊભી થાય છે. આમ છતાં એક પણ દૃષ્ટાંત વિના 'શ્રી જૈન મહાવીર ગીતા' આપણને સતત સતર્ક અને જાગૃત રાખે છે એ તેની વ્યાપક સિધ્ધિ ગણવી જોઈએ.

'શ્રી જૈન મહાવીર ગીતા'માં સોળ પ્રકરણ પૂરા થયા પછી 'મંત્રયોગ' છે. આ પ્રકરણથી ગ્રંથલેખક શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીએ સત્તરમા અધ્યાય રૂપે નહીં પણ માત્ર એક પ્રકરણ રૂપે બાકીના છ પ્રકરણનું આલેખન કરેલ છે.

'શ્રી જૈન મહાવીર ગીતા'માં પ્રારંભથી અત્યાર સુધી શ્રી ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે. 'મંત્રયોગ'માં સર્વપ્રથમવાર શ્રી સુધર્માસ્વામી પ્રશ્ન કરે છે. એને પ્રભુ શ્રી મહાવીર 'મંત્રયોગ' કહે છે.

'શ્રી જૈન મહાવીર ગીતા'માં 'મંત્રયોગ'માં ૧૪૧ શ્લોક દ્વારા 'મંત્રયોગ'નો પ્રારંભ આમ થાય છે.

शक्तियोगं महायोग समाकर्ण्य महामतिः ।
प्रणम्यं श्री महावीरं, सुधर्मोवाच भक्तिः।।

चिन्तामणिसमा लोके, चिन्तितार्थप्रदायकाः।
त्वया सम्यक्तया प्रोत्का:, सर्वयोगाः श्रुता मया।।

स्वदीपमन्त्रयोगस्तु, सम्यगाराधितो नृणाम् ।
सद्यः फलप्रदातास्ति, तस्माातं वच्मि भक्तिः।।

**'મહાન બુદ્ધિશાળી એવા સુધર્મએ શક્તિયોગ સાંભળીને ભક્તિપૂર્વક પ્રણામ કરીને મહાવીરને આ પ્રમાણે પૂછ્યું:'**

**'આ જગતમાં ઈચ્છિત પદાર્થો આપનારા ચિંતામણિ સમાન એવા બધા યોગો તમે મને કહ્યા, તે મેં સારી રીતે ધ્યાન દઈને સાંભળ્યા છે.'**

**'તમારો આ મંત્ર યોગ લોકો સારી રીતે કરે તો તરત જ ફળ આપનાર બને છે. તેથી ભક્તિપૂર્વક તમે મને તે કહો.'**

(મંત્રયોગ, ગાથા-૧, ૨ અને ૩)

જગતના પ્રત્યેક ધર્મોમાં અને પ્રત્યેક દેશોમાં મંત્ર માટે શ્રદ્ધા કેળવાઈ છે. જૈન ધર્મ કર્મમાં માને છે, છતાંય મંત્ર વિશે ભગવાન મહાવીરના સમયથી ગહન ચિંતન અને વ્યાપક નિરૂપણ થયું છે. આગમગ્રંથોમાં પણ મંત્ર વિશે ઉલ્લેખ મળે છે. એમ પણ કહેવાયું છે કે આગમગ્રંથના પ્રત્યેક અક્ષર મંત્ર સ્વરૂપ છે. વળી, જૈન ધર્મનો 'શ્રી નવકાર મહામંત્ર' આ જગતમાં અભૂતપૂર્વ સ્થાન ધરાવે છે. એક પણ વ્યક્તિના સંદર્ભમાં નહીં પણ માત્ર ગુરુની પૂજાના સંદર્ભમાં શ્રી નવકાર મંત્રનું જ્યારે પણ ઊંડાણથી ચિંતન મનન કરીએ છીએ ત્યારે આશ્ચર્ય એ વાતનું થાય છે કે હજી પણ શ્રી નવકારમંત્રમાં રહેલી વિશિષ્ટતા આપણે ક્યાં પામી શક્યા છીએ?

એવું કહેવાય છે કે જે વસ્તુનું સતત રટણ કરવામાં આવે તે મંત્ર બની જાય. मननात् इति मन्त्रः। મનના જોડાણ વિના મંત્ર સુધી પહોંચાતું નથી. મંત્ર અને તેની સાધના અપાર શ્રદ્ધા માંગે છે. જૈન ધર્મ, ઉપર કહ્યું તેમ કર્મમાં માને છે છતાં ભગવાન આદિનાથના સમયથી માંડીને આજ સુધીમાં અસંખ્ય પૂર્વ સૂરિઓએ તથા અન્યોએ સમયે સમયે મંત્ર સાધના, દેવ સાધના કર્યાના ઉલ્લેખો મળે છે. આ ઉલ્લેખો દર્શાવે છે કે મંત્ર સાધના પણ ધર્મ માર્ગે ઉપયોગી છે અને જરૂર પડે ત્યારે પૂરી શ્રદ્ધા સાથે મંત્ર સાધના કરવી જોઈએ. મંત્ર સાધનાનો ઉપયોગ આત્મ કલ્યાણ માટે, વિશિષ્ટ હેતુની સિદ્ધિ માટે, સંકટ નિવારણ માટે કરવો જોઈએ. વ્યક્તિગત સ્વાર્થ માટે તથા અન્યના અશુભ માટે મંત્ર સાધનાનો ઉપયોગ કરવો જોઈએ નહીં. 'શ્રી નવસ્મરણ'માં જે નવ સ્તોત્રો સમાય છે તે આવો જ નિર્દેશ કરે છે. 'શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર', 'શ્રી નમિઉણ સ્તોત્ર', 'શ્રી ભક્તામર સ્તોત્ર', 'શ્રી કલ્યાણ મંદિર સ્તોત્ર', 'શ્રી બૃહદ્શાન્તિ સ્તોત્ર', વગેરે અદ્ભુત મંત્ર વિધાનથી સભર છે અને આવી પડેલા સંકટ નિવારણ માટે અદ્ભુત સામર્થ્ય ધરાવે છે તે સૌ જાણે છે. વળી,

देहज्योतिषि यस्य मज्जति जगद् दुग्धाम्बुराशाविव,
ज्ञानज्योतिषि च स्फुटत्यतितरां ओंभूर्भूवः स्वस्त्रयी ।
शब्दज्योतिषि यस्य दर्पण इव स्वार्थाश्यकासत्यमी,
स श्रीमानमरार्वितो जिनपतिर्ज्योतिस्त्रयायास्तु नः ।।

**–તત્ત્વાનુશાસન પ્રશસ્તિ, શ્લોક ૨૫૯**

ક્ષીરસમુદ્રના સ્નાનની જેમ એમની દેહજ્યોતિ જગતને સ્નાન કરાવે છે, એમની જ્ઞાનજ્યોતિમાં ત્રણેય લોક પ્રકાશિત થાય છે, દર્પણમાં પડતા પ્રતિબિંબની માફક એમની શબ્દજ્યોતિમાં પદાર્થ અભિવ્યક્ત થાય છે, એવા દેવોથી પૂજિત મહાવીર અમને ત્રણેય જ્યોતિઓની પ્રાપ્તિ માટે માર્ગદર્શન આપે.

તેનો સુખદ અનુભવ આજ સુધી તે મન્ત્રોના સાધકોને થતો રહ્યો છે.

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી પ્રખર યોગ સાધક ને મંત્ર સાધક હતા. તેઓના જીવનમાં એવું બન્યું કે, 'એકવાર સુરતના શ્રી સંઘે વિનંતી કરેલી કે આજે જૈનો મીરાદાતાર વગેરે જૈનેતર તીર્થોમાં દર્શન માટે જાય છે તો જૈન ધર્મમાં એવા એકપણ દેવ નથી જ્યાં જૈનો જાય અને સંકટ મુક્તિ પામે ?'

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીના ચિત્તમાં આ વિચારબીજ રોપાયું અને તેના ફળ રૂપે શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવની મહુડી તીર્થમાં આપણને પ્રાપ્તિ થઈ.

આટલી ભૂમિકા એટલા માટે બાંધી કે 'શ્રી જૈન મહાવીર ગીતા'માં જેના મંડાણ થાય છે તે 'મંત્રયોગ' વિશે આપણને સ્પષ્ટતા પ્રાપ્ત થાય. 'મંત્રયોગ'માં મંત્ર વિશે નિર્દેશ મળે છે, તેની સાથોસાથ શ્રી સંઘના, આચાર્યોના, સાધુ-સાધ્વીઓના, ઉપાસક ગણના, વ્યક્તિગત અને સમૂહગત કલ્યાણ અને ઉત્થાન માટે કયા મંત્રની સાધના કરવી તેની સૂચના મળે છે અને સૌના કલ્યાણ માટે પ્રાર્થના પણ પ્રાપ્ત થાય છે.

'મંત્રયોગ'ના ચોથા શ્લોકમાં કહે છે :

**'ૐ ह्रीं श्रीं क्लीं, મહાવીર સર્વ દુઃખોનો નાશ કરો. તાવ વગેરે સ્ફોટક રોગોના મૂળનો નાશ કરો, નાશ કરો.**

'શ્રી જૈન મહાવીર ગીતા'ના 'મંત્રયોગ'માં શ્રી મહાવીર સ્વામીના નામે ઉપર મુજબ મંત્ર કથન કરવામાં આવ્યું છે. સ્વયં શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી હંમેશાં ૐ ह्रीं महावीर તથા ૐ ह्रीं अर्हम् महावीर ના મંત્રનો અખંડ જાપ કરતા હતા. તેવા ઉલ્લેખો તેમણે લખેલા ગ્રંથોમાં તથા તેમની રોજિંદી ડાયરીઓમાં વારંવાર જોવા મળે છે.

'મંત્રયોગ'માં પ્રારંભમાં જે નિર્દેશ મળે છે તેમાં પ્રાર્થના રૂપે મંત્ર સૂચના મળે છેઃ

**'હે વર્ધમાન! હે મહાવીર! તમે હંમેશા મારા હૃદયમાં વાસ કરો અને શાકિની, ભૂત, વૈતાલ વગેરેનો શીઘ્ર નાશ કરો.'**

**'મારા હૃદયમાં રહેલી દુષ્ટ બુદ્ધિનો શીઘ્ર નાશ કરો, મારા હૃદયમાં રહેલ આત્મજ્ઞાનના મહાલાભને શીઘ્ર આપો.'**

**'તમારા પ્રભાવથી મહામારી રોગ શીઘ્ર નાશ પામો, મારું અકાળ મૃત્યુ ન થાઓ અને જલ્દીથી મારા બધા ઉપસર્ગોને હરી લો.'**

**'હે ભાસ્કર, સર્વ દેવોના દેવ, તમે મારા હૃદયમાં વસો. જય અને વિજય થાઓ. શીઘ્ર શુભ અને ઈષ્ટ આપો.'**

**'ૐ ज्रीं क्लीं ल्मूं महावीर। હે પ્રભુ શાન્તિ, તૃષ્ટિ આપો. મને સર્વ શક્તિ આપો અને સર્વ દોષોનો નાશ કરો, નાશ કરો.'**

(મંત્રયોગ ગાથા, ૫, ૬, ૭, ૮ અને ૯)

દુનિયાના દરેક માણસની આશા મુખ્યત્વે લક્ષ્મી પ્રાપ્તિ માટે તથા પુત્ર-પુત્રીની પ્રાપ્તિ માટે અને સર્વસત્તાની પ્રાપ્તિ માટેની હોય છે. 'મંત્રયોગ'માં કહે છે કે ૐ श्रीं ऐं એ મંત્ર શિરોમણી છે અને સર્વ પ્રકારના સુખો આપનાર છે. વાંચોઃ

ૐ श्रीं ऐं मन्त्रराजस्यं, पूर्णलक्ष्मीकरो भव ।
पुत्र देहि च में पुत्रीं, राज्यादि सर्वसंपदः ।।

ૐ શ્રી ऐं એ મંત્ર રાજ છે. પૂર્ણ લક્ષ્મી આપનાર છે. તે મને પુત્ર-પુત્રી, રાજ્યાદિ સર્વ સંપત્તિ આપો.'

(મંત્રયોગ ગાથા ૧૦)

'શ્રી જૈન મહાવીર ગીતા'ના 'મંત્રયોગ'માં મહાવીર પ્રભુના નામે સતત મંત્ર શક્તિનો અપૂર્વ પ્રભાવ છે. એવું કહેવામાં આવ્યું છે.

ૐ अर्हं श्री महावीर! पूर्णशक्तिविकासक!।
श्री चतुर्विध संघस्य, कुरुं शान्तिं दयानिधे!।। १८
राज्यशान्तिं प्रजाशान्तिं, देशशान्तिं तथा कुरु।
स्वकुटुम्बपशूनक्ष, रक्ष सर्वविपत्तितः।। १९
ૐ नमस्ते महावीरं! विश्वशान्तिं सदा कुरु।
क्षुद्रोपद्रवतो रक्ष, सर्वलोकान्प्ररक्षक!।। २०
लोर्कांश्च दुष्टवेभ्यो, रक्ष रक्ष सुखप्रद!।
महावीर प्रभो! रक्ष, दुष्काला दिभयात्सदा।। २१
धर्मप्रतापतो लोकरक्षार्थ सद्दयानिधे!।
कुरुष्व मेघवृष्टिं त्वं, योग्यकालेसु धान्यदाम् ।।

**ૐ अर्हं श्री महावीर! પૂર્ણ શક્તિના વિકાસક, દયાનિધિ શ્રી ચતુર્વિધ સંઘની શાંતિ કરો.**

**રાજ્યશાંતિ, પ્રજાશાંતિ, દેશશાંતિ કરો. સર્વ વિપત્તિથી પશુ, કુટુમ્બ વગેરેની શત્રુથી રક્ષા કરો.**

**ૐ મહાવીર તને નમસ્કાર. હંમેશા વિશ્વશાંતિ કરો હે સર્વલોકોના રક્ષક! ક્ષુદ્ર ઉપદ્રવથી રક્ષણ કરો.**

**દુષ્ટ દેવોથી લોકોની રક્ષા કરો. સુખ આપનાર હે મહાવીર પ્રભુ, દુષ્કાળ વગેરેના ભયથી હંમેશાં રક્ષણ કરો.**

**હે દયાનિધિ! ધર્મના પ્રતાપથી લોકોની રક્ષા માટે યોગ્ય સમયે ધાન્ય આપનાર એવી મેઘવૃષ્ટિ કરો.**

(મંત્રયોગ ગાથા ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨)

बन्धुर्न नः स भगवानरयोपि नान्ये,
साक्षात्र दुष्टतर एकतमोऽपि चैषाम् ।
श्रुत्वा वयः सुचरितं च पृथग् विशेषं,
वीरं गुणातिशयलोलतया श्रिताः स्मः ।।

**-લોકતત્ત્વનિર્ણય, ૩૩**

મહાવીર અમારા ભાઈ નથી અને કણાદ વગેરે અમારા શત્રુ નથી, અમે કોઈને પણ પ્રત્યક્ષ જોયા નથી, આમ છતાં મહાવીરનાં આચારપૂર્ણ વચનો સાંભળીને અમે એમના અતિશય ગુણોથી મુગ્ધ થઈ ગયા છીએ અને એમના શરણમાં આવી ગયા છીએ.

મંત્રમાં વિશિષ્ટ શક્તિ હોય છે. સુખની પ્રાપ્તિ માટે, શાન્તિની પ્રાપ્તિ માટે, સમૃદ્ધિની પ્રાપ્તિ માટે મંત્ર ઉપયોગી બને છે તેવી જ રીતે ભૂત, પ્રેત, પિશાચ વગેરે અનિષ્ટોના નાશ માટે મંત્ર શક્તિ ઉપયોગી બને છે. મંત્ર દ્વારા દેવ-દેવીની સાધના થાય છે. શાસન દેવો આજે પણ પોતાનો પ્રગટ પ્રભાવ દર્શાવે છે તેવી અનેક ઘટનાઓ બનતી રહે છે. શાસન દેવોની સાધના વ્યવસ્થિત મંત્રો અને વિધિપૂર્વક કરવામાં આવે તો અવશ્ય તેનું સુંદર ફળ પ્રાપ્ત થાય છે. મંત્ર સાધના દ્વારા સૌની અભિવૃદ્ધિ માટે પ્રયત્ન કરનાર સ્વયં સુખી થાય છે અને અન્ય લોકોને સુખી કરે છે. મંત્રના પૂર્ણ પ્રભાવથી જગત જેને ચમત્કાર માને તેવા પ્રસંગો સર્જાય છે. મંત્રની સાધના તીર્થમાં, પવિત્ર સ્થળમાં, સરોવરના કિનારે, નદી તટે, અજ્ઞાત્ અથવા શુદ્ધ સ્થળ શોધીને કરવી જોઈએ. મંત્ર સાધના કરતી વખતે એક જ આસન, એક જ માળા, શુદ્ધ વસ્ત્રો અને નિર્મળ જીવન અનિવાર્ય છે. મંત્રસાધના દરમ્યાન વિકટ અનુભવ થાય તો પણ પોતાની સાધનામાં દૃઢતાપૂર્વક આગળ વધવું જોઈએ. હંમેશાં અખંડ શ્રદ્ધા અને મજબૂત વિશ્વાસ મંત્ર સાધનામાં સિદ્ધિ સુધી પહોંચાડે છે. આજકાલ સાંભળવા મળતા વિચિત્ર બનાવો પ્રત્યે લક્ષ્ય રાખ્યા વિના પરંપરાગત સાધનાને વળગી રહેવું એ જ સાધકનું લક્ષ્ય હોવું જોઈએ. આમ કરવાથી સિદ્ધિના શિખરે પહોંચી શકાય છે.

થોડાક શ્લોકાર્થ જોઈએ:

**હે મહાજીન, તમારા પુણ્યના સમુદ્રના પ્રતાપથી મને શાંતિ થાઓ. તમારા નામ રૂપી ઔષધથી સર્વત્ર શાંતિ થાઓ.**

**ૐ अर्हं ह्रीं महावीर, પૂર્ણ શાંતિ પ્રચારક લોકોને શ્રી, ह्रीं કીર્તિ, ધૃતિ, વિદ્યા અને શાંતિ આપવી.**

**સર્વ જાતિના જૈનોના વિદ્યા, ક્ષાત્ર કર્મ વગેરે વડે સર્વ દેશ અને ખંડમાં ધર્મનો ઉદય કરો.**

**સર્વ દેશોમાં જૈનોની સર્વથા વૃદ્ધિ થાઓ. સર્વ ગૃહસ્થ જૈનોની વંશ પરંપરા થાઓ.**

**બધા દિકપાલ, ગ્રહો વગેરે તમારા ચરણ-સેવકો છે. તે બધા તમારી આજ્ઞાને વશ થઈને અમારી સહાય કરે છે.**

**ऐं झ्रौं ह्रीं श्रीं महावीर। મને વિદ્યાશક્તિ આપો. વાણી-સિદ્ધિ આપો હે વાગ્દેવીશા, વાણીના પતિ, મને વાણીની સિદ્ધિ આપો.**

**ऐं क्लीं झ्रौं स्त्रौं महावीर। વાણી પતિ તમને નમસ્કાર. મને વાદ-વિવાદમાં જય આપો. મારા હૃદયને પ્રકાશિત કરો.**

**વ્યાખ્યાન અને વિવાદ વખતે મારી જીભ ઉપર રહો. હે સ્વયં સંબુદ્ધ દવેશ, જ્ઞાન સાગરનો પ્રકાશ કરો.**

**તમારા પ્રભાવથી શીઘ્ર જ્ઞાનના આચ્છાદીનો નાશ થાય છે. ऐं झ्रौं સ્વાહા. હે પ્રભુ તૂં મારા સર્વજ્ઞત્વનો પ્રકાશ કરો.**

**ૐ ऐं झ्रौं क्लीं महावीर। ल्र्मूं ऐं स्वाहा. તમને નમસ્કાર. આ વિદ્યામંત્રના અધિરાજ મંત્રનો જપ કરવાથી માણસ જ્ઞાની થાય છે.**

**હે લક્ષ્મીપતિ મહાવીર મને લક્ષ્મી આપો. હે યશોદાપતિ વીર, મને યોગ્ય પત્ની આપો.**

**હે સર્વાધાર, મહાવીર, अर्हं, વિશ્વશાસક, વિદ્યા, કલા, ગુણથી યોગ્ય એવો પ્રિય પતિ મને આપો.**

**ગુણકર્મના ભેદથી દંપતિની શુદ્ધ રાગતા હોય છે. ગુણોની સમાનતાથી નિરોગીતા થાય છે.**

(મંત્રયોગ ગાથા ૮૩ થી ૯૫)

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી 'મંત્રયોગ' દ્વારા જૈન સંઘ દ્વારા જૈન સંઘ ઉપર અને સમગ્ર માનવ જાત ઉપર મહાન ઉપકાર કરી રહ્યાં છે. મંત્રયોગનો માત્ર એક જ શુભ ઉદ્દેશ એ છે કે પ્રત્યેક ધર્મીજીવ સુખી થાય અને સુંદર રીતે ધર્મ આરાધના કરે. આ મંત્રયોગનો ઉદ્દેશ એ નથી કે વ્યક્તિ અંધશ્રદ્ધાળુ બને. શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે પાતળી દિવાલ હોય છે અને દરેક વ્યક્તિ પોતાની ઈચ્છા મુજબ તેનું અર્થઘટન કરે છે. એ અર્થઘટન સાથે શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીને કોઈ સંબંધ નથી. બગીચામાં રહેલું ફૂલ સુગંધ વેરવાનું કામ કરે છે. ફૂલ એ વિચાર કદી કરતું નથી કે પોતે કોના હાથમાં જઈ ચડશે? ફૂલનું કાર્ય તો માત્ર સુગંધ વેરવાનું હોય છે, મહાપુરુષોનું આવું જ હોય છે.

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીની કલ્યાણ કામના સૌને સુખદાયક બની રહેશે. ✶✶✶

પૂજ્ય આચાર્ય વાત્સલ્યદીપ,
ચંદ્રપ્રભુ જૈન દેરાસર, પ્રાર્થના સમાજ, મુંબઈ-૪૦૦ ૦૦૪.

पन्नगे च सुरेन्द्रे च, कौशिके पादसंस्पृशि ।
निर्विशेषमनस्काय, श्री वीरस्वामिने नमः

**-યોગશાસ્ત્ર, ૧-૨**

ઈન્દ્ર ચરણોમાં નમસ્કાર કરતા હતા, ચંડકૌશિક નાગ પગ પર ડંખ દેતો હતો. આ બંને પ્રત્યે જેમનું મન સમાન હતું એવા મહાવીરને હું નમસ્કાર કરું છું.

x x x

शमोद्भुतोद्भुतं रुपं, सर्वात्मसु कृपाद्भुता ।
सर्वाद्भुतनिधीशाय, तुभ्यं भगवते नमः ।।

**-વીતરાગસ્તવ, ૧૦-૮**

પ્રભુ! તમારી શાંતિ અદ્ભુત છે, અદ્ભુત છે તમારું રૂપ, સર્વ જીવો પ્રત્યેની તમારી કૃપા અદ્ભુત છે, તમે બધા અદ્ભુતોના ભંડારના સ્વામી છો, તમને મારા નમસ્કાર.

# એક જંગમ તીર્થનો યાત્રાનુભવ

❑ પ્રેષક : **શ્રીમતી પારુલબેન ભરતકુમાર ગાંધી**

વર્તમાન સમયમાં પ્રત્યેક માનવીના મનમાં જ્ઞાન મેળવવાની ઝંખના જાગી છે. વિશ્વ આખું જ્ઞાન આધારિત થઈ રહ્યું છે. ભારતીય સંસ્કૃતિ જે આખા જગતની સંસ્કૃતિઓની શિરતાજ બની રહી છે તેની પાછળનું એક કારણ છે તેમાં રહેલું શિષ્ટ, સમ્યગ્ અને પ્રાચીન સાહિત્ય. સાહિત્ય એ સંસ્કૃતિના મૂળ સમાન છે. જો સાહિત્યનો નાશ થાય તો સંસ્કૃતિ પણ નાશ પામી જાય. ભારતીય સંસ્કૃતિ અને સાહિત્યમાં સૌથી મોટો ફાળો જૈન સાહિત્યનો રહ્યો છે. એમાંયે પ્રાચીન અને મધ્યકાલીન સાહિત્યમાંથી જો જૈન સાહિત્યની બાદબાકી કરવામાં આવે તો કંઈ બાકી જ ન રહે તેમ મહાન વિદ્વાનો કહે છે. આવા જૈન સાહિત્યની જાળવણી, સંશોધન, અભ્યાસ વગેરે માટે મહાવીર જૈન વિદ્યાલય દ્વારા સાહિત્ય સત્રો યોજી પ્રયત્નો થઈ રહ્યા છે. જેને પ્રચંડ પ્રતિસાદ પણ મળી રહ્યો છે.

પંજાબકેસરી, યુગદૃષ્ટા આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મ.સા.ના પ્રયત્નોથી ૧૯૧૫માં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના થયેલી. ત્યારબાદ ધીમે ધીમે આ સંસ્થાની પ્રગતિ થતી જ ગઈ. જૈન સાહિત્યના તત્ત્વજ્ઞ, દીર્ઘદૃષ્ટા અને ધર્મપ્રેમી પૂ. શ્રી રમણલાલ ચી. શાહ કે જેઓને જૈન સાહિત્યનો અભ્યાસ, સંશોધન વગેરે થાય તેમાં ઊંડો રસ હતો. તેઓએ જૈન સાહિત્ય વિષે વિશેષ સંશોધન થાય, અભ્યાસ થાય, અપ્રકાશિત સાહિત્યનું પ્રકાશન થાય વગેરે બાબતો માટે ખૂબ જ રસ લઈને લોકોને જૈન સાહિત્યમાં રસ લેતા કરવા ૧૯૭૭માં પ્રથમ સાહિત્ય-સત્રનું આયોજન કર્યું. શરૂઆતમાં તેને બહુ પ્રતિસાદ ન મળ્યો. ધીમે ધીમે આ નાનકડું બીજ આજે વટવૃક્ષ બની ગયું છે. અનેક વિદ્વાનો તેમાં રસ લઈ રહ્યા છે. આવા આ જૈનીઓના ગૌરવ સમાન સાહિત્ય સત્રનું ૨૦ મું સત્ર તા. ૨૯, ૩૦, ૩૧ જાન્યુઆરી, ૨૦૧૦–રતલામ ખાતે યોજાઈ ગયું. જેનું શીર્ષક હતું 'જૈન સાહિત્ય ગૌરવ ગ્રંથ સમારોહ'.

ઉપરોક્ત સત્રનું આયોજન મહાવીર જૈન વિદ્યાલયના નેજા હેઠળ થયું. આયોજક હતા ડૉ. શ્રી ધનવંતભાઈ શાહ અને યજમાન પદે હતું 'રુપ માણક ભંશાલી ચેરીટેબલ ટ્રસ્ટ'–મુંબઈ. આ સમારોહમાં જૈન ધર્મના પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન ૧૦૦ જેટલા ગ્રંથો પર સંશોધકોએ પોતાના લઘુ શોધનિબંધો રજૂ કર્યા. આ જ્ઞાનયજ્ઞમાં સહભાગી થવાનું સૌજન્ય મને પણ સાંપડેલું. આ મહાયજ્ઞના સહભાગી બનીને આવી છું ત્યારે રોમ-રોમ રોમાંચિત થઈ ગયું છે. આ સાહિત્ય સત્ર જીવનમાં ન ભૂલી શકાય તેવો અવિસ્મરણીય પ્રસંગ બની ગયો છે.

આપણે દરેક જાણીએ છીએ કે 'તારે તે તીર્થ'. તીર્થ બે પ્રકારના ગણાવી શકાય. ૧. સ્થાવર તીર્થ એટલે કે આપણી સંસ્કૃતિ અને સ્થાપત્યકલાના શિરમોર એવા દેવાલયો, ઉપાશ્રયો વગેરે. ૨. જંગમ તીર્થ એટલે કે સાધુ-સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા. સ્થાવર તીર્થ સ્થિર છે, જંગમ તીર્થ હરતાફરતા છે. રતલામમાં આયોજિત આ સાહિત્ય સત્ર પણ એક જંગમ તીર્થ બની ગયું એમ કહીશ તો જરાય અતિશયોક્તિ નહિ ગણાય. જ્ઞાન, ભાવના, સેવા, ઐક્ય અને સમર્પણનો જેમાં મહાસંગમ થયો છે તેવા આ સત્ર વિષે શું કહું ને શું ન કહું ? એક-એકથી ચડિયાતી વ્યક્તિઓની ઉપસ્થિતિએ આ સાહિત્ય-સત્રને ચાર ચાંદ લગાવી દીધા.

જ્ઞાનખજાનાના અણમોલ મોતી જેવા **સાગરમલજી**ની વાત કરું કે **પંડિતજી ધીરજલાલજી**ની કે જેઓએ પોતાના જ્ઞાનદીપક દ્વારા જ્ઞાનની જ્યોતિ જલાવી. ભારતમાં જ નહિ, વિદેશોમાં પણ જૈન ધર્મના ધ્વજને ફરકતો કરનાર **પદ્મશ્રી કુમારપાળ દેસાઈ**ની વાત કરું કે **પદ્મશ્રી છજલાણી** સાહેબની. જેઓએ શુદ્ધ ધર્મના પાલન માટે દાંભિકતાના પડદાને દેશવટો આપવાની વાત કરી. જેનું નામ જ પારસ છે એવા **શ્રી પારસમલજી**ની વાત કરું કે જેઓ હજારો લોકોને નિઃશુલ્ક વ્યવસાયિક તાલીમ આપી રહ્યા છે કે પછી **શ્રી ચૈતન્યજી કાશ્યપ**ની વાત કરું જેમણે જૈન ધર્મની અપરિગ્રહ ભાવનાને આદર્શ બનાવી 'અહિંસાગ્રામ'ની રચના (૧૦૦ પરિવારોને મકાન, રોજગાર તાલીમ, શિક્ષણ વગેરેની નિઃશુલ્ક સગવડ) દ્વારા જીવંત બનાવી જૈન સિદ્ધાંતને મૂર્ત સ્વરૂપ આપી, જીવન સાથે વણી લઈ દેશ સમક્ષ એક નમૂનારૂપ યોજનાને મોડેલ સ્વરૂપ આપ્યું. અરે ! ડૉ. **પ્રકાશજી** અમેરિકામાં ખ્યાતનામ સર્જન હોવા છતાં ધર્મ તથા માતા-પિતાની સેવા માટે ધીકતી પ્રેક્ટીસ છોડી ભારતમાં વસી ૧૧૦ બેડની હૉસ્પિટલ ચલાવે છે. **ડૉ. ધનવંત શાહ**ની વાત કરું કે જેમની સરળતા, નમ્રતા, સૌજન્ય અને લાગણીભર્યા પ્રોત્સાહને આજે વિદ્વાનોની સંખ્યાને રેકોર્ડ બ્રેક ૧૦૦ના આંક પર પહોંચાડી અને અનેક ગૌરવભર્યા જૈન ગ્રંથોનું વાંચન, ચિંતન, દોહન અને સંશોધન કરાવ્યું, કે પછી **ડૉ. જિતેન્દ્ર શાહ**ની વાત કરું કે જેમણે આ મહાયજ્ઞના સમગ્ર સંચાલનમાં, વિષયોની પસંદગીમાં તેમ જ માર્ગદર્શક તરીકે ધનવંતભાઈની સાથે કદમથી કદમ જોડી કાર્ય કરી આ ગૌરવગ્રંથ સમારોહને અવિસ્મરણીય બનાવવામાં મદદ કરી. તેવી જ રીતે **ડૉ. કલાબેન, ડૉ. કોકિલાબેન, ડૉ. અભયભાઈ, ડૉ. ઉત્પલાબેન, ડૉ. માલતીબેન** વગેરેનો પણ પ્રશંસનીય ફાળો રહ્યો. તે સાથે સાહિત્ય-યાત્રાના સહભાગી **શતક વિદ્વાનોને** પણ વંદના જેમના વિના આ કાર્ય મુશ્કેલ જ નહિ, અશક્ય હતું.

આ તો થઈ આયોજકો, વિદ્વાનો વગેરેની વાત, પરંતુ જેના થકી આ જૈન સાહિત્ય ગૌરવગ્રંથ સમારોહ ગૌરવમય અને ગરિમામય બન્યો તેવા પિતૃભક્ત **શ્રી વલ્લભભાઈ ભંશાલી** અને **શ્રી મંગલભાઈ ભંશાલી**નું જે પ્રદાન છે તે અનોખું જ રહ્યું છે. મારા માનવા મુજબ આવું વિશાળ સાહિત્ય-સત્ર કદાચ પહેલીવાર જ યોજાયું હશે અને તેનો સમગ્ર યશ **ડૉ. ધનવંત શાહ** અને **રુપ-માણક ભંશાલી ટ્રસ્ટ**ને ફાળે જાય છે. અમાપ સંપત્તિના સ્વામી હોવા છતાં તેમનામાં રહેલી સંસ્કારિતા, લાગણી, કુટુંબપ્રેમ, સાધર્મિક ભક્તિ, નમ્રતા, નિરાભિમાનતા, સરળતા અને ઉદારતા જોઈએ તો ખરેખર કહી શકાય કે એ કુટુંબ ઘણું જ સદ્‌ભાગી છે. તેમને માટે આ આખું આયોજન એક રીતે જોઈએ તો **પિતા-માતા તથા વડીલ બંધુને અનોખી અને અદ્‌ભુત જ્ઞાનાંજલીરૂપે રહ્યું.** તેમના **પૂ. પિતાશ્રી રુપચંદજી**ના સંસ્કાર, ધર્મવારસો અને સરળતાને તેમણે અખંડ જાળવ્યા છે એમ નહિ તેને સવાયા સાચવ્યા છે તેમ કહીશ તો પણ ખોટું નહિ ગણાય. વલ્લભ સા, મંગલ સાની બંધુબેલડીએ જ્ઞાનસંમાર્જનના કાર્યમાં જે યોગદાન

આપ્યું તેનાથી ઘણાં લોકોને પ્રેરણા મળશે, જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થશે.

**'અતિથિ દેવો ભવ'** એ ઉક્તિ સર્વેએ સાંભળી હશે, પરંતુ ઉપસ્થિત દરેક મહેમાનોની આગતા-સ્વાગતા અને આતિથ્ય જે રીતે થયું તેણે આ ઉક્તિને સાર્થક કરી બતાવી. આ મહાયજ્ઞનું સુંદર આયોજન કર્યું મહાવીર જૈન વિદ્યાલયે, લાભ લીધો યજમાન રુપ-માણક ભંશાલી ચેરિટેબલ ટ્રસ્ટે, પરંતુ આ સમગ્ર સંચાલનને સફળ બનાવ્યું શ્રી મુકેશજી જૈન અને તેમની ટીમે. એક એક વાત યાદ કરું, એક એકને યાદ કરું ત્યાં હૃદય લાગણીથી ભાવવિભોર બની જાય છે. સરસ્વતીજી-લક્ષ્મીજી અને મનસાદેવીનો આ ત્રિવેણીસંગમ ખરેખર અજોડ અને અદ્ભુત બની રહ્યો.

**આ બધી માત્ર પ્રશસ્તિની વાતો નથી, કોઈને સારું લગાડવાની વાત પણ નથી, પરંતુ જે જાણ્યું, માણ્યું અને અનુભવ્યું એવી અંતરની લાગણીની વાત છે. માત્ર મારી જ નહિ, મારી જોડે જે ઉપસ્થિત રહ્યા હતા તેવા ૨૦૦ લોકોના મનની વાત છે.** પિતા-માતા અને વડીલ બંધુ પ્રત્યેનો પ્રેમ છે તેને વ્યક્ત કરવા, પોતાના પર તેમનું જે ઋણ છે તેમાંથી યત્કિંચિત મુક્ત બનવા તથા તેમણે આપેલા સંસ્કાર વારસાને જાળવી રાખવા રુપ માણક ભંશાલી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આ એક ભગીરથ કાર્ય થયું છે. પોતાની સંપત્તિનો સદુપયોગ તો કર્યો જ છે પણ અન્ય દાનવીરોને પણ સંપત્તિ કેવી રીતે વાપરવી તે માટે માર્ગદર્શક બન્યા છે. સૌથી વધારે વિદ્વદ્જનોને જ્ઞાનની આરાધનાના આ અજોડ કાર્યમાં શામેલ કરીને તેમણે એક જીવતા-જાગતા, હાલતા-ચાલતા જંગમતીર્થની જાણે કે સ્થાપના કરી છે! જ્ઞાનતીર્થની સ્થાપના કરી છે! પ્રાચીન ગ્રંથોના ગૌરવભર્યા વારસાની આન-બાન અને શાન વધારી છે.

આ મંગલ અવસરે એટલી જ કામના છે કે આવા સાહિત્ય સત્રો વારંવાર યોજાય, દરેક વિદ્વદ્જનો પોતાની શક્તિનો ઉપયોગ કરી માત્ર ગ્રંથોનું ચિંતન, મનન અને વાંચન જ નહિ પરંતુ હસ્તપ્રતો જાળવવાની, તેને ઉકેલવાની અને એ રીતે જૈન સાહિત્યને અમરતા બક્ષવાની આ સદ્પ્રવૃત્તિમાં યત્કિંચિત ફાળો આપી સમાજને શક્તિનું પ્રદાન કરે.

શત શત વંદન જેમણે આ મહાયજ્ઞનું સર્જન કર્યું, સહભાગી બન્યા અને પોતાના યોગદાન દ્વારા તેને અવિસ્મરણીય બનાવ્યું. વીતરાગની વાણી વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં...

✷ ✷ ✷

'ઉષા – સ્મૃતિ' ૧, ભક્તિનગર સોસાયટી, રાજકોટ-૩૬૦ ૦૦૨.
ફોન : ૦૨૮૧-૨૨૨૨૭૯૫; મોબાઈલ : ૯૮૨૪૪૮૫૪૧૦

# અબુધ કોણ

❑ જિતેન્દ્ર એ. શાહ

ભારતના ચાર મહાનગરોની સાથે સાથે જેનું નામ પણ લઈ શકાય તેવું કોઈ નગર હોય તો તે છે કર્ણાટકની રાજધાની બેંગલોર. ઈન્ફોનગરી તરીકે ઓળખાતું બેંગલોર દક્ષિણ ભારતનું મહાનગર તો છે જ તે નિઃશંક છે.

બેંગલોરના ઓલ્ડ એરપોર્ટ રોડ તરીકે ઓળખાતો વિસ્તાર પ્રવૃત્તિઓથી ધમધમતો છે. તે વિસ્તારમાં આવેલ કાર્લટન ટાવર કોમર્શિયલ બિલ્ડિંગ છે. દક્ષિણ ભારતના અખબારોની હેડલાઈન્સમાં હાલમાં તે ટાવર–તેમાં લાગેલ મહાભયાનક આગને કારણે ચમકી ગયું. તે આગમાં નવ વ્યક્તિઓ મરણને શરણ થઈ અને અન્ય પંદરથી વીસ વ્યક્તિઓ ગંભીર રીતે ઘાયલ થઈ. તે જ આગમાં ઘટેલી એક ઘટના આપણને ઘડીભર વિચારતા કરી મૂકે તેવી છે.

બેન્ઝી એક મધ્યમવર્ગીય ચાલીસ વર્ષની યુવતી હતી અને નવ-દસ વર્ષની બે પુત્રીઓની માતા હતી. પતિ-પત્ની બન્ને અલગ અલગ જગ્યાએ નોકરી કરી રહ્યા હતા. બેન્ઝીએ કાર્લટન ટાવરની પોતાની નોકરી હાલમાં જ છોડી દીધી હતી અને બુધવાર તા. ૨૪–૨–૦૯ થી નવી જગ્યાએ નવી જ ઑફિસમાં કામે લાગવાની હતી. બેન્ઝીએ જ્યારે જૂની નોકરી છોડી જ દીધી હતી તો મંગળવારે (તા. ૨૩–૨–૦૯) શા માટે તેણે કાર્લટન ટાવરની ઑફિસમાં પગ દીધો તેનો તેના પરિવારજનોને પણ ખ્યાલ ન આવ્યો.

બેન્ઝી મંગળવારે કાર્લટન ટાવરની ઑફિસમાં પહોંચે છે અને પોતાના કામકાજમાંથી પરવારે તે પહેલાં જ શોર્ટ-સરકિટના કારણે તે મકાનનો પાંચમા માળ સહિતનો ઉપલો ભાગ ભયંકર આગમાં ઝડપાઈ જાય છે.

બેન્ઝી તરત જ મોબાઈલ પર પતિનો સંપર્ક કરે છે. તેની વાત સાંભળ્યા પછી પતિ તેને ખાત્રી આપે છે કે માત્ર દસ મિનિટમાં તે ત્યાં પહોંચે છે.

હકીકત એ હતી કે આગની ભયાનક જ્વાળાઓ વચ્ચે અને કાળા રંગનો ધુમાડો શ્વાસમાં જતો હોવાને કારણે બેન્ઝી માટે તે ટાવરમાં દસ મિનિટ પણ ટકી રહેવું અશક્ય હતું. અસહ્ય ગૂંગળા-મણમાંથી બચવા તેની પાસે એક જ માર્ગ હતો. પાંચમા માળેથી પડતું મૂકવું અને ભાગ્ય સાથ આપે તો જીવન જીવવાની એક તક ઝડપી લેવી.

બંબાવાળાઓ ટાવર સુધી પહોંચે તે પહેલાં જ તેણે પાંચમા માળેથી છલાંગ લગાવી. આગની જ્વાળાઓથી તો તેણે પોતાની જાતને બચાવી લીધી પણ આટલા ઊંચેથી ખાધેલા પછડાટને કારણે તેણે જીવનના છેલ્લા શ્વાસ ગણી લીધા. બેન્ઝી મૃત્યુ પામી.

મૃત્યુ કોઈ પણ રીતે પોતાના આગમનના અણસાર અવશ્ય આપી દે છે.

બેન્ઝીએ તેના ઘરમાં એક કૂતરો પાળ્યો હતો. નામ હતું શાઈની. બેન્ઝીએ પોતાના પ્રાણનો ત્યાગ તો મંગળવારે કર્યો પરંતુ સોમવારની રાતથી તે કૂતરાએ વગર કારણે ઘરમાં ઉત્પાત-તોફાન મચાવવા શરૂ કર્યા. એટલું જ નહીં બેન્ઝીની તે આખરી રાતે તે બેન્ઝીથી થોડીક ક્ષણો માટે પણ દૂર થવા તૈયાર ન હતો.

બેન્ઝીના ભાઈ જહોનીએ બહેનના મૃત્યુ પશ્ચાત્ જણાવ્યું તે મુજબ શાઈની બેન્ઝીને બેહદ ચાહતો હતો. સોમવારની આખી રાતના ઉત્પાત પછી મંગળવારે બેન્ઝીએ જ્યારે કાર્લટન ટાવરની ઑફિસમાં જવાની તૈયાર કરી ત્યારે તે કહેવાતા અબુધ જાનવરે બેન્ઝીને ઘરમાંથી બહાર જતી રોકવા પોતાનાથી શક્ય તેટલા પ્રયાસ કર્યાં.

પરંતુ વિચારવા જેવો પ્રશ્ન એ છે કે કાળના શાંત ધીમા પગલાં જાનવર સાંભળી શકે પરંતુ પોતાને બુદ્ધિમાન ગણતો માણસ ન સાંભળી, ન સમજી શકે તો બન્નેમાં વધારે અબુધ કોણ?

✷ ✷ ✷

'માતૃછાયા', ગ્રાઉન્ડ ફ્લોર, ૧૪, કસ્તુરબાનગર, Opp. નં. ૫૭, અરૂણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા–૩૯૦ ૦૦૭. ટેલિફોન : ૨૩૫૪૭૨૫

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(ફેબ્રુઆરી ૨૦૦૯ના અંકથી આગળ)

૬૦૫. પ્રેષ્યયોગ (અતિચાર) : જગ્યાની સ્વીકારેલી મર્યાદા બહાર કામ પડે ત્યારે જાતે ન જતાં કે બીજા પાસે તે ચીજ ન મંગાવાતાં, નોકર આદિને જ હુકમ કરી ત્યાં બેઠા કામ કરાવી લેવું.
स्थान सम्बन्धी स्वीकृत मर्यादा के बाहर काम पडने पर स्वयं न जाना और न दूसरे से ही उस वस्तु को मँगवाना किन्तु नौकर आदि से आज्ञापूर्वक वहाँ बैठे-बिठाए काम करा लेना।
When a thing is got not by oneself going outside the prescribed sphere or by inviting someone from outside this sphere but by ordering a servant etc. to bring it.

૬૦૬. નક્ષત્ર : નક્ષત્ર એ જ્યોતિષ્ક નિકાયનો એક પ્રકાર છે.
नक्षत्र ज्योतिष्क निकाय का एक प्रकार है।
One of the types of Jyotiska-gods.

૬૦૭. નગ્નત્વ (પરીષહ): નગ્નપણાને સમભાવપૂર્વક સહન કરવું.
नग्नता को समभावपूर्वक सहन करना।
To put up with nakedness with a sense of equanimity.

૬૦૮. નપુંસક લિંગ-ભેદ : જેનામાં કાંઈક સ્ત્રીનું ચિહ્ન અને કાંઈક પુરુષનું ચિહ્ન હોય તે દ્રવ્ય નપુંસકવેદ અને સ્ત્રી-પુરુષ બંનેના સંસર્ગસુખની અભિલાષાને ભાવ નપુંસકવેદ કહેવાય છે.
जिस में कुछ स्त्री के चिह्न और कुछ पुरुष के चिह्न हों वह द्रव्य नपुंसकवेद और स्त्री-पुरुष दोनों के संसर्ग-सुख की अभिलाषा भाव-नपुंसकदवेद है।
The collective of bodily signs in which some characteristic of a man. Some characteristic of a woman is neuter veda of dravya type, the desire for the pleasure born of intercourse with a man as well as a woman is neuter veda of the bhava type.

૬૦૯. નય : વસ્તુના અનેક ધર્મોમાંથી જ્યારે કોઈ એક ધર્મ દ્વારા વસ્તુનો નિશ્ચય કરવામાં આવે ત્યારે તેને નય કહેવાય છે.
वस्तु के अनेक धर्म में से किसी एक धर्म के द्वारा वस्तु का निश्चय करना इसे नय कहते है।
A thing is possessed of numerous properties and when it is ascertained on the basis of but one of these properties the ascertainment ocncerned is called Naya.

૬૧૦. નરક : નિત્ય-નિરંતર અશુભતર લેશ્યા, પરિણામ, દેહ, વેદના અને વિક્રિયાવાળા સ્થાનને નરક કહેવાય છે.
नित्य (निरंतर) अशुभतर लेश्य, परिणाम, देह, वेदना अने विक्रियावाले स्थान को नरक कहते है।
Those groups which are ever Cgaracterized by an increasingly more inauspicious lesya, parinama, deh, vedana and vikriya is known as Naraka.

૬૧૧. નરકગતિ : ચાર ગતિમાંની એક ગતિ.
चार गति में से एक गति।
One of the gati from the 4 types of gati.

૬૧૨. નરકાયુ : જેના ઉદય વડે નરક ગતિનું જીવન ગાળવું પડે તેને નરકાયું કહેવાય.
जिन कर्मों के उदय से नरक गति मिलती है उसे नरकायु कहते है।
The karmas whose manifestation compels being to lead the life of a helish being.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(વધુ આવતા અંકે)

# સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **પ્રબુદ્ધ શરણે**
લેખક : **તારાબહેન રમણલાલ શાહ**
પ્રકાશક : **શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**
૩૮૫, સરદાર પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
મૂલ્ય: રૂા. ૧૦૦/-, પાના ૧૩૦,આવૃત્તિ પ્રથમ, નવેમ્બર-૨૦૦૯.

મહાપુરુષોના જીવન પ્રેરક અને માર્ગદર્શક હોય છે. તેથી તેમના જીવનચરિત્રો વંચાય તે અગત્યનું છે. આ બાબતને ધ્યાનમાં રાખી તારાબહેન શાહે આ ચરિત્રો આલેખ્યા છે. આ પુસ્તકમાં જિનશાસનના પ્રભાવશાળી પુરુષોના જીવનચરિત્રોના નામો આ પ્રમાણે છે. (૧) આર્ય વજ્રસ્વામી, (૨) અધ્યાત્મવીર શ્રીમદ્ રાજચંદ્ર, (૩) પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી (૪) વિદ્વાન રમણલાલ ચી. શાહ, (૫) શ્રી રાકેશભાઈ ઝવેરી.

જિનશાસન આવી પ્રભાવક પ્રતિભાઓથી ગૌરવવંતુ બન્યું છે. અહીં આલેખાયેલ દરેક મહાપુરુષનું જીવન સામાન્ય માનવ કરતાં ઉચ્ચ હતું, કોઈ ને કોઈ રીતે ખાસ હતું-વિશેષ હતું.

આર્ય વજ્રસ્વામીનું જીવન વૈરાગ્ય અને જ્ઞાન થકી અદ્ભુત હતું. શ્રીમદ્‌ની સાધના અપૂર્વ હતી અને પંડિત સુખલાલજીનું જ્ઞાન અભૂતપૂર્વ હતું. રાકેશભાઈ વર્તમાન યુગમાં ધર્મની જ્યોત પ્રજ્વલિત રાખવામાં મહત્ત્વનું યોગદાન આપી રહ્યા છે. રમણલાલ ચી. શાહની વિદ્વતા અને સૌમ્યતાના સુમેળથી સૌ કોઈ પરિચિત છે.

તારાબહેન શાહે આ સર્વ પ્રભાવક પુરુષોના જીવન સરળ અને સુબોધ શૈલીમાં આલેખ્યા છે. વાચકોને જીવનમાં જ્ઞાન, વૈરાગ્ય અને ધર્મની પ્રેરણા આપતું આ પુસ્તક સાચા અર્થમાં પ્રબુદ્ધના ચરણે જવાની પ્રેરણા આપે તેવું છે.

XXX

પુસ્તકનું નામ : **'ધ જૈન ફિલોસોફી'**
લેખક : The Jaina Philosophy, Speechs & Writtings of Virchand R. Gandhi
વીરચંદ ગાંધી લિખિત નિબંધો તથા વ્યાખ્યાનો
પ્રકાશક : **વર્લ્ડ જૈન કૉન્ફેડ્રેશન-મુંબઈ**
પ્રાપ્તિસ્થાન : વર્લ્ડ જૈન કૉન્ફેડ્રેશન, મહેતા બિલ્ડીંગ, ૧લે માળે, રૂમ નં. ૭, ૪૭, નગીનદાસ માસ્તર રોડ, ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૨૩.
ફોન :૦૨૨-૨૨૬૩૨૨૨૦. મૂલ્ય : રૂા. ૨૦૦/-, પાના ૨૮૮, આવૃત્તિ ચોથી, ૨૦૦૯.

વીરચંદ રાઘવજીના મૃત્યુ પછી દસ વર્ષે 'જૈન ફિલોસોફી' પુસ્તક અંગ્રેજી ભાષામાં પ્રકાશિત થયું. ચિંતક અને દાર્શનિક એવા વીરચંદ ગાંધી એક એવી પ્રથમ વ્યક્તિ હતા જેમણે જૈન દર્શનને પશ્ચિમની દુનિયા સમક્ષ ખુલ્લું મૂક્યું. ભારતીય સંસ્કૃતિ પ્રત્યેનો તેમનો પ્રેમ અને અડગ શ્રદ્ધા આ પુસ્તકમાં વ્યક્ત થયાં છે. જૈન ધર્મના સિદ્ધાંતોને ગહનતાથી લેખકે સ્પષ્ટ કર્યા છે. તેઓ માત્ર જૈન ધર્મ જ નહિ પણ અન્ય ધર્મોનું જ્ઞાન પણ ધરાવતા હતા. તે ઉપરાંત યોગ, માનસશાસ્ત્ર, આહારવિજ્ઞાન વગેરે વિષયોથી પણ જ્ઞાત હતા. તેઓ ભારતની વાસ્તવિકતા, તેની સમૃદ્ધ સાંસ્કૃતિક પરંપરા તથા આધ્યાત્મિકતા, લોકોની ધાર્મિક જીવન પદ્ધતિ અને ઔદ્યોગિક પ્રગતિ વગેરેનું તાદૃશ્ય ચિત્ર આ પુસ્તકમાં દોર્યું છે.

આમ અહીં તેમણે ભારતના સાચા પ્રતિનિધિ તરીકેની છાપ ઊભી કરી છે.

XXX

પુસ્તકનું નામ : **'ભારતીય સંસ્કૃતિનો આત્મા'**
(શ્રી વીરચંદ રાઘવજી ગાંધીનું ચરિત્ર)
વીરચંદ ગાંધી લિખિત નિબંધો તથા વ્યાખ્યાનો
લેખક : **કુમારપાળ દેસાઈ**
પ્રકાશક : વર્લ્ડ જૈન કોન્ફેડરેશન,
પ્રાપ્તિસ્થાન : વર્લ્ડ જૈન કૉન્ફેડ્રેશન, મહેતા બિલ્ડીંગ, ૧લે માળે, રૂમ નં. ૭, ૪૭, નગીનદાસ માસ્તર રોડ, ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૨૩.
ફોન : ૦૨૨-૨૨૬૩૨૨૨૦
મૂલ્ય : રૂા. ૧૦૦/-, પાના ૧૩૬, આવૃત્તિ પ્રથમ, ૨૦૦૯.

આજથી એકસો સોળ વર્ષ પૂર્વે અમેરિકામાં વિશ્વ ધર્મ પરિષદ શિકાગોમાં યોજાઈ હતી. આ ધર્મ પરિષદમાં ૨૯ વર્ષના યુવાન વીરચંદ રાઘવજી ગાંધી જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે હાજરી આપી પોતાની વિદ્વતા અને વાગ્ધારા વડે તેમણે સહુને સ્તબ્ધ કરી દીધા. તેઓએ અનેક વિષયો પર આગવી છટા, ઊંડો અભ્યાસ અને વિશિષ્ટ ચિંતન શક્તિ અલ્પ આયુષ્યમાં પ્રાપ્ત કર્યા હતાં. કુમારપાળ દેસાઈનું આવી વ્યક્તિનું ચરિત્ર લખવાનું સ્વપ્ન હતું અને તે પુસ્તક દ્વારા સાકાર થયું છે.

જૈન ધર્મના જ્યોતિર્ધર અને ભારતીય સંસ્કૃતિના ઉદ્‌ગાતા એવા વીરચંદ રાઘવજીનું વ્યક્તિત્વ એક સિદ્ધહસ્ત લેખકની કલમે લખાયું છે. તેમના વ્યક્તિત્વની નવી નવી ક્ષિતિજો લેખકની સંશોધન વૃત્તિ અને અભ્યાસ દ્વારા ખુલી થઈ છે.

પ્રવાહી, પ્રમાણભૂત અને છટાદાર શૈલીમાં લખાયેલ 'ભારતીય સંસ્કૃતિનો આત્મા' નામનું વીરચંદ રાઘવજી ગાંધીનું આ ચરિત્ર તેમના વ્યક્તિત્વના અનેક મૌલિક અને નવીન પાસાઓનું નિરૂપણ કરે છે. તે ઉપરાંત આ પુસ્તકમાં ઈ. સ. ૧૮૮૬માં પ્રકાશિત થયેલ વીરચંદ રાઘવજીનો ગુજરાતીમાં લખેલ 'રડવા-કુટવાની હાનિકારક ચાલ' નિબંધ પ્રકાશિત કર્યો છે. પરિશિષ્ટોમાંથી વીરચંદ ગાંધી વિશેની મૂલ્યવાન સામગ્રી પ્રાપ્તિ થાય છે.

પ્રથમ વાર આવો સર્વગ્રાહી ગ્રંથ પ્રકટ થયો છે જે અત્યંત આવકાર્ય છે.

XXX

પુસ્તકનું નામ : The Yoga Philosophy
(શ્રી વીરચંદ રાઘવજી નિબંધો તથા વ્યાખ્યાનો)
વીરચંદ ગાંધી લિખિત નિબંધો તથા વ્યાખ્યાનો
લેખક : **કુમારપાળ દેસાઈ**
પ્રકાશક : વર્લ્ડ જૈન કોન્ફેડરેશન,
પ્રાપ્તિસ્થાન : વર્લ્ડ જૈન કૉન્ફેડરેશન, મહેતા બિલ્ડીંગ, ૧લે માળે, રૂમ નં. ૭, ૪૭, નગીનદાસ માસ્તર રોડ, ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૨૩.
ફોન : ૦૨૨-૨૨૬૩૨૨૨૦
મૂલ્ય : રૂા. ૧૫૦/-, પાના ૨૦૬, આવૃત્તિ ત્રીજી, ૨૦૦૮.

વીરચંદ ગાંધીએ ઓરિયેન્ટ ફિલોસોફીના ઉપક્રમે વ્યાખ્યાનો આપેલા હતા. 'ધ યોગ ફિલોસોફી' એ વીરચંદ ગાંધીનું ભારતના તત્ત્વજ્ઞાન, પ્રાચીન સંસ્કૃતિ અને આધ્યાત્મિક પરંપરામાં એક વિશિષ્ટ પ્રદાન છે. ઈ. સ. ૧૮૯૩માં ચિકાગોમાં વિશ્વધર્મ પરિષદમાં જૈન ધર્મ વિશે એમાંય ખાસ કરીને અનેકાન્ત વિશે વ્યાખ્યાન આપી બધાંને જૈન ધર્મથી પરિચિત કર્યા હતા. આ પુસ્તકમાં 'યોગ', 'હિપ્નોટિઝમ', 'શ્વાસોશ્વાસનું વિજ્ઞાન' તથા 'ધ્યાનની શક્તિ' જેવા વિષયોને આવકાર્યા છે અને તે દ્વારા આવા ગંભીર વિષયો પર સુંદર પ્રકાશ પાડ્યો છે.

અંગ્રેજી ભાષામાં તૈયાર કરેલ આ પુસ્તકમાં તેમના મહુવાના રહેઠાણ, તેમણે પ્રાપ્ત કરેલ વિવિધ મેડલ્સ, તેમને મળેલ માનપત્ર, તેમની સ્મૃતિમાં ભારત સરકારે પ્રકાશિત કરેલ સ્ટેમ્પ્સ (ટપાલ ટિકિટ) વગેરેના ફોટાઓ પુસ્તકને સુંદર તથા દર્શનીય બનાવે છે.

અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ લેનાર યુવાવર્ગને વાંચવા, વિચારવા તથા વસાવવા અને પ્રેરણા આપતું આ પુસ્તક છે. ✷✷✷

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૬૩. ફોન નં. : (022) 22923754

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month • Regd.No.MH/ MR/SOUTH-146/2009-11



# પંથે પંથે પાથેય...

## હે રામ !

❑ કન્ધી દવે

'એ બાઈ થામા, અ..ગ...એ બાઈ થામા કિ...' અને કર્કશ સ્વરે બોલતો પેલો માણસ મારા તરફ દોડ્યો. ખિસ્સામાંથી એક ધારદાર ચપ્પુ કાઢી ને હતું તેટલું જોર કરી હાથ ઊંચો કરી ઉગામ્યું. બરાબર એ જ ટાણે વાકોલા બ્રીજના છેડે નાનકડી હૉટલ ચલાવતો ભીખો દોડ્યો. 'એ કાય કરતોસ અક્કા ?' કહેતાં ભીખાએ ઉગામેલો હાથ નીચો કરી નાખ્યો. પેલાને હાથ પકડીને પોતાની હૉટલમાં લઈ ગયો.

મને હવે હોશ આવ્યા. શું થઈ ગયું એની કળ વળતી નહોતી. ગવર્નમેન્ટ કૉલોનીથી વાકોલા બ્રીજ ઉતરી ડાબે હાથે આવેલી 'પ્રગતિ સમાજ શાળા' જતી હતી ને આ બનાવ બન્યો. આ જે બન્યું તેમાં શાળા સંચાલકોના ઉગ્ર મતભેદનો હું શિકાર બની હતી. પણ પછી જાણે કંઈ જ બન્યું નથી એમ મનને મનાવી શાળામાં પ્રવેશ કર્યો.

ભીખાનો ચમત્કાર કેમ થયો તે પણ ખરેખર સ્વાભાવિક જ હતું. રોજ બે પાળીમાં ચાલતી હિન્દી-ગુજરાતી પ્રાથમિક શાળાની બન્ને રિસેસમાં ભીખો આખા સ્ટાફ માટે ચા-કોફી-નાસ્તો પૂરો પાડતો. વળી કોઈ ગરીબ પરિવારના બાળકો માટે ફી માફીની અરજ પણ કરતો. મારી સાથે તો એ નીચું જોઈ લગભગ હાથ જોડેલી મુદ્રામાં ઊભો રહેતો. મારું સ્થાન હિન્દી-ગુજરાતી બન્ને વિભાગની મુખ્ય શિક્ષિકાનું હતું. એનું માન એ કાયમ જાળવતો. જ્યારે એણે પેલા આક્કાનો હાથ નીચે વાળ્યો ત્યારે તેણે એટલું જ કહ્યું હતું: 'વેડા ઝાલો કાય, તુલા કાય સમઝ નાહી. તી માસ્ટરની દેવી આહે દેવી.'–જો કે મારે આ કંઈ સાંભળવું નહોતું. હું જે કંઈ કરતી હતી તેમાં પ્રભુને સાક્ષી રાખી ગરીબ વાલીઓ પ્રત્યે દયા રાખતી.

આ બનાવનો અણસાર મને આગલી સાંજે આવી ગયો હતો. શાળાના કામવાળી મણિબેન મુખ્ય કબાટોની ચાવીઓ રોજ મને આપી જતા. ઓરડા બંધ-ઉઘાડ કરવાનું કામ 'પાટક ટેકનિકલ હાઈસ્કૂલ'ના પટ્ટાવાળા અચ્યુતનું હતું. મણિબેન મને કહે, 'બેન, કાલે એક ગુંડો તમને મારવા આવવાનો છે, સંભાળજો.' મારા સાસુ ત્યાં જ બેઠા હતા, તેમણે કહ્યું, 'મણિબેન તમને કેવી રીતે ખબર પડી ?' પણ ગલ્લા-તલ્લા કરી જવાબ ન આપ્યો. તેમને એમ હતું કે બેનને ચેતવી દઈશ એટલે બેન તેમના ઘરવાળા અને આજુબાજુના મરાઠી મર્દોને લઈને આવશે.

રાત્રે મેં મારા પતિને વાત કરી, પણ મારા સાસુના એકના એક પુત્ર એટલે બા કહે તેમજ કરવાનું. બાને હતું આવી રીતે દીકરો જાય ને ના થવાનું કંઈ થાય તો ? વહુનું તો જાણે સમજ્યા !

સવારે ઉઠી રસોઈ-પૂજા નિયમિત કરી ૭-૩૦ વાગે શાળાએ જવા નીકળી. બાને નીકળતી વખતે દયામણા અવાજે કહ્યું, 'મારી મીનુ ને જયનું ધ્યાન રાખજો.' બન્ને બાળકો સૂતાં હતાં. ખૂબ વ્હાલ કરી પતિ સામે અછડતી નજરે જોઈ હું ઘરની બહાર નીકળી ગઈ. ચાલતી પુલ પર આવીને આ ભયનાક બનાવ બન્યો. રોજ ૮-૦૦ પછી હૉટલે આવતો ભીખો આજે વહેલો કેમ આવી ગયો ? શું તેણે મારી રક્ષા કાજે હનુમાન બનવાનું હતું ? ખેર, પણ મારો આબાદ બચાવ થયો.

આ મણિબેનને પણ મારા પ્રત્યે ભાવ કંઈ અકારણ નહોતો થયો. તે ગરીબ નિરાધાર બ્રાહ્મણ વિધવાને સંતાનમાં નાની દીકરી. કમાણી કાંઈ નહીં. મારી પાસે શાળામાં આવ્યા ત્યારે શબ્દો કરતાં તેના નિ:સાસા વધારે સંભળાયા. મેં શાળાની ચારે તરફ વિસ્તરેલા બંગલા-કૉલોનીઓમાંથી આવતા બાળકોને તેડી-મૂકી જવાનું કામ કરવા સૂચવ્યું. ખૂબ રાજી થઈ ગયા. જોત-જોતામાં એમને ઘણાં નાનાં-નાનાં ભૂલકાંઓ લાવવા-મૂકવા જવાનું કામ મળી ગયું. થોડું શાળાનું કામ પણ સોંપ્યું. વળી સંચાલકોને વારંવાર કહીને તેમનો પગાર વધારો પણ હમણાં જ કરાવી આપ્યો. વાલીઓને થોડાં વધારે પૈસા આપવા સમજાવ્યા. જેથી મણિબેનની જીંદગીનો મુખ્ય સવાલ પૂરો થયો. ઘણીવાર સાંજે મારે ત્યાં ચાવીઓ આપવા આવે ત્યારે કોઈ નાનું-મોટું કામ કરવા ઈચ્છા કરે, પણ મને એ ન ગમે. મેં તો પહેલેથી જ શાળા-ઘરનું અંતર રાખી દીધું હતું.

સમય ક્યાં કોઈની રાહ જુએ છે ? એક વર્ષ આ વાતને પૂરું થયું. સાતમા ધોરણનો અશોક બે દિવસ ના આવ્યો. પૂછતાં ખબર પડી કે તેની બા સુવાવડમાં ગુજરી ગયા છે. મેં હિન્દી વિભાગના સ્ટાફને સાથે લઈ તેને ત્યાં જવાનું નક્કી કર્યું. શાળાની પાછળ ઝુંપડપટ્ટી. જાણીતા છોકરાને સાથે લઈ અશોકને ઘેર પહોંચ્યા. અશોકના દાદીમા આગળ બેઠા હતા. અમે સૌ નીચે બેઠાં. અશોક દોડી મારી પાસે પગે લાગી બેસી રડવા માંડ્યો. મેં તેને પ્રેમથી પંપાળ્યો. વાંસામાં ધીમે ધીમે હાથ ફેરવ્યો. તેના આંસુ મારા રૂમાલથી લૂંછ્યાં. અશોક દાદીમાને કહે, 'અમ્માજી, મને નોટ, પેન્સિલ, પુસ્તકો બધું માસ્ટરનીજી આપે છે. મારી ફી પણ માફ કરાવી દીધી છે. ત્યાં તો અંદરનાં ઓરડામાંથી તેના પપ્પા આવ્યા, કહેવા લાગ્યા, 'અમને માસ્ટરની નહીં મદદગાર મળ્યા છે. મારો અશોક દિન-રાત તમારી જ વાતો કરે છે.' આ શું ? આ તો પેલો અક્કા ? પૂલને છેડે ઊભેલો ક્રૂર અક્કા ? મારી મદદ, સહાનુભૂતિ અને અશોક તરફનો પ્રેમ જાણે પીડાઈ રહ્યો હતો. 'માલા માફ કરા, માસ્તરનીજી' બોલ્યો હતો અક્કા. સ્ટાફ સાંભળતો હતો, સમજતો ન હતો. હું સમજતી હતી, સાંભળી શકતી નહોતી. એની આંખોમાં આંસુ પસ્તાવાના પરિચાયક હતા. મારાથી બોલાઈ ગયું: હે રામ !

ગાંધીનગર

✱ ✱ ✱

---

न श्रद्धयैव त्वयि पक्षपातो, न द्वेषमातादरुचि: परेषु ।
यथावदाप्तत्व परीक्षया तु; त्वामेव वीरप्रभुमाश्रिता: स्म: ।।

**–અયોગ્યવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા, ૩૧**

શ્રદ્ધાને કારણે તમારા તરફ હું પક્ષપાત ધરાવતો નથી. દ્વેષને કારણે બીજાંઓ પ્રત્યે અરુચિ દાખવતો નથી, મેં તો આપ્તવની પરીક્ષા કરી છે એના આધારે જ મારા પ્રભુ મહાવીર ! હું તમારા શરણમાં આવ્યો છું.

---

Printed & Published by Niroobahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.